

શુભ ગણેશ ચતુર્થી



નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# સાપ્તાહિક ગુજરાત વંદન



ગુરુવાર 01 સપ્ટેમ્બર 2022 | ભાદરવા સુદ- 05, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 250 | વર્ષ : 06 | અંક : 17 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


## અટલ બ્રિજનો અટલ સંદેશો - મફતમાં તો નહીં જ મળે..જાવ થાય તે કરી લો..!

સાબરમતી નદી ઉપર નવો નવો અટલ ફૂટબ્રિજ બન્યો છે. અમદાવાદના નાગરિકોના ટેક્સના નાણાંમાંથી આ બ્રિજ બન્યો છે અને બન્યા બાદ શાસકપક્ષ ભાજપે બ્રિજ પર હરવા-ફરવા, ટહેલવા 30 રૂપિયાની તગડી ફી રાખી છે. જેનો વિરોધ થઈ રહ્યો છે. અને શહેરીજનોમાં એક એવી લાગણી જોવા મળી રહી છે - ભાજપ અમને સાફ-સાફ સંદેશો આપવા માંગે છે : બંદૂક ભી તેરી..ગોલી ભી તેરી ઔર તુઝ પર હી ચલેગી ફી કી ગોલી...! કેમ કે અમે કેજરીવાલની જેમ તમને કાંઈપણ...યસ, કાંઈપણ સેવા ફ્રીમાં એટલે કે મફત- આપવા માંગતા નથી.

અનુસંધાન પેજ નં. 6 પર

## બંગાળ સરકાર- કેન્દ્ર સરકાર વચ્ચેના બગડેલા રાજકીય સંબંધો ચરસસીમાએ - દિલ્હીમાં હલચલ

# મમતા બની રણચંડી : સીબીઆઈ-ઈડી- BSF સામે કાર્યવાહી કરવા આપી ધમકી!

### ઈડીએ 8 IPS અને પોતાના ભત્રીજા-વહુને સમન્સ આપતા દીદી વિફરી- છોડુંગી નહી....

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીઓ પુરી થઈ ગઈ છે ભાજપ અને મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીનો વચ્ચે ચૂંટણી જંગ પરિણામ બાદ પૂર્ણ થઈ જવો જોઈતો હતો અને સામાન્ય રીતે એવું બને પણ છે પરંતુ ચૂંટણી જંગ બાદ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપ- કેન્દ્ર સરકાર વચ્ચે એક નવા પ્રકારનો કાનૂની જંગ આરંભાયો છે જેમાં એક નવો વળાંક એ આવ્યો છે કે, વિફરેલી મુખ્યમંત્રી મમતી દીદીએ જાહેર મંચ પરથી કેન્દ્ર સરકારને પડકારતા કહ્યું છે જો તમે અમારી સરકારને હેરાન પરેશાન કરશો તો અમે સીબાઆઈ-ઈડી અને બીએસએફ સામે વળતી કાર્યવાહી કરીશું કેમ કે, બંગાળમાં આ ત્રણ પ્રાઈમ એજન્સીઓ સામે વિવિધ પોલીસ ફરિયાદો નોંધાયેલી છે. છેલ્લા એક કેસમાં બીએસએફના બે જવાનો સામે સરહદી વિસ્તારમાં એક મહિલા પર દુષ્કર્મ અંગેની પોલીસ ફરિયાદ થઈ છે.

મુખ્યમંત્રી મમતી દીદીએ કોલકાતા ખાતે આયોજિત તેમના પક્ષની એક રેલીને કેન્દ્ર સરકારને પડકારવાના મંચમાં પરિવર્તિત કરી નાખ્યુ હોય તેમ કેન્દ્ર સરકારને ઉદ્દેશીને કહ્યું કે, તેઓ જાણે છે



કે તેમની પણ ગમે ત્યારે ધરપકડ થશે. પરંતુ હું કેન્દ્રથી ડરનારી નથી. મને જેલમાં નાખસો તો પણ હું જેલમાં રહીને 2024ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પરાસ્ત કરીશ અને આ મારી રાજકીય પ્રતિક્ષા છે કે, 2024 ભાજપની છેલ્લી ચૂંટણી બની રહે તે માટે તેઓ એડીચોટીનું રાજકીય જોર લાગવશે.

1900 કરોડના કથિત કોલસા કૌભાંડમાં ટીએમસીના આગેવાન અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જી તથા તેમની પત્નીને હાજર થવા સમન્સ પાઠવ્યું છે. આ ઉપરાંત ઈડીએ બંગાળના આઠ આઈપીએસને પણ તેમની સમક્ષ હાજર થવા ફરમાન કર્યું છે.

આ સંદર્ભનો ઉલ્લેખ કરીને તેમણે કેન્દ્રને પડકારતા કહ્યું કે, જો તમે અમારી સરકાર, અમારા ઉચ્ચ અધિકારીઓ અને પક્ષના પદાધિકારીઓને વારેઘડીએ 'દિલ્હી હાજર થાવ'ની બદલાની નીતિ અપનાવશો તો યાદ રહે કે બંગાળમાં સીબીઆઈ-ઈડી અને બીએસએફની સામે પણ પોલીસ કેસો ગંભીર ગુનાના નોંધાયેલા છે. તમે અમને પરેશાન કરશો તો અમે પણ સીબીઆઈ-ઈડી અને બીએસએફ સામે એ રીતે જ બદલાની ભાવનાથી (જેવા સાથે તેવા) કાર્યવાહી કરતા અચકાઈ શું નહીં. મમતા દીદીએ રેલીમાં ઉપસ્થિત અભિષેકને ઉદેશીને કહ્યું કે, ઈડી અને

...અનુસંધાન પેજ નં. 6 પર


Open a Free Demat A/c* with mastertrust

વિકલી ક્લોઝીંગ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 59,537.07 | 17,759.30 |

ટોપ ગેનર્સ

| | |
|---|---|
| તાતા ટેલિ. | 90.40 |
| એપટેક | 230.15 |
| ડોલર ઇન્ડ. | 434.35 |

ટોપ લુઝર્સ

| | |
|---|---|
| ધાની સર્વિસ | 68.30 |
| આસ્ટ્રા માઈક્રોવેવ | 366.30 |
| IDBI બેન્ક | 45.10 |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 52,765 | 53,600 |






## અમેરિકન સેનાએ તમામ ચિનૂક હેલિકોપ્ટરની ઉડાન પર મૂક્યો પ્રતિબંધ

ગુજરાત | વંદન

યુએસ સેનાએ તેના તમામ ચિનૂક હેલિકોપ્ટરની ઉડાન પર પ્રતિબંધ મૂક્યો છે. વિગતો મુજબ ચિનૂક હેલિકોપ્ટરના એન્જિનમાં આગ લાગવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ તરફ આપણા દેશમાં વાયુસેના હજુ પણ ભારતમાં આ CH-47 હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહી છે. વાયુસેનાએ અમેરિકાના પ્રતિબંધોને લઈને વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. અમેરિકી વાયુસેનાના નિર્ણય બાદ ભારતીય અધિકારીઓએ કહ્યું કે, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. યુએસ આર્મીના મટિરિયલ કમાન્ડે 70 થી વધુ હેલિકોપ્ટરનું નિરીક્ષણ કરીને તેના કાફલાની ઉડાન રોકવાનો નિર્ણય લીધો છે. સમગ્ર મામલે સેનાના અધિકારીઓએ જણાવ્યું કે, આ હેલિકોપ્ટરના એન્જિનમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ઘટનાઓમાં કોઈને ઈજા કે મૃત્યુ થયું નથી. આ હેલિકોપ્ટરનો ઉપયોગ સામાન્ય રીતે લશ્કરી સાધનોના પરિવહન

...અનુસંધાન પેજ નં. 6 પર

### ભક્તોમાં અનેરો ઉત્સાહ, હર્ષોલ્લાસ

## ગણપતિ બાપ્પા મોરિયા! PM મોદીએ દેશવાસીઓને પાઠવી શુભેચ્છા...



આજે દેશભરમાં ગણેશ ચતુર્થીની ધૂમધામથી ઉજવણી કરવામાં આવી રહી છે. લોકો પોતાના ઘરમાં વાજતે ગાજતે ગણપતિ બાપ્પાની સ્થાપના, પૂજા કરવામાં આવી રહી છે. ગણેશ ચતુર્થીના અવસર પર મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરમાં પ્રથમ આરતી કરવામાં આવી હતી. આ દરમિયાન મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. ગણપતિના દર્શન માટે સવારથી જ લોકો કતારોમાં ઉભા રહ્યા હતા. જે બાદ સૌએ આરતીમાં ભાગ લીધો અને બાપ્પાના દર્શન કર્યા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ગણેશ ઉત્સવની શુભેચ્છા પાઠવી છે. ગણેશ ચતુર્થીની

...અનુસંધાન પેજ નં. 6 પર





## ન્યૂઝ બ્રિફ

### દાહોદમાં અઢી વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યા કેસમાં નરાધમને ફાંસીની સજા



દાહોદમાં અઢી વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યા કેસમાં દોષિત કાકાને લીમખેડાની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને ફાંસીની સજા ફટકારતા દાખલારૂપ કાર્યવાહી હાથ ધરી છે. વર્ષ 2018માં રણધીકપુર પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાઈ હતી.

### ભાજપના સાંસદોએ LG ને લખ્યો પત્ર, ફોરેન્સિક તપાસ કરો..

## 'આપ'ના 'ઓપરેશન લોટસ'વાળા આરોપની તપાસ થાય, કેજરીવાલ પાસેથી માગી ગેરેન્ટી

ગુજરાત | વંદન



દિલ્હીના તમામ સાતેય ભાજપ સાંસદોએ ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાને પત્ર લખીને આમ આદમી પાર્ટી તરફથી લગાવામાં આવેલા આરોપોની તપાસની માગ કરી છે. સાંસદ મનોજ તિવારીએ જણાવ્યું છે કે, દિલ્હીમાં લોકતંત્રના મૂળિયાને ગંભીર રીતે ખરાબ

...અનુસંધાન પેજ નં. 6 પર

### આપના ધારાસભ્યોના લાઈ ડિટેક્ટર ટેસ્ટ થવા જોઇએ : મનોજ તિવારી

સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે, આમ આદમી પાર્ટીના જે જે ધારાસભ્યોને ભાજપ તરફથી કોલ ગયા, તે તમામના ફોનની તપાસ થાય. તેમણે સવાલ કર્યો કે, મનીષ સિસોદીયાનો ફોન જ્યારે સીબીઆઈએ જપ્ત કર્યો હતો, તો પર્સનલી તેમને ભાજપ તરફથી કેવી રીતે ફોન આવ્યો ? તો વળી ભાજપ સાંસદ પરવેશ વર્માએ કહ્યું કે, ભાજપ દ્વારા 20 કરોડ રૂપિયાની ઓફર કરવાના દાવા કરનારા આપના ધારાસભ્યોના લાઈ ડિટેક્ટર ટેસ્ટ કરવા જોઈએ.

### વાંકી નજરે...





### નેતાઓ હાજર ન થતા કોર્ટે કડક વલણ અપનાવ્યું

## પંજાબના બે મંત્રીઓ અને વિધાનસભા સ્પીકર સામે બિનજામીનપાત્ર વોરંટ: ખળભળાટ મચ્યો

ગુજરાત | વંદન



પંજાબની એક કોર્ટે મંગળવારે વિધાનસભાના સ્પિકર અને આમ આદમી પાર્ટીના નેતા કુલતાર સિંહ સંધવાન, બે કેબિનટ મંત્રી ગુરમીત સિંહ મીત હેયર અને લાલજીત સિંહ ભુલ્લર સહિત નવ લોકો વિરુદ્ધ બિનજામીન વોરંટ જાહેર કર્યું છે. અમૃતસર અને તરનતારનમાં ઓગસ્ટ 2020માં ધરણા દરમિયાન આ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. મંગળવારે આ મામલાને લઈને કોર્ટમાં તેઓ હાજર થયા નહોતા, જે બાદ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. હકીકતમાં જોઈએ તો, ઓગસ્ટ 2020માં અમૃતસર અને તરનતારનના સરહદી જિલ્લામાં ઝેરી દારુના કારણે કેટલાય લોકોના મોત થઈ ગયા છે.

...અનુસંધાન પેજ નં. 6 પર

### આટલો સમય વિતી ગયા પછી સુનાવણીનો કોઈ અર્થ નથી: સુપ્રીમકોર્ટે

# 2002ના ગુજરાત રમખાણ સાથે જોડાયેલા તમામ કેસ બંધ

ગુજરાત | વંદન

સુપ્રીમકોર્ટે 2002માં ગુજરાત તોફાનો સાથે જોડાયેલા તમામ કેસ બંધ કરવાનો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટીસ યૂયૂ લલિતની બેન્ચે મંગળવારે કહ્યું કે આટલો સમય વીતી ગયા પછી હવે સુનાવણીનો કોઈ અર્થ નથી. ગુજરાતનાં તોફાનો સાથે જોડાયેલી અરજી સુપ્રીમમાં દાખલ થઈ હતી. કોર્ટે કહ્યું કે ગુજરાતના તોફાનો સાથે જોડાયેલા 9માંથી 8 કેસમાં નીચલી અદાલત ચૂકાદો સંભળાવી ચૂકી છે. નરોડા ગામ સાથે જોડાયેલા કેસની



સુનાવણી હજુ ચાલી રહી છે. આવી સ્થિતિમાં આની સાથે જોડાયેલા કોઈપણ કેસમાં સુનાવણીની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે 24 જૂનના રોજ ઝાકિયા જાફરી તરફથી PM મોદી સામે કરાયેલી અરજીને ફગાવી દીધી હતી. આ અરજી 2002 ગુજરાત રમખાણમાં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ક્લીનચિટ આપનાર SIT સામે દાખલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે ચૂકાદો સંભળાવતા કહ્યું હતું કે ઝાકિયાની અરજીમાં મેરિટ નથી.

ગુજરાતમાં 27 ફેબ્રુઆરી 2002ના રોજ ગોધરાકાંડ બાદ ગુજરાતમાં કોમી તોફાનો ફાટી નિકળ્યા હતા. ઉપદ્રવીઓએ અમદાવાદ સ્થિત લઘુમતી સમુદાયની વસ્તીવાળી ગુલબર્ગ સોસાયટીને નિશાન બનાવી હતી. જેમા ઝાકિયા જાફરીના પતિ અને કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરી સહિત 69 લોકો માર્યા હતા હતા. તેમાથી 38 લોકોના મૃતદેહો મળ્યા હતા.

### રિપેરિંગ, રિસર્ફેસિંગ અને માર્ગ નિર્માણના કામો શરૂ કરવા સુચન

# નવરાત્રી સુધીમાં રસ્તાઓની કામગીરી પૂર્ણ કરવા CM ભુપેન્દ્ર પટેલનો આદેશ



ગુજરાત | વંદન

ગુજરાત ચોમાસા બાદ રોડ રસ્તા બાબતે તંત્રની કામગીરી ગોકળ ગતિએ ચાલી રહી છે. શહેર હોય કે ગામડા રસ્તા પર ખાડાનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે આજે મળેલી માર્ગ મરામત અંગેની ઉચ્ચસ્તરીય બેઠકમાં CM ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ખરાબ રોડ રસ્તાને લઈ મોટા આદેશ આપી દીધા છે.

રાજ્યમાં રોડ રસ્તાની હાલત મામલે CM ભૂપેન્દ્ર પટેલે રસ્તાના તાત્કાલિક સમારકામ માટે અધિકારીઓને આદેશ કર્યા છે. રિપેરિંગ, રિસર્ફેસિંગ અને માર્ગ નિર્માણના કામો યુદ્ધના ધોરણે શરૂ કરવા સુચન કરવામાં આવ્યું છે. સપ્ટેમ્બરની શરૂઆતથી કામગીરી શરૂ કરવા આદેશ પારિત કરવામાં આવ્યો છે. આ કામ માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને ડેડલાઈન પણ જાહેર કરી છે. નવરાત્રી સુધી તમામ રસ્તાઓની કામગીરી પૂરી કરો તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

ગુજરાતના મહાનગરોમાં તંત્રની વધુ એક બેદરકારી જોવા મળી છે. વરસાદ બાદ રસ્તા પર ખાડાની સમસ્યા દુર કરવા માટે તંત્રએ કામ ચલાવ ઉપાયો કર્યા હતા. જેના પરિણામે હાલ ઠેર ઠેર રસ્તા પર ધૂળ ઉડવાની સમસ્યા જોવા મળી રહી છે. ગુજરાતના અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત શહેરમાં ધૂળ ઉડવાની સમસ્યા જોવા મળી છે. આ ધૂળ ઉડવાથી વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સાથે સાથે ધૂળને કારણે લોકો સ્વાસ્થને પણ નુકસાન થવાનો ભય છે. ત્યારે જનતાનો મોટો પ્રશ્નએ છે કે તંત્રની ભૂલ છૂપાવામાટે જનતાની સ્વસ્થ્ય સાથે કેમ ચેડા કરવામાં આવે છે?

### આપની ગેરન્ટીના પ્રભાવ સામે ભાજપના નેતાઓની ઢીલાશથી PM મોદી નારાજ થયા

# કમલમ્ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંગઠનને ચૂંટણીલક્ષી આપ્યું માર્ગદર્શન

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પડઘમ ગાજી રહ્યા છે. ગુજરાત સર કરવા માટે આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલ ગુજરાતની ઉપરા ઉપરી મુલાકાતો લઈને ગેરંટીના રૂમાં વચનોની લ્હાણી કરી રહ્યા છે. અને તેણે મળી રહેલા પ્રતિભાવની નોંધ ભાજપના હાઈકમાન્ડે પણ લીધી હોય તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની હાલની મુલાકાત વખતે પક્ષ કાર્યાલાય કમલમ્ ખાતે બેઠક યોજીને કેજરીવાલનો પ્રભાવ કઈ રીતે ઓછો કરી શકાય તે સંબંધિત માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીને રાજકીય બાબત કે ચૂંટણીને લઈને પાર્ટીના નેતાઓ સાથે બેઠક કરવી પડી હોય તેવું પહેલીવાર બન્યું. ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા વડાપ્રધાને અચાનક જ કમલમ પર બે કલાક જેટલો સમય કોર કમિટીના સભ્યો સાથે બેઠક કરી હતી.

ભાજપના સૂત્રો જણાવે છે કે વડાપ્રધાને તમામને કડક શબ્દોમાં કહ્યું છે કે ત્રણ મહિનાના ગાળામાં સારામાં સારું પરિણામ લાવી આપવાનું છે. કોર કમિટીના સભ્યોએ મોદીએ લખાવેલાં તમામ મુદ્દાઓ પોતાની નોંધપોથીમાં ટપકાવી રાખ્યાં હતાં. મૂળ કેન્દ્ર અને રાજ્ય સરકારની કામગીરીની સામે આમ આદમી પાર્ટીની ગેરન્ટીના વધતાં પ્રભાવની સામે ગુજરાતમાં ભાજપના નેતાઓ જનતા સમક્ષ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના અંગે ખાસ પ્રસાર કરી રહ્યા નથી તે અંગે મોદીએ ભારોભાર નારાજગી દર્શાવી હતી. આ બેઠક બાદ અહીં કરાયેલી ભોજનની વ્યવસ્થા છતાં મોદીએ ભાજપના નેતાઓ સાથે ભોજન લેવાનું ટાળ્યું હતું.

### સંગઠન મહામંત્રી રત્નાકર સાથે અલગથી મુલાકાત કરી



સૌના આશ્ચર્ય વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરની સાથે અલગથી બેઠક કરી હતી. રત્નાકર ભાજપના સંગઠન અને સંઘની વચ્ચે સંકલન રાખવાની ભૂમિકા ભજવતા હોવાથી તેમની સાથે મોદીએ આ અંગેની ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે. સરકાર અને ભાજપ અંગે સંઘનો મત મોદીએ રત્નાકર પાસેથી જાણ્યો હતો.

### ભાજપના નેતા સાથે બે કલાકનું મંથન

કમલમ્ પર કોર કમિટીના સભ્યો સાથે બેઠક કરવા માટે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓએ સ્વાગત કર્યું હતું. અહીં મોદીને ભાજપ દ્વારા તૈયાર કરાયેલી કેસરી ટોપી પહેરાવવામાં આવી હતી. મોદીએ આ ટોપી બેઠક ચાલી ત્યાંથી લઈને તેમણે દિલ્હી જવા માટે પ્રસ્થાન કર્યું ત્યાં સુધી પહેરી રાખી હતી. કમલમ્ પર મોદીએ પાર્ટીના વરિષ્ઠ નેતા અને કોર કમિટીના સભ્ય એવા વિજય રૂપાણી અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે ઔપચારિક શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

### 'ફૂલની સુંદરતા'



ફૂલ, કુસુમ, પુષ્પ આ બધાં ફૂલોનાં જ નામ છે. સવાર સવારમાં તાજુ ખીલેલું પુષ્પ જોઈને આપણને આખા દિવસની ઉર્જા મળી જતી હોય છે. પ્રભુને પણ પુષ્પો બહું વ્હાલા છે. તેથી જ તો ભગવાનની પૂજામાં પુષ્પ ચઢાવવામાં આવે છે. ફૂલની કોમળતા અને સુગંધ પર અનેક કવિઓએ ઢગલાંબંધ કવિતાઓ અને શાયરીઓ લખી છે.

અહીં તાજું ખીલેલું દેશી ગુલાબનું ફૂલ તસ્વીરકારના બગીચાનું જ છે. ગુલાબના ફૂલની અનેક પ્રજાતિ આવે છે. તેમાં અનેક કલર પણ આવે છે. પરંતુ સૌથી સુંદર અને ગુણકારી આ દેશી ગુલાબનું ફૂલ છે. ઈંગ્લિશ ગુલાબનાં ફૂલ મોટાં જરૂર હોય છે. પરંતુ તેમાં સુગંધ આવતી નથી જ્યારે આ દેશી ગુલાબના ફૂલથી આપણું આખું આંગણું સુગંધિત થઈ જાય છે. અને આ દેશી ગુલાબને ફૂલો પણ પુષ્કળ લાગે છે. સવાદિષ્ટ અને ઠંડક આપતું ગુલકંદ પણ આ દેશી ગુલાબની પાંદડીઓમાંથી જ બને છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

પાગલ છે જમાનો ફૂલોનો, દુનિયા છે દીવાની ફૂલોની
ઉપવનને કહી દો ખેર નથી! વિફરી છે જવાની ફૂલોની.
તું શૂન્ય કવિને શું જાણે, એ રૂપનો કેવો પાગલ છે,
રાખે છે હૃદય પર કોરીને, રંગીન નિશાની ફૂલોની.
- શૂન્ય પાલનપુરી


(ફોટો સ્ટોરી: અશોકસિંહ એ. ટાંક)

### 'આપ' પર પલટવાર | મારી સાથે થયેલા અકસ્માત પર હલકી રાજનીતિ કરી - પૂર્વ નાયબ મુખ્યમંત્રી

# નીતિન પટેલનું નિવેદન: ઈંટનો જવાબ પથ્થરથી આપતા પણ આવડે છે

ગુજરાત | વંદન

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતા



કહ્યું કે, આપ પાર્ટી યુવાઓને ગુમરાહ કરે છે. તથા મારી સાથે થયેલા અકસ્માત પર હલકી રાજનીતિ કરી રહ્યાં છે. તેમજ મારા જૂના નિવેદનોને આમ આદમી પાર્ટી તોડી મરોડીને રજૂ કરે છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રખડતા ઢોરે અડફેટે લીધા હતા. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા વિવિધ નિવેદનો સામે આવ્યા હતા. તેથી હવે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નિવેદન આપ્યું છે કે મારા વિધાનસભામાં આપેલા નિવેદનને ખોટી રીતે રજૂ કરાયું છે. સરકારી નોકરીના નિવેદનને ખોટી રીતે રજૂ કર્યું છે. તથા સરકારી નોકરીમાં 2 લાખને રોજગારીની વાત કરી હતી. તેમજ અભ્યાસ કર્યા વગર મારા પર ટિપ્પણી ન કરતા.

તેમજ વધુમાં જણાવ્યું હતુ કે મોટા નેતા બનવાના ચક્કરમાં કેટલાક લોકો આવુ કરે છે. અમે તો જે બોલીએ છીએ એ કરી બતાવીએ છીએ. વિશ્વની મોટી મોટી કંપનીઓ ગુજરાતમાં આવી રહી છે. તથા ઈંટનો જવાબ પથ્થરથી આપતા મને સારી રીતે આવડે છે.

# ગાંધીનગર શહેરમાં 5 વર્ષમાં અકસ્માતમાં 189 લોકોનાં મોત

- વર્ષ 2018મા સૌથી વધુ 46 લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો

ગુજરાત | વંદન

રાજ્યના પાટનગરમાં માર્ગ અકસ્માતની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. વસ્તી અને વાહનોની સંખ્યા વધી રહી છે, તેમ તેમ અકસ્માતનુ પ્રમાણ વધી રહ્યુ છે. ત્યારે ગાંધીનગર શહેરના માત્ર 3 પોલીસ મથક વિસ્તારમાં 845 વાહન અકસ્માતના બનાવો સામે આવ્યા છે. જેમાં 189 લોકોએ માત્ર રોડ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે.

ગાંધીનગરના ખુલ્લા રસ્તા ઉપર વાહન ચાલકો બેફામ વાહન હંકારતા હોય છે. જેમાં રાત્રિના સમયે યુવાનો બાઈક લઈને સ્ટંટ કરતા જોવા મળતા હોય છે. તેવા સમયે ગાંધીનગર શહેરના સેક્ટર 7, સેક્ટર 21 અને ઈન્ફોસિટી પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા 5 વર્ષમા 845 રોડ ઉપર વાહન અકસ્માતના બનાવો સામે આવ્યા છે. જ્યારે 5 વર્ષ દરમિયાન 189 લોકો મોતને ભેટ્યા છે. તેવા સમયે વાહન ચાલકોએ સીટ બેલ્ટ અને ટુ વ્હીલર ચાલકોએ હેલ્મેટ પહેરવાનો આગ્રહ રાખવો જોઈએ.

વર્ષ 2017માં 239 અકસ્માત થયા હતા, જેમાં 42 મોત થયા હતા. જેમાં સેક્ટર 7 પોલીસ મથક વિસ્તારમાં 17, સેક્ટર 21માં 13 અને ઈન્ફોસિટીમાં 12, વર્ષ 2018માં 197 અકસ્માત, જેમાં 46 મોત, સેક્ટર 7 પોલીસ મથકમાં 17, સેક્ટર 21માં 11 અને ઈન્ફોસિટી વિસ્તારમાં 18, વર્ષ 2019માં 183 અકસ્માતમાં 41 મોત, જેમાં સેક્ટર 7 પોલીસ મથકમાં 13, સેક્ટર 21માં 9 અને ઈન્ફોસિટીમાં 19, વર્ષ 2020માં 111 અકસ્માતમાં 25 મોત, સેક્ટર 7 મથક વિસ્તારમાં 9, સેક્ટર 21માં 6 અને ઈન્ફોસિટી પોલીસ મથકમાં 10 મોત અને વર્ષ 2021માં 115 અકસ્માતમાં 35 મોત, જેમા સેક્ટર 7 વિસ્તારમાં 20 મોત, સેક્ટર 21માં 7 મોત અને ઈન્ફોસિટી પોલીસ મથક વિસ્તારમાં 8 મોત થયા હતા.

# ચાંદખેડામા રહેતી કિશોરીને ઈન્સ્ટાગ્રામ પર મિત્ર બનાવી બળાત્કાર કરનાર 2 આરોપીને 10 વર્ષની કેદ

ગુજરાત | વંદન

ચાંદખેડામા રહેતી 12 વર્ષની કિશોરી ઉપર 2 વર્ષમાં 2 યુવકો દ્વારા અલગ અલગ જગ્યાએ લઈ જઈને બળાત્કાર કરાય હતો. વર્ષ 2019મા એક યુવક અને વર્ષ 2020મા અન્ય એક યુવક ઈન્સ્ટાગ્રામ દ્વારા કિશોરીના સંપર્કમા આવ્યા હતા. ત્યારબાદ સગીરાને અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શારીરિક સબંધ બાંધ્યા હતા. જેને લઈને કિશોરીની માતાએ પોલીસ ફરિયાદ કરતા કેસ ગાંધીનગર પોક્સો કોર્ટમાં ચાલતા બંને દોષિતો રાહુલ ચૌહાણ (રહે, કુમકુમ રેસીડેન્સી, ચાંદખેડા) અને આર્યન અલ્પેશ પ્રજાપતિ (રહે, દેવનંદન હાઈટ્સ, ચાંદખેડા)ને 10-10 વર્ષની સજા ફટકારવામા આવી હતી.



- પોલીસે 1,60,760નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો

# દહેગામ : રખિયાલ પોલીસે કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે એકને ઝડપ્યો

ગુજરાત | વંદન

દહેગામ તાલુકાની રખિયાલ પોલીસે ભાદરોડા ચોકડી પાસેથી પસાર થઈ રહેલી આઈ ટ્વેન્ટી કારમાંથી બાતમીના આધારે રૂપિયા 55,700 ની કિંમતની ઈંગ્લિશ દારૂની બોટલોના જથ્થા સાથે ચાલકને ઝડપી લઈ કાર અને મોબાઈલ સહિત કુલ રૂપિયા 1,60,760 નો મુદ્દા માલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રખિયાલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.બી.રહેવર સ્ટાફના મહેશકુમાર, જયેશકુમાર, સચિનકુમાર તેમજ અક્ષયસિંહ સાથે પેટ્રોલિંગમાં હતા. જે આધારે પોલીસે ભાદરોડા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળા નંબરની કાર પસાર થતા પોલીસે કારને રોકી તેમાં તપાસ કરતા કારમાંથી જુદી જુદી બ્રાન્ડની 55,700ની કિંમતની ઈંગ્લિશ દારૂની બોટલો મળી આવતા પોલીસે કાર ચાલક દેવેન્દ્રકુમાર રણજીતસિંહ સોલંકી (રહે-હિરણ મગરી સેક્ટર- 3 સવિના પુલ પાસે, ઉદયપુર રાજસ્થાન)ને ઝડપી લઈને ઈંગ્લિશ દારૂની બોટલો એક મોબાઈલ અને કાર સહિત રૂપિયા 1,60,760નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### યોજના | સ્થાપનાકાળથી ખાળકૂવા પર નભી રહેલાં ગામોને મુક્તિ મળશે

# ગુડાના 26 ગામોમાં 368 કરોડના ખર્ચે ગટર-પાણીનું નેટવર્ક ઊભું કરશે

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની બોર્ડ બેઠક શુક્રવારે ચેરમેન ડો. ધવલ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ગુડાના 26 ગામોમાં ગટર-પાણીના નેવટર્ક સહિતના 386 કરોડના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ગુડા હેઠળના સોનીપુર, રૂપાલ, શાહપુર, રતનપુર, લવારપુર, પિરોજપુર, વલાડ, વજાપુર, સરઢવ, આદરજ મોટી, પુન્દ્રાસણ, તારાપુર, અડાલજ, લેકાવાડા, આલમપુર, પાલજ, પ્રાંતિયા, શેરથા, ઉવારસદ, ડભોડા, ચિલોડા, શિહોલી મોટી, દશેલા, પીપળજ, દોલારાણા-વાસણા, નવા ધરમપુર ખાતે વિવિધ કામ થશે. જેમાં પાણી વિતરણ નેટવર્ક, એસટીપી તમામ આનુષાંગિક કામો સાથે સાધનો અને એસએસરીઝ સહિત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા પુરી પાડવા અને પાંચ વર્ષ માટે તમામ પ્રકારના સિવિલ અને મિકેનિકલ સ્ટ્રક્ચર્સ, મશીનરી અને પાઈપ લાઈન નેવટર્કની જાણવણી પેકેઝ વાઈઝ કામોના અંદાજ 368 કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવશે.

એટલે કે અત્યાર સુધી ખાળકુવા અને ગ્રામ પંચાયતના બોરકુવામાંથી મુક્તી મળશે. ગુડામાં આવાસ યોજનાના કોમ્પ્યુટરાઈઝડ ડ્રો બાદ પસંદગી પામેલા અરજદારો જો ફાળવણી રદ કરે તો તેવા કિસ્સામાં ડિપોઝીટની રકમ પરત લેવા 15 દિવસમાં અરજી કરવી પડી હતી. ત્યારે ડ્રોની તારીખથી ચાર મહિનાની અંદર અરજી કરવાની સમયમર્યાદા નક્કી કરાઈ છે.


### રસ્તો ટૂંકો કરવા માટે રાંદેસણ-શાહપુર કાંસ પર બોક્સ કલ્વર્ટ બનાવવા 18.75 કરોડ મંજૂર



ગુડાની ટીપી-5 અને ટીપી-25માં આજુબાજુથી સ્ટેટ હાઈવે તેમજ મુખ્યમાર્ગો પસાર થાય છે. રસ્તા ઉપર રાંદેસણ અને શાહપુર કાંસ નજીકથી પસાર થાય છે જેથી આ રસ્તા પર બોક્ષ કલ્વર્ટ બનાવી ટીપીના રહીશોને ટુંકા રસ્તે અવર-જવર લાભ મળી શકે તે માટે બોર્ડ દ્વારા બોક્ષ કલ્વર્ટ બનાવવા માટે 18.75 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

### ટીપી-35 બનાવવાની સત્તા મનપાને સોંપાશે

સુચિત ડ્રાફ્ટ ટીપી-35 (વાવોલ-ઉવારસદ) બનાવવા માટેના તમામ અધિકાર ગાંધીનગર કોર્પોરેશનને સોંપવાનું નક્કી કરાયું છે. બીજી તરફ 2013થી મંજૂર થયેલી ટીપી-11-બી (અડાલજ) આખરી કરવા અધિકારીની નિમણુંક કરાયેલી છે. જેઓ દ્વારા ટીપી માટેના કામ ચલાઉ પુનઃ રચનાની દરખાસ્તો તૈયાર કરીને ફાઈલન પ્લોટ્સ, રસ્તાઓના માળખાની દરખાસ્તો, નકશા બોર્ડનો પરામર્શ લેવા માટે પાઠવ્યા છે. હવે આ દખાસ્તને બોર્ડ દ્વારા પરામર્શ પાઠવવાનું નક્કી કરાયું છે.


## અમદાવાદમાં પેડલર્સનું સૌથી મોટું નેટવર્ક, સરવેમાં ચોંકાવનારા તારણ સામે આવ્યાં...

# ગુજરાતમાં 7 લાખ યુવાનો નિયમિત ડ્રગ્સના શોખીન, બ્રેકઅપ-ડિપ્રેશન સૌથી મોટુ કારણ

### અમદાવાદમાં ડ્રગ્સ કલ્ચર થઈ રહ્યું છે ડેવલપ- સરવે



આ સરવે IIM-Aના રિસર્ચ એસોસિયેટ ડૉ.એજાજ શેખે દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં તેઓએ અમદાવાદના અલગ-અલગ 25 વોર્ડમાં સર્વે કર્યો. જેમાં સામે આવ્યું કે 16થી 35 વયના 45 ટકા યુવાનો ઓકેશનલી ડ્રગ્સ લે છે. આ સરવેમાં વોર્ડ દીઠ 20 યુવાનોને સરવેમાં સાંકળવામાં આવ્યા. જે પરથી સરવે કરાતા તારણ સામે આવ્યું કે અમદાવાદમાં ડ્રગ્સ કલ્ચર ડેવલપ થઈ રહ્યું છે. સ્ટ્રીટ ડ્રગ્સ પેડલરનું નેટવર્ક અમદાવાદમાં સક્રિય થઈ રહ્યું છે. તેમાંપણ ખાસ કરીને અમદાવાદમાં સિન્થેટિક ડ્રગ્સનું પ્રમાણ વધુ હોવાનું તારણ સામે આવ્યું છે.



ગુજરાત | વંદન

ગુજરાતના યુવાધનને ડ્રગ્સના રવાડે ચઢાવવાના નિતનવા પેંતરા રચાઈ રહ્યા છે. હવે તો ડ્રગ્સનું માર્કેટ ઓનલાઇન પણ ફૂલ્યુ ફાલ્યું છે. છેલ્લા ઘણા સમયથી અમદાવાદ, વડોદરા, કચ્છ તથા દરિયાકાંઠાના વિસ્તારોમાંથી ડ્રગ્સનું જથ્થો ઝડપાઇ રહ્યો છે. ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટે ડ્રગ્સ પેડલરો આવા ગોરખધંધા કરતા અચકાતા નથી. જો કે આવા ગેરકાયદેસરના કામકાજ સામે પોલીસ લાલઆંખ કરી રહી છે. કાર્યવાહી કરે છે પરંતુ દિવસ જાય તેમ આવી ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ડ્રગ્સ એડિક્શનને લઈને સરવેમાં એક ચોંકાવનારું તારણ સામે આવ્યું છે.

ગુજરાતમાં 7 લાખ યુવાનો ડ્રગ્સ એડિક્ટ હોવાનું સરવેમાં સામે આવ્યું છે. તેમાં પણ અમદાવાદના 10 ટકા યુવાનો ડ્રગ્સ લેતા હોવાનું તારણ છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ડ્રગ્સનો વપરાશ વધ્યો છે. અધિકારીઓ અને માલેતુજારોના સંતાનો ડ્રગ્સ એડિક્ટ બન્યા હોવાનો સરવેમાં ખુલાસો થયો છે. એટલે કે કહી શકાય કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂના દૂષણને નાથવા ગુજરાતમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે પોલીસ માટે ડ્રગ્સ રેકેટને નાબૂદ કરવાનો નવો પડકાર ઉભો થયો છે.

જો કે ડ્રગ્સ એડિક્ટ બનવાના કારણોમાં જોઈએ તો ડિપ્રેશન અને રિલેશનશિપ-બ્રેકઅપ મુખ્ય કારણો છે. આ બંને કિસ્સામાં યુવાનો વધુ ડ્રગ્સ એડિક્ટ બને છે. યુવાનો એટલી હદે ડ્રગ્સ એડિક્ટ બન્યા છે કે ઘણા યુવાનો તો ઘરે જ ડ્રગ્સ બનાવવા લાગ્યા હોવાનું આ સરવે પરથી તારણ કાઢવામાં આવ્યું છે. કેમિકલ ડ્રગ્સ લોકલ લેવલે પ્રોડ્યુસ થવાનું પણ શરૂ થયું છે.

# સ્માર્ટસિટી અમદાવાદમાં ચૂંટણી પહેલાં 462 કરોડના ખર્ચે 5 ઓવરબ્રિજ બનશે

### શહેરીજનોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ આપવાનો મનપાનો પ્રયાસ

ગુજરાત | વંદન

એક બાજુ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે જેના પગલે સત્તા પક્ષ ભાજપ સહિત તમામ રાજકીય પાર્ટીએ કમર કસી છે ત્યાં બીજી બાજુ મોંઘવારી, બેરોજગારી અને ટ્રાફિકની સમસ્યા મુખ્ય છે. ત્યારે અમદાવાદ શહેરમાં ટ્રાફિકમાંથી મુક્તિ મેળવવા માટે મનપા દ્વારા વધુ 5 ઓવરબ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી પહેલા 5 ઓવરબ્રિજ 462 કરોડના ખર્ચે બનાવવામાં આવશે. ઓવરબ્રિજ બનતા 18 લાખથી વધુ લોકોને ટ્રાફિકમાંથી રાહત મળશે. 3 રેલવે ક્રોસિંગ અને બે મોટા જંક્શન પર બ્રિજ બનાવવામાં આવશે. અમદાવાદ મનપા દ્વારા કામગીરી શરૂ કરવાની તૈયારીઓ કરવામાં આવી છે.

શહેરમાં ઝડપથી લોકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળે એના માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બજેટમાં વેજલપુરથી આનંદનગર, મકરબાથી પ્રહલાદનગર, હેબતપુર પાસે એમ ત્રણ રેલ્વેલાઈન પર એમ જ સતાધાર ચાર રસ્તા અને નરોડા પાટિયાથી ગેલેક્સી જંક્શન પર ઓવરબ્રિજ બનાવવાની દરખાસ્ત મૂકવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ એન્ડ બ્રિજ પ્રોજેક્ટના અધિકારીના જણાવ્યા મુજબ વેજલપુરથી આનંદનગર, મકરબાથી પ્રહલાદનગર રેલવે ક્રોસિંગ પર રોજનાં અંદાજે ત્રણ લાખ જેટલાં વાહનો પસાર થાય છે. હેબતપુર રેલવેલાઈન અને સતાધાર જંક્શન પર અંદાજે 3.5 લાખથી વધુ વાહનો પસાર થાય છે. જ્યારે નરોડા પાટિયાથી ગેલેક્સી સુધી 5 લાખથી વધુ વાહનો પસાર થાય છે ત્યારે લોકોને આ ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળે એના માટે કુલ રૂ. 462 કરોડના ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવશે.

### અમદાવાદમાં ક્યાં કેટલા બ્રિજ કેટલા ખર્ચે બનશે



| | |
|---|---|
| નરોડા પાટિયાથી ગેલેક્સી | રૂપિયા 197.98 કરોડ |
| મકરબાથી પ્રહલાદનગર | રૂપિયા 70.71 કરોડ |
| વેજલપુરથી આનંદનગર | રૂપિયા 57.13 કરોડ |
| થલતેજથી હેબતપુર | રૂપિયા 67.31 કરોડ |
| સત્તાધાર ચાર રસ્તા | રૂપિયા 68.86 કરોડ |

# લોનના બહાને વિદેશીઓને ઠગતા અમદાવાદના સાળા બનેવીની ધરપકડ

ગુજરાત | વંદન

યુએસના નાગરિકોને કોલ કરી લોન આપવાના બહાને ઠગાઇ કરતું કોલ સેન્ટર અમદાવાદમાંથી પકડાયું છે. કેનેડીયન ઈમ્પેરીયલ બેંક ઓફ કોમેર્સ અને બેંક ઓફ મોનટરેલ બેંકમાંથી લોનનું કહીને યુએસના નાગરિકો સાથે ઠગાઇ આચરતી હતી. સાઈબર ક્રાઈમે સાળા બનેવી એમ બે આોપીઓને કાર અને કોલ સેન્ટરની સામગ્રી સાથે પકડી પાડ્યા છે. આરોપીઓ કાર ડ્રાઈવ કરતા અને તે દરમિયાન કોલ સેન્ટર ચલાવતા એટલે પકડાવવાનો ભય રહે નહી.

શહેરમાં અનેક કોલ સેન્ટરના માલિકો બિન્ધાસ્ત ફરી રહ્યા છે તેવામાં અનેક કોલ સેન્ટરો લોકો બહાર ચલાવી અમદાવાદમાં બિન્ધાસ્ત પ્રોસેસ કરાવતા હોય છે. દરમિયાનમાં ચાલુ કારમાં કોલ સેન્ટર ચલાવતા હોવાની માહિતી સાઈબર ક્રાઈમના એસીપી જે એમ યાદવને મળી હતી. માહિતી આધારે પોલીસે રેડ કરી બે વ્યક્તિઓને પકડી પાડ્યા હતા. જેમાં ધવલ મહેશ ખેતીયા(ઉ.36, રહે. આસુતોષ એપાર્ટમેન્ટ, રાણીપ) અને પુરવ અશોક પંચાલ (ઉ.40, રહે મનમોહન એપાર્ટમેન્ટ, રાણીપ)ને પકડી પાડ્યા હતા. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ, લેપટોપ, બેંકના ડુપ્લિકેટ 52 ચેક, અન્ય બેંકને 5 ચેક અને કાર પોલીસે કબ્જે કરી હતી. આરોપી ધવલ અને પુરવ સાળા બનેવી હોવાનું બહાર આવ્યું હતુ. પોલીસે જણાવ્યુ હતું કે, બે વર્ષથી ગેરકાયદે કોલ સેન્ટર ચલાવતા હતા અને યુટ્યુબ લીન્કડીન જેવી એપ્લિકેશન મારફતે ગેરકાયદે કોલ સેન્ટરની માહીતી મેળવી હતી.

## વિદેશ જવાની ઘેલછાઃ લોકો પાસપોર્ટમાં કરી રહ્યાં છે છેડછાડ

# પાસપોર્ટમાં ચેડાં કરી દુબઈ જતું ખેડાનું દંપતી અમદાવાદ એરપોર્ટથી પકડાયું

ગુજરાત | વંદન




અમદાવાદ એરપોર્ટ પરથી ઈમિગ્રેશન વિભાગે પાસપોર્ટમાં ચેડાં બાબતે ખેડાના દંપતિના દુબઈ જતા પહેલા પકડી પાડયુ હતું તપાસમાં ચાર વર્ષ પહેલા વિદેશથી તેઓને પાછા મોકલ્યા હતા જેની એન્ટી ઈમિગ્રેશન સિસ્ટમ સોફ્ટવેરમાં મળી હતી પરંતુ મુસાફરી અંગે પાસપોર્ટમાં ઈમિગ્રેશન સ્ટેમ્પ લગાડેલો ન હતો. આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે દંપતિ સામે છેડતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કેસની વિગત એવી છે કે ગાંધીનગરના વાવોલમાં અંસ્યાગ્રીન ખાતે રહેતા અને અમદાવાદ એરપોર્ટ ઉપર ઈમિગ્રેશન વિભાગમાં કાઉન્ટર ઓફિસર તરીકે નોકરી કરતા જગદીશભાઈ મોહનભાઈ પ્રજાપતિએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ખેડા જિલ્લાના મહુધા તાલુકાના સિંધાલી ગામમાં રહેતા બીનલબહેન હિતેશકુમાર પટેલ અને તેમના પતિ હિતેશકુમાર પ્રવીણભાઈ પટેલ સામે ફરિયાદ નોધાવી છે કે રાતે એસ.વી.પી.આઇ એરપોર્ટ ટર્મીનલ-૨ ઈમિગ્રેશન કાઉન્ટર પર પોસપાર્ટ અને બોર્ડિંગ પાસ તથા વિઝાનું ચેકિંગ કરતા હતા.

આ સમયે દંપતિના પાસપોર્ટ ઉપર રીપબ્લીક ઓફ ઈન્ડિયા લખેલું હતું, તેઓએ ૨૦૧૮માં આયલેન્ડથી ડિપોર્ટ (પાછા મોકલ્યા હતા) કરતા મુંબઈ આવ્યા હતા. જે મુસાફરીની એન્ટ્રી ઈમિગ્રેશન સિસ્ટમ સોફવેર માં હતી પરંતુ પાસપોર્ટમાં ઈમિગ્રેશન સ્ટેમ્પ લગાડેલો ન હતો. આમ પાસપોર્ટમાં ચેડાં કરી છેડછાડ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જેને લઈને એરપોર્ટ પોલીસે દંપતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અસંગઠિત શ્રમિકો માટે અન્નપૂર્ણા યોજના ચાલુ કરવા માંગણી, આવેદનપત્ર અપાયું


ગુજરાત | વંદન

રાજ્ય સરકારે જરૂરિયાતમંદ, ગરીબ તેમજ શ્રમિકોને પોષાય તેમ ફક્ત 10 રૂપિયામાં જમવાનું મળી રહે તે માટે 'અન્નપૂર્ણા યોજના' શરૂ કરી હતી. જો કે છેલ્લા ત્રણ વર્ષથી આ યોજના બંધ હોવાથી ફરી શરૂ કરવાની માંગ ઉઠી છે. સીટીએમ ખાતે અખિલ ભારતીય અસંગઠિત મજદુર કોંગ્રેસ દ્વારા આ અંગે માંગ કરી રાજ્યસરકારને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.

આગેવાન જ્યોર્જ ડાયસે જણાવ્યું હતું કે, અનેક રજુઆત કરવા છતાં શ્રમજીવીઓને હજુ સુધી અન્નાપૂર્ણાની થાળીના દર્શન થયા નથી. માટે આર્શિવાદરૂપી 'અન્નાપૂર્ણા યોજના' અસંગઠિત શ્રમિકોના વિશાળ હિતમાં ફરી શરૂ કરવામાં આવે તેવી માંગણી અમે કરી રહ્યાં છે.



# વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ ગૌતમ મહેતાનું નિધન



ગુજરાત | વંદન

ગુજરાત સમાચારના વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ ગૌતમ મહેતાનું 70 વર્ષની વયે નિધન થયું છે. છેલ્લા કેટલાય સમયથી બિમાર હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં ઘણા વર્ષો સુધી ક્રાઈમ રિપોર્ટર બાદ 1999માં ગુજરાત સમાચારમાં જોડાયા હતા. અમદાવાદ સહિત ગુજરાતભરમાં ફોટો સ્ટોરી કવર કરવામાં જાણીતા બન્યા હતા.

## કોમર્શિયલ નહીં પણ રેસિડેન્શિયલ ટાવર બનાવાની તૈયારી

# અમદાવાદમાં એસજી રોડ પર બનશે 42 માળની ગગનચુંબી ઈમારત

ગુજરાત | વંદન

ગુજરાતનું સૌથી વધુ વસતી ધરાવતું શહેર અમદાવાદ હવે વર્ટિકલ ગ્રોથ પણ કરી રહ્યું છે. અમદાવાદના એસ.જી રોડ પર એક સૌથી ઉંચી બિલ્ડિંગ આકાર લેવાની છે જે 42 માળની હશે. મહત્ત્વની વાત એ છે કે આ કોઈ કોમર્શિયલ બિલ્ડિંગ નહીં પણ રેસિડેન્શિયલ ટાવર હશે. એસ.જી રોડ પર પહેલેથી 41 માળની એક કોમર્શિયલ ઈમારતનું પ્લાનિંગ થયું છે. તેના કરતા આ બિલ્ડિંગ એક માળ વધારે ઉંચી હશે. સૂત્રોએ જણાવ્યા પ્રમાણે 42 માળની ગગનચુંબી ઈમારતમાં 4 અને 5 BHKના એપાર્ટમેન્ટ હશે. તેનો પ્રોજેક્ટ કોસ્ટ લગભગ 250 કરોડનો રહેવાની શક્યતા છે. આ બિલ્ડિંગનું બાંધકામ એઆરકે ઈનફ્રા દ્વારા કરવામાં આવશે. સૂત્રોએ કહ્યુ કે ડેવલપરે આ બિલ્ડિંગમાં ઓછામાં ઓછા 42 માળને ડિઝાઈન કર્યા છે.

આરકે ઈનફ્રાના ડિરેક્ટર અજય સોનીએ જણાવ્યું કે, "આ બિલ્ડિંગ 5500 ચોરસ વારના પ્લોટ પર બાંધવામાં આવશે અને તેનો ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI) 5.4 હશે. અમે શહેરમાં સૌથી ઉંચી રેસિડેન્શિયલ બિલ્ડિંગનું નિર્માણ કરવાના છીએ જે 42 માળની હશે." આ વિશે ડિઝાઈનિંગનું કામ હજુ ચાલુ હોવાથી તેમણે વધારે વિગત આપવાનો ઈનકાર કર્યો હતો.

માર્કેટના જાણકારોએ કહ્યું કે આવી બિલ્ડિંગ બાંધવામાં ઓછામાં ઓછા 250 કરોડ રૂપિયાનો ખર્ચ આવશે. આ બિલ્ડિંગમાં ત્રણ ફ્લોર સુધી ડેડિકેટેડ પાર્કિંગ સ્પેસ હશે અને 4-5 BHKના કુલ 65 યુનિટ હશે. અત્યાર સુધીમાં રાજ્યની સૌથી ઉંચી બિલ્ડિંગનું જે આયોજન થયું છે તે કોમર્શિયલ છે અને તેમાં 41 ફ્લોર હશે.

અમદાવાદમાં તાજેતરમાં પ્રીમિયમ રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટની માંગમાં જોરદાર તેજી આવી છે અને આ માટે નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. અમદાવાદમાં ઊંચી બિલ્ડિંગોમાં લોકોનો રસ વધ્યો છે અને 30 ફ્લોરથી વધારે ઉંચી હોય તેવી લગભગ એક ડઝન બિલ્ડિંગ બાંધવાના પ્લાન ચાલુ છે. જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન (CGDCR) 2017 હેઠળ રાજ્ય સરકારે મુખ્ય શહેરોમાં ઉંચી અને આઈકોનિક બિલ્ડિંગ બાંધવા માટે ખાસ જોગવાઈ કરી છે.



# આખરે શહેરીજનોની ધારણા સાચી પડી અટલ બ્રિજ જોવા ચૂકવવા પડશે રૂપિયા

### રિવરફ્રન્ટના અટલ બ્રિજ પર હવે 12 વર્ષથી ઉપરના લોકોએ ₹30 ચૂકવવા પડશે

ગુજરાત | વંદન



અમદાવાદ શહેરની શાનમાં વધારો કરતુ અને શહેરના પૂર્વ અન પશ્ચિમ વિસ્તારને જોડતા અટલ ફુટ ઓવર બ્રિજને 27 ઓગસ્ટના રોજ લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ અટલ ફુટ ઓવર બ્રિજને 27 ઓગસ્ટના રોજ વડાપ્રધાન PM મોદી હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અટલ બ્રિજને જોવાની પ્રવેશ ફી અને અન્ય નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં 12 વર્ષ સુધીના બાળકો માટે 15 રૂપિયા, 12 વર્ષથી ઉપરના માટે 30 રૂપિયા જ્યારે 60 વર્ષથી વધુ ઉમરના માટે 15 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે. આ બ્રીજને જોવાનો સમય સવારના ૯થી રાતના ૯ સુધીનો છે. મહત્વનું છે કે, આ બ્રીજ પર એન્ટ્રી વિકલાંગ માટે નિશુલ્ક છે, જ્યારે ટિકીટ લીધા પછી પણ વ્યક્તિ ત્યાં ૩૦ મિનિટ જ રોકાઈ શકાશે. ફૂટ ઓવર બ્રિજમાં સવારે 9:00 થી રાત્રે 9 વાગ્યા સુધી પ્રવેશ મેળવી શકાશે. બ્રિજ પર કોઈપણ મુલાકાતી 30 મિનિટ થી વધુ રોકાઈ શકશે નહી.

આ આઈકોનિક પેડેસ્ટેરીયન બ્રિજની પ્રેરણા પતંગ તેમજ ઉત્તરાયણની ઉજવણી પરથી લીધેલી છે. તે ગ્લાસ ફુટ ઓવર બ્રિજ, સરદાર બ્રિજ અને એલિસ બ્રિજ વચ્ચે બનાવવામાં આવ્યો છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**મહિલાઓ દ્વારા સામૂહિક પૂજાવિધિ :** શહેરના અમરાઈવાડી જોગેશ્વરી રોડ પંચ મહાદેવ મંદિરમાં કેવડા ત્રીજ પર્વ પ્રસંગે સામૂહિક પૂજા કરતી મહિલાઓ નજરે પડે છે.



**તિરંગો યથાવત્ :** 'હર ઘર તિરંગા'નું અભિયાન પણ પૂરું થયું, જો કે તે પછી પણ શહેરમાં ઘણા જાહેરસ્થળોએ તિરંગો લહેરાઇ રહ્યો છે. સારંગપુર બીઆરટીએસ બસ સ્ટેશનની આસપાસના રોડ પર બંને તરફ રાષ્ટ્રધ્વજ ફરકી રહ્યા છે.



**ગણપતિ બપ્પા મોરીયા :** ફરીને દિવસો આવ્યાં ગણપતિ દાદાના, મોદકના અને મૂષકના. અમદાવાદમાં પણ ગણપતિ દાદાના ભક્તજનો દાદાની મૂર્તિને પોતાના ઘરે પધરામણી માટે લઈ જઈ રહ્યા છે. તસવીરમાં ગણપતિ દાદા પેડલ રિક્ષામાં સવાર છે.




**અમને આપો 2BHK મકાન :** શહેરના અમરાઈવાડીમાં મ્યુનિ. ક્વાર્ટરની હાલત બદત્તર છે અને તેમની તોડીને નવા મકાનો બનાવવાની હિલચાલ ચાલી રહી છે. સ્થાનિકોની માંગણી છે કે તેમને 2BHKના જ મકાનો જોઈએ. સ્થાનિકોએ બેનર સાથે વિરોધ નોંધાવ્યો છે.

# કપડા સુકવવાની ના પાડી પડોશી યુવકે સગીરાને બાથ ભીડી શારીરિક અડપલાં કર્યા

### અમરાવાઇવાડીમાં જાહેરમાં છેડતીની ઘટનાથી ચકચાર

ગુજરાત | વંદન




પૂર્વ વિસ્તારમાં છેડતીના બનાવો વધતા મહિલાઓની સુરક્ષા જોખમાઈ રહી છે, અમરાઈવાડીમાં કપડા સુકવવાની ના પાડીને પડોશી યુવકે સગીરાને બાથ ભીડીને શારિરીક અડપલાં કર્યા હતા. એટલું જ નહી ઠપકો આપવા ગયેલી માતાને આરોપીએ ધમકી આપી કે પોલીસમાં ફરિયાદ કરીશ તો તને અને તારી દિકરીને જાનથી મારી નાખીશ. આ બનાવ અંગે અમરાઈવાડી પોલીસે છેડતીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ કેસની વિગત એવી છે કે અમરાઈવાડી વિસ્તારમાં રહેતી શ્રમજીવી ૩૩ વર્ષની મહિલાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમની ૧૧ વર્ષની દિકરી બપોરે પોતાના ઘર પાસે તાર ઉપર કપડાં સૂકવતી હતી આ સમયે પડોશી યુવકે અહિયાં કપડાં સૂકવવા નહી તેમ કહેતા સગીરાએ તેમના ઘરની બાજુમાં કપડાં સૂકવતી હોવાની વાત કરી હતી જેથી ઉશ્કેરાઈને યુવકે ગાળો બોલવાની શરુ કરી હતી.

ગાળો બોલવાની ના પાડતાં ગુસ્સે ભરાઈને સગીરાનો હાથ પકડીને બાથ ભીડીને શારિરીક અડપલાં કર્યા હતા, બુમાબુમ કરતાં ખેંચીને દુપટ્ટો પણ ફાડી નાંખ્યો હતો. સગીરા યુવકને ધક્કો મારીને ઘરે નાસી ગઈ હતી અને માતાને વાત કરી હતી. જેથી ફરિયાદી યુવકને ઠપકો આપવા ગઈ તો આરોપી લાજવના બદલે ગાજ્યો હતો અને મહિલાને ધમકી આપી કે જો તુ પોલીસ સ્ટેશનમાં મારા વિરુધ્ધમાં ફરિયાદ કરીશ તો તેને અને તારી દિકરીને જાનથી મારી નાંખીશ. આ ઘટના અંગે અમરાઈવાડી પોલીસ ગુનો નોંધી ફરાર આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# નોઈડામાં 30 માળના બે ટાવરો ગેરકાયદે બની રહ્યાં હતા ત્યારે સત્તાવાળાઓ મંજીરા વગાડતા હતા..? કે "વ્યવહારો" કરી રહ્યાં હતા..?!





ભારતના ઈતિહાસમાં નોઈડામાં ભ્રષ્ટાચારના પ્રતિક સમાન 30 માળના બે ટાવર-ઉંચા મકાન- 9 મિનિટમાં ધરાશાયીની સાથે એક પ્રકરણનો અંત આવ્યો એમ ઘણાંનું કહેવુ છે. પણ વાસ્તવમાં 30-30 માળના આ ઉંચા ટાવર બનાવવામાં જે મસમોટો ભ્રષ્ટાચાર થયો તેમાં સંડોવાયેલાઓને જેલમાં મોકલવાનો એક નવો પ્રકરણ વાસ્તવમાં આરંભાયો છે.

પાંચ માળની ઈમારત બન્યા પછી ખબર પડે કે અરે આ તો ગેરકાયદે છે., તોડો અને તેને તોડી નાંખવામાં આવે ત્યારે લોકોમાં એ સવાલ થાય કે પાંચ માળ બંધાઈ ગયા ત્યાં સુધી સંબંધિત સત્તાવાળાઓને જાણ જ ના થઈ કે આ ગેરકાયદે છે અને માળ ઉપર માળ બંધાઈ રહ્યાં છે...? 30 માળ બંધાઈ ગયા.ફ્લેટ ખરીદનારાઓ તેમાં રહેવા આવી ગયા..વસવાટ શરૂ થયો અને પછી સૌ જાગ્યા-નહીં યે ગેરકાનૂની હૈ...અને 2009માં બંધાયેલ આ ટાવરને સુપ્રિમ કોર્ટના આદેશથી એટલા માટે તોડી પડાયા કે જેથી ભવિષ્યમાં આવી કોઈ ગેરકાયદે ઈમારત બનાવવાની હિંમત ન કરે.એક દાખલો બેસાડવા માટે મોટા ટાવર તોડી નાંખવામાં ફ્લેટધારકોની પણ સંમતિ હતી.

આ ઈમારત બની ત્યારે સપાની સરકાર હતી એટલે તેને વગોવવામાં આવે તે સ્વાભાવિક છે. એક બીજા સામે કાદવ કીચડ ઉછાળવાને બદલે જ્યારે આ આખી ઈમારત બની રહી હતી ત્યારે તે ખતના નોઈડા ઓથોરીટીના જે કોઈ ઉચ્ચ અધિકારીઓ હતા તેમની સામે હવે જેટલી ઝડપથી સુપરટેક ટ્વીન ટાવર પડ્યા એટલી ઝડપથી એ અધિકારીઓને પણ પકડી પકડીને જેલના સળિયાની પાછળ ધકેલવામાં આવે તો જ સુપ્રિમ કોર્ટ જે દાખલો બેસાડવા માંગે છે તે ચરિતાર્થ ગણાશે, અન્યથા તેરી ભી ચુપ..મેરી ભી ચુપ..જેવી રાજકીય મિત્રતા નિભાવવામાં આવશે તો જેમણે આ સુપરટેકમાં ફ્લેટ ખરીદ્યા તેમની સાથે ઘોર અન્યાય ગણાશે.

સામાન્ય લોકોની સામાન્ય અને સાદી સમજ પણ ઉંચા નિતિમત્તાવાળી સમજ એ છે કે 30 માળની ઈમારત બંધાઈ ગઈ પછી ઓથોરીટીને જાણ થઈ કે હેં..આખી ઈમારત ગેરકાયદે વગર મંજૂરીએ બંધાઈ ગઈ..? એક પછી એક માળ બની રહ્યાં હતા ત્યારે આવા ગેરકાયદે બાંધકામને રોકવાની જેમની પાસે સત્તા હતી તેઓ શું મંજીરા વગાડતા હતા...ઉભા ઉભા તમાશો જોઈને ટાવર બનાવનાર પાસેથી લેતીદેતી કરી રહ્યાં હતા..? આ ટાવરને ભ્રષ્ટાચારનો ટાવર કહેવામાં આવે છે તે યોગ્ય જ છે. હવે જેમણે ફ્લેટ લીધા તેમને ફરીથી ફ્લેટ મળે અને ઈમારત બનાવનારાઓ જેલ ભેગા થાય એવા પગલા લેવાવા જોઈએ...!

## માનવી હવે ભગવાનની સમકક્ષ પહોંચ્યો- જીવની કરી રચના..!

# 10 હજાર વર્ષ પહેલાં લુપ્ત મેમોથ હાથી હરતો ફરતો હશે ફરીથી ધરતી પર...

### 1930માં લુપ્ત થઈ ગયેલ વાઘની એક પ્રજાતિને 10-12 વર્ષમાં ફરી જોઈ શકાશે..

આપણા બધા ધાર્મિક પુસ્તકો કહે છે કે માણસ અને ભગવાન વચ્ચે એક જ તફાવત છે - અને તે તે એ છે જીવનનું સર્જન કરવું. ભગવાન જીવ આપી શકે છે તો જીવ લઈ પણ શકે છે . પરંતુ મનુષ્યમાં જીવન આપવાની શક્તિ નથી. આ મુદ્દે દુનિયાના કેટલાક વૈજ્ઞાનિકો ભગવાનને સતત પડકાર આપતા રહ્યાં છે.

તાજેતરમાં, વેઈઝમેન ઈન્સ્ટિટ્યૂટ, ઈઝરાયેલના વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં વિશ્વનો પ્રથમ કૃત્રિમ ગર્ભ બનાવવામાં સફળતા મેળવી. આ રીતે, વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં જીવનની રચના કરવાની દિશામાં પ્રથમ પગલું ભર્યું. કૃત્રિમ ગર્ભમાં જીવના હૃદયના ધબકારા અને મગજે પણ તેનું પૂર્ણ સ્વરૂપ ધારણ કર્યું. નોંધપાત્ર રીતે, વૈજ્ઞાનિકોને કૃત્રિમ ગર્ભ બનાવવા માટે ફળદ્રુપ શુક્રાણુ અને ઈંડાની પણ જરૂર નહોતી! એવું લાગે છે કે હવે માણસે પૌરાણિક કથાઓમાં ઉલ્લેખિત બ્રહ્માંડના સર્જકને પડકાર આપ્યો છે અને હવે તે બ્રહ્માંડની રચનાનું કાર્ય પોતાના હાથમાં લેવાની તૈયારી કરી રહ્યો છે.

આ સફળતા સામે વિશ્વભરના વૈજ્ઞાનિકોમાં કૃત્રિમ ભ્રૂણની રચનાની નૈતિકતા અને અનૈતિકતાને લઈને ક્યારેય ન સમાપ્ત થનારી ચર્ચા છેડાઈ છે. જિનેટિક એન્જિનિયરિંગની મદદથી પણ વધુ અસાધારણ ચમત્કારો કરી શકાય છે અને આ જ કારણ છે કે ધર્મ, નીતિશાસ્ત્ર અને ચિકિત્સા વચ્ચેની સીમાઓ વધુને વધુ પાતળી થતી જાય છે. આજે, ખાસ કરીને જિનેટિક એન્જિનિયરિંગ અને બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક વિકાસની ગતિ એટલી ઝડપી છે કે આવનારા વર્ષોમાં માનવ સભ્યતાનું સ્વરૂપ કેવું હશે તેની કલ્પના કરવી પણ જીવવિજ્ઞાનીઓ માટે મુશ્કેલ છે. કેટલાક વૈજ્ઞાનિકો એવા જીવોને પૃથ્વી પર પાછા લાવવાની દિશામાં ગંભીરતાથી કામ કરી રહ્યા છે, જેમનું નામ પૃથ્વી પરથી સંપૂર્ણપણે ભૂંસાઈ ગયું છે. લુપ્ત થયેલા જીવોને પાછા લાવવું એ ઘણા પ્રોજેક્ટ્સનો હેતુ છે, જેને ઘણી મોટી કંપનીઓ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

યુનિવર્સિટી ઓફ મેલબોર્ન અને ટેક્સાસ સ્થિત બાયોટેક કંપની કોલોસલ બાયોસાયન્સિસના સંશોધકોએ 1930ના દાયકામાં લુપ્ત થઈ ગયેલા તસ્માનિયન ટાઈગર (થાઈલેસીન) ને ધરતી પર પરત લાવવા માટે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું છે... આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સમાન આનુવંશિક સામગ્રી (DNA) સાથે જીવંત પ્રજાતિઓમાંથી સ્ટેમ કોશિકાઓ લેવાનો છે અને તેમને તાસ્માનિયન વાઘ અથવા તેમની નજીકના કોઈપણ જીવંત એન્ટિટીના કોષોમાં રૂપાંતરિત કરવા માટે મોલેક્યુલર સિઝર્સ (જીન એડિટિંગ ટૂલ્સ) નો ઉપયોગ કરવાનો છે. જો તાસ્માનિયન વાઘને પુનર્જીવિત કરવાના વૈજ્ઞાનિકોના પ્રયત્નો સફળ થશે તો આગામી 10-12 વર્ષોમાં માનવી આ ધરતી પર 1930માં લુપ્ત થઈ ગયેલ વાઘની એક પ્રજાતિને હરતાં ફરતાં જોઈ શકાશે...!



દુનિયાભરના વૈજ્ઞાનિકો કાંઈ પહેલીવાર આવુ કરવા જઈ રહ્યા નથી. કેમ કે સંશોધકો ઘણા પ્રકારના જીવો અને માછલીઓની લુપ્ત થતી પ્રજાતિઓને પુનર્જીવિત કરવાના સફળ પ્રયોગો કરી ચૂક્યા છે. પરંતુ તાસ્માનિયન વાઘને પુનર્જીવિત કરવાની જરૂર કેમ પડી છે? કેટલાક લોકો કહે છે કે આ પ્રાણીઓ માનવ કર્મોને કારણે લુપ્ત થઈ ગયા હોવાથી તેમને પુનર્જીવિત કરવાની અમારી નૈતિક ફરજ છે... એક કારણ ઈકોસિસ્ટમને સંતુલિત કરવાનું છે.

એ જ પ્રકારે રેન્ડીયર અને બાઈસનની લુપ્ત થતી પ્રજાતિઓ પણ પુનઃજીવિત થઈ છે. અને હવે 10,000 વર્ષ પહેલાં લુપ્ત થઈ ગયેલા વિશાળ વૂલી મેમથ- લાંબા દાંતવાળા વિશાળ કદના હાથીની એક પ્રજાતિ) ને પુનર્જીવિત કરવા માટે કોલોસલ બાયોસાયન્સિસ 5 મિલિયન ડોલરના જંગી પ્રોજેક્ટ પર પણ કામ કરી રહી છે... કોલોસલ બાયોસાયન્સિસના સ્થાપક અને ટેક ઉદ્યોગસાહસિક બેન લેમ કહે છે- વૂલી મેમથનું પુનરુત્થાનમાં લાંબો સમય લાગે તેમ છે.કારણ કે હાથીઓને ગર્ભ ધારણ કરવામાં લાંબો સમય લાગે છે. લેમ કહે છે કે અમારો ધ્યેય વૂલી મેમથના 50 થી વધુ લાક્ષણિકતાવાળા જનીનોનો ઉપયોગ કરવાનો છે અને જનીન સંપાદન સાધન 'CRISPR'ની મદદથી તેમને એશિયન હાથીના જીનોમમાં સામેલ કરવાનો છે. સંશોધકોની ટીમ ત્યારબાદ એક ભ્રૂણ બનાવશે જેમાં વૂલી મેમથની વિશેષતાઓ અથવા લક્ષણો હશે. આ ભ્રૂણને સરોગેટ આફ્રિકન હાથીમાં રોપવામાં આવશે. એમ કહી શકાય કે 10 હજાર વર્ષ પહેલાં ધરતી પરથી લુપ્ત થઈ ગયેલા વિશાળ કદના હાથી ફરીથી જોવા મળશે..!

બાયોજેનેટિક્સ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના મતે બે લાખ વર્ષ પહેલા સુધીના જીવોના ડીએનએ બરફથી ઢંકાયેલા વિસ્તારો વગેરે જગ્યાએ સચવાયેલા છે અને તેને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરી શકાય તેમ છે. ડાયનોસોર જો કે આ દાયરામાં આવતા નથી, તેથી એ સ્પષ્ટ છે કે સાયન્સ ફિક્શન ફિલ્મ 'ધ જુરાસિક પાર્ક'ની જેમ ડાયનાસોર ક્યારેય ફરી જીવિત થઈ શકશે નહીં.

હાર્વર્ડ મેડિકલ સ્કૂલના જીનેટીસ્ટ

(અનુસંધાન પેજ નં.૬૫૨)

## જ્ઞાન બેધારી તલવાર જેવું છે, તેનો ઉપયોગ આપણે વિકાસ માટે પણ કરી શકીએ



આ ચાઇનીઝ એપિસોડે (જુઓ બોક્સ) બતાવ્યું કે જનીન સંપાદન તકનીકની શક્યતાઓ કેટલી અદભૂત છે. માનવ કલ્યાણ માટે, તે સ્વાસ્થ્ય અને ચિકિત્સા ક્ષેત્રે અચૂક શસ્ત્ર સાબિત થઈ શકે છે. જો કે એ પણ સાચું છે કે જ્ઞાન બેધારી તલવાર જેવું છે. તેનો ઉપયોગ આપણે વિકાસ માટે પણ કરી શકીએ છીએ અને વિનાશ માટે પણ! તેથી, વિરોધીઓએ આવા પ્રયોગો પર પ્રશ્ન ચિહ્નો ઉભા કરવાનું શરૂ કર્યું છે., તેઓ કહે છે કે તેનાથી સમાજમાં મોટી ગૂંચવણો અને અસમાનતાઓ ઊભી થશે.

આનાથી સમાજમાં જટિલતા અને અસમાનતા કેવી રીતે ઊભી થશે? તો તેનો જવાબ એ છે કે પ્રથમ વસ્તુ એ છે કે માનવી તેમાંથી કમાણી કરવા માટે ડિઝાઇનર બેબી બનાવવાનો વ્યવસાય શરૂ કરી શકે છે...! બધા માતા-પિતા ઇચ્છે છે કે તેમનુ બાળક સક્ષમ, પ્રતિભાશાળી, ન્યાયી, બુદ્ધિશાળી, ઉચ્ચ કદનું અને સ્નાયુબદ્ધ શરીરનું હોવું જોઈએ. આ સાથે આવનારા સમયમાં શ્રીમંત લોકો જીન એડિટિંગ દ્વારા તેમના બાળકોની શક્તિશાળી, બુદ્ધિમત્તા અને વ્યક્તિત્વને કંડારી શકશે. તો શું ડિઝાઇનર બેબીઓ માત્ર અમીરો સુધી જ સીમિત રહેશે? સ્વાભાવિક રીતે, આ સામાજિક ભેદભાવ તરફ દોરી જશે. વૈજ્ઞાનિકોનો એક વર્ગ માને છે કે આવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવો ખોટો છે અને મનુષ્યો પર આવા પ્રયોગો નૈતિક રીતે યોગ્ય નથી.

આ અંગે વૈજ્ઞાનિકોના એક વર્ગનું માનવું છે કે આવા પ્રયોગોથી અસાધ્ય રોગોની સારવારની નવી શક્યતાઓ ઊભી થઈ શકે છે. આ સાથે, બિમાર વ્યક્તિના ખામીયુક્ત જનીન શોધીને જીન એડિટિંગ દ્વારા તંદુરસ્ત જનીન સ્થાપિત કરવાનું શક્ય બનશે. પરંતુ વિવેચકો પણ આ દલીલને સમર્થન આપતા નથી. તેઓ કહે છે કે જો કોઈ વ્યક્તિને જીનોમ મેપિંગથી ખબર પડે કે તેને આવનારા સમયમાં કોઈ રોગ થવાનો છે અને તે જીન એડિટિંગ થેરાપી કરાવવા માટે સક્ષમ નથી, તો તેનું શું થશે? શું વીમા કંપનીઓ આવા સંભવિત દર્દીનો વીમો કરશે? શું આ માહિતીના આધારે નોકરીમાં તેની સાથે ભેદભાવ નહીં થાય? આ સિવાય જો જીન એડિટિંગ ટેક્નોલોજી ખોટા હાથમાં આવી જાય તો તેનો ઉપયોગ વિનાશ માટે પણ થઈ શકે છે. આતંકવાદી સંશોધકો આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમાનવીય કે નિર્દયી સ્વભાવવાળા માનવી બનાવવાનો પ્રયાસ પણ કરી શકે છે. તો પછી સામાન્ય લોકો આ અમાનવીય લોકો સાથે કેવી રીતે સામનો કરી શકશે..?

દેખીતી રીતે, આ દિશામાં શક્યતાઓ પણ અપાર છે અને સાથે સાથે પડકારો પણ..! ભવિષ્યવાદીઓ કહે છે કે જો કોમ્પ્યુટર, નેનો ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ મિકેનિક્સ, સ્પેસ અને સૌથી વધુ, બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં વર્તમાન સંશોધન સફળ થશે, તો આપણે પૌરાણિક કથાઓમાં ઉલ્લેખિત દેવતાઓ જેવા થઈ જઈશું, જેનો આપણે ડર રાખીએ છીએ. જેમની પૂજા કરીએ છીએ. અને જેની પાસે સર્જન અને વિનાશની શક્તિઓ છે. હકીકત માં!

### જન્મ્યા પહેલાં જ જોડિયા છોકરીઓના જનીન બદલી નાંખ્યા...!

નવેમ્બર 2018માં ચીનમાં બનેલી એક ઘટનાથી સમગ્ર વૈજ્ઞાનિક સમુદાય હચમચી ગયો. જેના કારણે વિશ્વના જુદા જુદા ખૂણામાં ગરમાગરમ ચર્ચા થઈ હતી. તેણે નૈતિકતા વિરુદ્ધ વૈજ્ઞાનિક પ્રગતિની જૂની ચર્ચાને પુનર્જીવિત કરી. અલબત તે આઘાતજનક સમાચાર હતા - ચાઈનીઝ વૈજ્ઞાનિક હી જિયાનકુઈએ દાવો કર્યો હતો કે તેઓએ જન્મ્યા પહેલા જ જોડિયા છોકરીઓ (લુલુ અને નાના) ના જનીન બદલી નાંખ્યા. તેમણે સાત યુગલોની પ્રજનનક્ષમતા સારવાર દરમિયાન ભ્રૂણ બદલી નાંખ્યા, જેમાં એક કિસ્સામાં આ પરિણામ બાળકના જન્મમાં જોવા મળ્યું. આ જોડિયાઓમાં, CRISPR-Cas9 નામના જનીન સંપાદન સાધનની મદદથી CCR-5 (જે ભવિષ્યમાં HIV-AIDS ચેપ માટે સંભવિત રીતે જવાબદાર છે) નામનું જનીન બદલવામાં આવ્યું . આ સાથે, બંને છોકરીઓ ભવિષ્યમાં ક્યારેય એચઆઈવીથી સંક્રમિત થશે નહીં. આ રીતે લુલુ અને નાના નામની આ બાળકીઓ આ દુનિયામાં જન્મેલા પ્રથમ ડિઝાઈનર બેબી બન્યા...!

## ધર્મ

# સામા પાંચમ : જાણે અજાણ્યે સ્ત્રીઓ દ્વારા થયેલા દોષોનું નિવારણ



ભાદરવા સુદ પાંચમ તિથિને સામા પાંચમ કહેવાય છે, સામા પાંચમને ઋષિપંચમી તરીકે પણ ઓળખાય છે. આ વ્રત મોટે ભાગે સ્ત્રીઓ રજોદર્શન દરમિયાન જાણે-અજાણે થતા દોષો નિવારવા માટે કરે છે. વ્રત કરનારે સવારે વહેલા ઊઠીને અઘેડાનું દાંતણ કરી, શરીર પર માટી ચોળી, માથામાં આંબળાની ભૂકી નાંખી નહાવું.

આ દિવસે સામો ખાવો, ફળાહાર કરવો. અનાજ ખાવું નહીં. સ્નાન કર્યા પછી મહાદેવજીની ભક્તિ ભાવથી પૂજા કરવી. આ રીતે પાંચ વર્ષ સુધી આ વ્રત કરવું. ત્યાર બાદ તેનું ઉજવણું કરવું. એ વખતે અરુંધતી સહિત સપ્તઋષિઓની પૂજા કરવી અને બ્રાહ્મણોને જમાડી, યથાશક્તિ દાન-દક્ષિણા આપવી. આ વ્રતને કરવાથી જો રજસ્વલા દોષ હોય તો એ પણ મટી જાય છે. માહવારી કે માસિકધર્મ પૂરા થતા ઋષિ પંચમી વ્રતનો ઉદ્યાપન કરાય છે.

ઋષિપાચમનાં દિવસે ખાસ કરીને બહેનો માટે સ્નાનનું મહત્વ વધારે છે. ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી કે પછી સ્નાન કરતા સમયે સપ્તઋષિ વશિષ્ઠ, કશ્યપ, અત્રિ, જમદગ્ની, ગૌતમ, વિશ્વમિત્ર અને ભારદ્વાજ ઋષિનું નામ સ્મરણ કરવાથી ઘરમાં સુખ, શાંતી અને વૈભવની પ્રાપ્તિ થાય છે.

### ઋષિ પંચમી પૂજાની વિધિ

• વસંત પંચમી વ્રત કેવી રીતે કરવું. ■ સવારે વહેલા ઉઠીને સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર ધારણ કરવા. • ત્યાર પછી ઘરમાં જ કોઈ પવિત્ર જગ્યાએ હળદરથી ચોરસ કરવું. ■ તેની પર સાત ઋષિઓની સ્થાપના કરવી. • ત્યાર પછી સાતેય ઋષિઓનું વિવિધ ઉપચારો વડે પુજન કરવું અને નૈવેધ અર્પણ કરવું. ■ ત્યાર પછી વ્રત કથા પ્રમાણે આરતી અને પ્રસાદ વિતરણ કરવો. • દિવસ દરમ્યાન માત્ર ફળાહાર ગ્રહણ કરવો. ■ આ પ્રમાણે સાત વર્ષ વ્રત કરીને આઠમાં વર્ષે તેની પૂર્ણાહુતિ કરવી. • છેલ્લે સાત બ્રાહ્મણ પતિ-પત્નિઓને ભોજન કરાવી,દક્ષિણા આપીને વિદાય કરવાં. ■ આ વ્રત કરતી વખતે બ્રહ્મચર્યનું પાલન કરવું જરૂરી છે.

## પુસ્તક પરિચય

# વિશ્વનું અદ્વિતીય સંગઠન: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ

▪ રિપલકુમાર પરીખ

'હે વાત્સલ્ય માતૃભૂમિ! તને મારાં હંમેશા પ્રણામ. હે હિન્દુ ભૂમિ! તેં જ મારો સુખથી ઉછેર કર્યો છે. હે મહામંગલકારી પૂણ્યભૂમિ તારાં જ કાર્યમાં મારું આ શરીર સમર્પિત છે. હું તને કોટિ કોટિ પ્રણામ કરું છું. '

માતૃભૂમિને વંદન કરતી આ અદ્ભૂત પ્રાર્થના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની છે. જે હંમેશાં તેના સ્વયંસેવકો અને પ્રચારકોને દેશ માટે કાર્ય કરવાનો ઉત્સાહ અને પ્રેરણા પૂરી પાડે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, એ વિશ્વનું અદ્વિતીય સંગઠન છે, જેમાં રાષ્ટ્રને સર્વપ્રથમ ગણવામાં આવે છે. રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદની શુભ ભાવનાથી સભર આ સંગઠન આપણને પણ રાષ્ટ્રનિષ્ઠા શીખવી જાય છે. આ સંગઠનની સ્થાપના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું નામકરણ, સંઘનાં કાર્યક્રમો, સંઘની વિચારધારાનાં વિવિધ ક્ષેત્રો, સંઘની પધ્ધતિ, સંઘનાં સરસંઘચાલકો વિશે વિગતે માહિતી આપતું એક અધિકૃત પુસ્તક એટલે ' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ : એક પરિચય'.

મૂળ હિન્દી ભાષામાં શ્રી માધવ ગોવિંદ વૈદ્ય દ્વારા લિખિત આ પુસ્તકનો સરળ ગુજરાતી અનુવાદ શ્રી દિલીપ જે. ભટ્ટે કર્યો છે. ગુજરાતી ભાષામાં આ પુસ્તકનું પ્રકાશન હેત્વી પબ્લિકેશન, રાજકોટે કર્યું છે.

આ પુસ્તકનાં લેખક સ્વ. શ્રી માધવ ગોવિંદ વૈદ્ય, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં પ્રખર વિચારક અને સંઘનાં સૌપ્રથમ પ્રવક્તા હતાં. જેઓ બાળપણથી જ સંઘનાં સ્વયંસેવક હતાં. સંઘનાં આદ્ય સ્થાપક ડૉ. હેડગેવારનાં સમયથી તેઓ સંઘનાં માર્ગદર્શક બન્યાં હતાં. તેમણે ૨૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. જેમાં હિન્દુત્વની વિચારધારા પ્રસ્તુત કરી છે. તેમની આત્મકથા 'મેં સંઘ મેં, મુઝ મેં સંઘ' ખૂબ જ સ્મરણીય ગ્રંથ બની રહ્યો છે. આ પુસ્તકનો સરળ ગુજરાતી અનુવાદ શ્રી દિલીપ ભટ્ટે કર્યો છે, જેઓ પણ રાજકોટ ખાતે સંઘનાં બૌધ્ધિક પ્રમુખ, નગર કાર્યવાહ અને સંઘચાલક છે.


ડૉ. હરીસિંહ ગૌર વિશ્વવિદ્યાલય, સાગર, મધ્યપ્રદેશનાં કુલાધિપતિશ્રી તથા ખૂબ જાણીતાં શિક્ષણવિદ્ પ્રો. બળવંત શાં. જાની પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં લખે છે, ' ૯૭ વર્ષની વય સુધી સંઘકાર્યમાં માર્ગદર્શકની ભૂમિકા બિનવિવાદાસ્પદ રહીને ભારે સફળતા સાથે ભજવનાર પ્રો. મા. ગો. વૈદ્યનું હિન્દી પુસ્તક "રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કા પરિચય " એક શ્રદ્ધેય પુસ્તક ગણાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંગઠનથી પરિચિત થવા માટે ઉપરાંત સ્વયંસેવકો પાસે પણ ખરી માહિતી હાથવગી રહે, એ માટે કોઈ અધિકૃત એવા પૂરા શ્રદ્ધેય અને હકીકતનિષ્ઠ વિગતો અને અર્થઘટનાઓથી સભર ગુજરાતી ભાષાનાં ગ્રંથની આવશ્યકતા હતી. અનુવાદ ન જણાય પણ સરળ- રસળતી શૈલીમાં ગુજરાતીમાં જ જાણે ગ્રંથ રચાયો હોય એવો ઉત્તમ અનુવાદ છે. શ્રી દિલીપભાઈએ અનુવાદ ઉપરાંત આજ સુધીની કેટલીક દસ્તાવેજી વિગતો પણ અહીં વણી લીધી છે. ખૂબજ ટૂંકમાં ભારે સંક્ષિપ્ત છતાં પૂરી માહિતીને પ્રગટાવતી આ પુસ્તિકા સ્વરૂપનો ગ્રંથ સહુ કોઈ ગુજરાતી ભાષકોને- પત્રકારોથી માંડીને સારસ્વતોને - ઉપયોગી બની રહેશે. '

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનાં કુલપતિ શ્રી ડૉ. નીતિન પેથાણી પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરતાં લખે છે, ' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણી પૂર્વે સમાજનાં નવાંગતુકો માટે અને સંઘથી પરિચિત થવા માટે આ અનુવાદિત પુસ્તક ખૂબજ ઉપયોગી સાબિત થશે. '

ગુજરાત રાજ્ય સુરક્ષા કમિશનનાં સભ્ય શ્રી પ્રો. ડૉ. કમલેશ જોશીપુરા તેમની શુભેચ્છા વ્યક્ત કરતાં લખે છે, ' મૂળ લેખક પૂ. મા. ગો. વૈદ્યએ ખૂબજ તલસ્પર્શી વિગત સાથે સરળ ભાષામાં આ પુસ્તક લખ્યું છે અને માતૃભાષા - ગુજરાતીમાં શ્રી દિલીપભાઈ એ તેનો સરળ શૈલીમાં અનુવાદ કર્યો છે. '

અહીં પુસ્તકમાં એક ખાસ વાત એ જાણવા જેવી છે કે શ્રી ડૉ. કેશવ બલિરામ હેડગેવારજીને સન્ ૧૯૨૫માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવાની જરૂર કેમ પડી? પુસ્તકનાં એક ખાસ ભાગને જાણીએ અને આ પુસ્તકને સાચા રાષ્ટ્રવાદી હિન્દુઓ સુધી પહોંચાડવાનો પ્રણ પણ લઈએ.

'અંગ્રેજ સત્તા સાથે અસહયોગ અને સ્વદેશી એવાં મહાત્મા ગાંધીજીનાં આ કાર્યક્રમો સાથે ડૉ. હેડગેવારજી સ્વયં જોડાઈ ગયાં હતા. હિન્દુસ્તાનની આઝાદી માટે હિન્દુ - મુસલમાનોમાં એકતા રહેવી જોઈએ - આ વાત જ્યારે મહાત્માજીએ આગ્રહપૂર્વક કહેવાનું શરૂ કર્યું, ત્યારે ડૉક્ટરજીએ રુબરુમાં મહાત્માજી સાથે મુલાકાત કરી તેમને પૂછ્યું કે, હિન્દુસ્તાનમાં હિન્દુ, મુસલમાન, ઈસાઈ, પારસી, યહૂદી વગેરે અનેક ધર્મોનાં લોકો રહે છે. ત્યારે આપ માત્ર





હિન્દુ - મુસલમાન એકતાની વાત શા માટે કરો છો? હિન્દુ - મુસલમાન એકતા શબ્દ પ્રચારમાં આવ્યા પહેલાંથી જ અનેક મુસલમાન કોન્ગ્રેસમાં આવીને સ્વરાજને માટે કાર્ય કરી રહ્યા છે. મહાત્માજીએ જવાબમાં કહ્યું કે, હિન્દુ - મુસલમાન એકતાની વાત કરીને હું મુસલમાનોના મનમાં દેશને માટે આત્મીયતા અને પ્રેમ નિર્માણ કરી રહ્યો છું. ડૉક્ટરજીને આ જવાબ યોગ્ય લાગ્યો નહીં. છતાંપણ તેઓ કોન્ગ્રેસમાં કાર્ય કરતાં રહ્યાં.'

## ઓવરફ્લો

# ...એકલા રોટલાથી તો કેવુંક પેટ ભરાય? મારી નનુડી અડધી ભૂખી સુય જાય સે

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

શેત્રુંજી ડેમ ઓવરફ્લો થયો અને તેના 50 દરવાજા દોઢ ફૂટ જેટલા ખોલવામાં આવ્યા. આ સમાચાર ન્યૂઝ પેપરમાં ફોટા સાથે જોયા.તે રૂબરૂ જોવા ફેમિલી અને મિત્રો સાથે ઉપડી ગયા. છેલ્લા પંદર દિવસથી સતત વરસાદને વાદળ છાયું વાતાવરણ હતું.આજે થોડો તડકો નીકળ્યો હતો. ત્યાં પહોંચતા જે દ્રશ્ય જોયું, દૂરથી જ પાણી પડવાનો ખળખળાટનો અવાજ આવતો હતો. ડેમ સાઈટે પહોંચ્યા ત્યાં અદભુત નજારો જોયો. ખૂબ ઊંચાઈથી પડતું પાણી જાણે દૂધ હોય તેવો ભાસ થતો હતો. ઉપરથી નીચે પછડાતા પાણીની ઝણ અમને ભીંજવતી હતી. વ્યું પોઈન્ટ પર લોકોના ટોળા જામી ગયા હતા. પડતા પાણીની સામે એક ધારું જોઈ રહેતા જાણે સમાધી લાગી જતી હોય તેવું લાગતું હતું. વાતાવરણ ઘડીક તડકો તો ઘડીક વાદળ છાયું થઈ જતું. પાણીના પડવાના અવાજમાં લોકોની વાતો સંભળાતી ન હતી. લોકો વ્યુ પોઈન્ટની પાઈપની બોર્ડર રેલીંગ ઠેકી ડેમથી જેટલા નજીક જવાય તેટલા નજીક જઈ સેલ્ફી લઈ રહ્યા હતા. જોખમી જગ્યાથી લોકોને આઘા રાખવા ગાર્ડની વ્હિસલ વાતાવરણને ચીરતી હોય તેવું લાગતું. ફેરિયા પાસેથી આવતી શેકેલી મગફળી, બાફેલા મકાઈના ડોડાને વેફરની મિશ્ર સુવાસ વાતાવરણમાં ભળેલી હતી.

અમારા ફેમિલીના બાળકોને આ નજારો જોવા કરતા વહેતા પાણીમાં નહાવાની વધું ઉતાવળ હતી. પરંતુ આ ધસમસતાં પ્રવાહમાં ન્હાવું જોખમી હતું. અમારી સાથે પાલિતાણાના પણ એક સ્થાનિક મિત્ર હતા.

તેણે કહ્યું, " સામે કાંઠે જતાં રહેવી ત્યાં આપણને છોકરાવને નવડાવવા માટેની જગ્યા મળી જશે."

અમે સામે કાંઠે ગયા. ત્યાં એક નાનો અને છીછરો પ્રવાહ હતો. અમે ત્યાં એક ભેખડ પર થેલાને બીજી બધી વસ્તુ રાખી.

છોકરાવ તો ગાંડા થઈ નહાવા લાગ્યા. અમે પણ છબછબિયાં કરી અડધા પલળી ગયા. અમારામાના એક ભાઈ તો પાણી ભાળી રહી ના શક્યા. તેણે પણ ધૂબાકો માર્યો. બધા નહાવામાં મશગૂલ હતાં. હું અડધો ભીંજાયેલો એક મોટા પથ્થર પર બેઠો હતો.

સામે કાંઠાની એક ભેખડ પર એક વ્યક્તિ બેઠો હતો. તેનાં શરીરનો વાન કાળો હતો. વધી ગયેલાને ન્હાયા વગરના મેલાં વાળ હવામાં ઉડી ઉડીને જુથરકા થઈ ગયા હતા. તેણે જુનું પેન્ટ અને મેલી લાલને કાળા કલરની ગંજી પહેરેલી હતી. ગળામાં ગળાથી એકદમ નજીક ગળીના કાળા દોરામાં ચાંદીની મોટી માંદડી પહેરેલી હતી. જાણે કોઈની વાટ જોઈ જોઈને તેની આંખોની બંને બહારની સાઈડમાં કરચલી પડી ગયેલી હતી. વધી ગયેલી દાઢીથી તે આવારા જેવો લાગતો હતો.



તેનું ધ્યાન ઘડીક અમારી તરફ તો ઘડીક ન્હાતા છોકરાઓ તરફને ઘડીક અમારી પડેલી વસ્તુ, પર્સ તરફ ફર્યા કરતી હતી. હું તેના તરફ ધ્યાન રાખી બેઠો હતો. મને એવું લાગતું હતું કે આ લોકો ચોરી બોરી કરવા અહી બેસી રહેતા હશે. લોકોની નજર ચૂકવીને તેનો સામાન, પર્સ કે મોબાઈલ ફોન ચોરી લેતા હશે. તેના દરહણ પણ એવા જ હતાં. મારો પરિવારને મિત્રો ન્હાવામાં મગ્ન હતાં. પણ હું પેલાંનું પાક્કું ધ્યાન રાખી બેઠો હતો. તેની નજર મારી સામે મળે ત્યારે હું તેની સામે કરડાકી નજરે જોતો. તે નજર ફેરવીને ન્હાતા બાળકો સામે જોઈ રહેતો. બાળકોના છબછબિયાંને દેકારા, શોરબકોર જોઈ તે પણ રાજી થઈ હસવા લાગતો. વળી મારી સામે જોઈ મારી કરડી નજરથી ડરી નજર ફેરવી લેતો. એકાદ કલાક આવો પ્રોગ્રામ ચાલ્યો. બાળકો અને મોટેરા ન્હાઈને થાકી ગયા. ને ભૂખ્યા પણ થયાં. એક મોટા પથ્થર પર પંગત પડી ગઈ. નાસ્તાનો સફાયો બોલાવી દીધો.

પછી થાક્યા પાક્યા બધાં ઘરે જવા માટે થોડી દૂર નદી કાંઠે મુકેલી ગાડી તરફ ચાલી નીકળ્યા. હું પાછળ હતો. મે પેલાંની નજીક જઈ જોયું તો તેણે પગની નીચે માછલી પકડવાની નાયલોન નેટ દબાવી રાખી હતી.

મેં તેને પૂછ્યું, "અલ્યા માછલા પકડે છો?"

તેણે ડરીને ટૂંકો જવાબ આપ્યો, " હા, શાબ."

" કેટલા પૈસા મળે તને માછલા વેચીને?" મે ઉલટ તપાસ કરતાં પૂછ્યુ.

" શાબ, હું તો મારા ઘરના અને છોરાવ હાટું ખાવા પૂરતા જ પકડું સું" તેણે ડરતા ડરતા કહ્યું.

" તો બેઠો કેમ છો જાળ નાખી માછલાં પકડવા લાગ."

" શાબ, તણ દાડાથી ડેમ હામે

(અનુસંધાન પેજ નં.૬૫૨)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાંચ હજારથી વધુ પોલીસ ફોર્સ તૈનાત રાખવામાં આવશે

## 5 સપ્ટે.થી અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો

ગુજરાત | વંદન

અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો બે વર્ષ બાદ યોજાઇ રહ્યો છે. જેને લઈને વહીવટી તત્રં દ્વારા તડામાર તૈયારીઓ શ કરી દેવામાં આવી છે. લગભગ બે વર્ષ બાદ આ મેળો યોજાઇ રહ્યો છે તેથી મોટી સંખ્યામાં માય ભકતો અંબાજી ઉમટી પડે તેવી શકયતા છે જેને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થાની ગોઠવણ શ કરવામાં આવી છે આ માટે વિશેષ જવાબદારી હારિત શુકલાના શિર પર નાખવામાં આવી છે. આગામી પાંચમી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ભાદરવી પૂનમના મેળા ને લઈને સુરક્ષા વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની ચુક ન રહે તેની કાળજી લેવાશે.

તાજેતરમા સચિવ હારીત શુકલની અધ્યક્ષતામાં મેળાને લઇને સુરક્ષાનું આયોજન કરવા માટે મહત્વપૂર્ણ બેઠક મળી હતી, મેળાના વ્યવસ્થાપન લઈને ૨૮ વિવિધ ટીમ બનાવામાં આવી છે.

છેલ્લા બે વર્ષથી ભાદરવી પૂનમના મેળામાં કોરોનાના કારણે લોકો જઈ શકતા ન હતા પરંતુ આ વખતે શ્રદ્ધાળુઓ મોટા પ્રમાણમાં આવશે તેવી શકયતાઓ જોવા મળી રહી છે. યાત્રિકોને દર્શન સરળતાથી કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે અને વ્યવસ્થા કરવામાં આવી છે.

૫ ડ્રોન કેમેરા, એફઆરએ સિસ્ટમ સાથેના ૩૦૦થી વધુ સીસીટીવીકેમેરાની અને પીટીઝેડ કેમેરા તેમની સાથે ૩૫ પોલીસ વિડિયો ગ્રાફર તહેનાત કરવામાં આવશે જેમાં પોલીસ સતત ધ્યાન રાખશે. લોકોની સુરક્ષામાં કોઈ ચૂક ના રહી જાઇ તેની ખાસ તકેદારી રાખવામાં આવશે.

અંબાજીના ભાદરવીપુનમ મેળા દરમિયાન ટ્રેકટર ,ટ્રક ,જીપ ડાલા જેવા વાહનોમાં મુસાફરી કરવા પર પ્રતિબધં મુકવામાં આવ્યો છે. ભકતોની ભીડ જોઈને તે ધ્યાન રાખવું પણ જરી છે કે કોઈ સુરક્ષામાં ચૂક રહી ન જાય તેના માટે પોલીસ દ્વારા સતત ખડે પગે તૈનાત રહેશે.



## ગુજરાતી સિંગરના મોત મામલે મોટો ખુલાસો પોલીસે અલગ-અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી

**» પારડી તાલુકા ખાતે પાર નદીના કિનારે શંકાસ્પદ હાલતમાં મળી હતી લાશ**

ગુજરાત | વંદન

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પાર નદી કિનારે એક કાર ન. GJ-15-CG-4224 માં વલસાડની મહિલાની લાશ મળી હતી. ત્યારે આ અંગે પારડી પોલીસ દ્વારા તપાસ કરતા વલસાડની ગાયિકા વૈશાલી બલસારા હોવાનું જાણવા મળ્યું હતું. પાર નદીના કિનારે મળેલી સિંગરની લાશ મામલે પોસ્ટમાર્ટમનો રિપોર્ટ આવતા વલસાડ જિલ્લા પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધી વધુ તાપસ હાથ ધરવામાં આવી છે.

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પાર નદી કિનારે એક કાર ન. GJ-15-CG-4224 માં વલસાડની મહિલાની લાશ મળી હતી. સ્થાનિક લોકોએ અજાણી કારને ઘણા સમયથી ઉભેલી જોઈને ઘટનાની જાણ પારડી પોલીસને કરી હતી. પારડી પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે જઈને ચેક કરતા કારમાંથી શંકાસ્પદ હાલતમાં લાશ મળી હતી. પારડી પોલીસે ચેક કરતા વલસાડની ગાયિકા વૈશાલી બલસારા હોવાનું જાણવા મળ્યું હતું. વૈશાળીના પતિએ ગત રોજ વૌશાલી ઘરેથી ગુમ થઈ હોવાની નોંધ કરવી હતી. પોલીસે લાશનો કબ્જો મેળવી આગળની તપાસ હાથ ધરી હતી. મહિલા સિંગરના મોત મામલે ડેથ રિપોર્ટમાં ગળે ટૂંપો દઈ હત્યા કર્યા હોવાનું સામે આવ્યું છે. વલસાડ જિલ્લા



પોલીસ દ્વારા LCB, SOG, પારડી પોલીસ અને સિટી પોલીસ સહિત અન્ય એક ટેક્નિકલ ટિમ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. મૃતક મહિલા વૈશાલી બલસારા તેણીની મિત્ર બબીતા પાસે પૈસા લેવા ગઈ હતી. ત્યારબાદ વૈશાલીનો નંબર બંધ આવતો હતો. વૈશાલીની બીજા દિવસે હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. હત્યા અજાણ્યા ઈસમોએ કરી હોવાને લઈ પોલીસે અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધરી છે. બબીતાને આપેલ પૈસા પરત લીધા બાદ સમગ્ર ઘટનાને અંજામ અપાયો હતો.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
સીઝનલ ધંધામાં માલનો ભરાવો કરી રાખવો નહીં. જેમ- જેમ સમય પસાર થતો જાય તેમ તેમ આપના કામમાં ધીરે ધીરે વ્યસ્ત થતા જાવ. રૂકાવટ મુશ્કેલી દૂર થતા કામમાં રાહત જણાય.આપની વિકાસયાત્રામાં સંદેશાવ્યવહાર અને સંપર્ક ઘણો મહત્ત્વના છે.

**વૃષભ** (બ.વ.ઉ)
આપ હરો, ફરો, કામકાજ કરો પરંતુ આપના હૃદય કે મનને શાંતિ રાહત જણાય નહીં. માતૃપક્ષે બિમારી ચિંતાનું આવરણ આવીઆપે પરંતુ તે દરમ્યાન કામમાં ઉતાવળ કરવી નહીં. ઘર- પરિવારના શ્નોના લીધે ચિંતા- ઉચાટ રહે, કામમાં મન લાગે નહીં.

**મિથુન** (ક.છ.ઘ)
આર્થિક રીતે દુશ્મનો આપને હાનિ પહોંચાડી શકે છે. આસપાસ શું બની રહ્યું છે તે માટે સભાન રહેવું. આ અંગે વિચારી ને લીધેલા પગલાં ફાયદાકારક પુરવાર થશે. મંગળવારે આપ મોટી સફળતા મેળવી શકો છો. શુક્રવારે શેરબજારમાં નવુ રોકાણ કરતાં વિચારવું જોઈએ.

**કર્ક** (ડ.હ)
નોકરી ધંધાના કામકાજમાં ધ્યાન રાખવું. આપના પદ, કે ધનને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી પડે. નવું કામ શરૂ કરતા પહેલા માતાજી કે કુળદેવીનું સ્મરણ કરવું. ધર્મકાર્ય, શુભકાર્ય થઈ શકે. પરદેશના કામમાં મિલન- મુલાકાત જણાય. યાત્રા પ્રવાસનું આયોજન ગોઠવા.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહ તમારા શારીરિક અને માનસિક વિકાસ માટે જરૂરી તક આપી જાય. થોડી મહેનત પણ કરવી પડે. શેરબજારના કામમાં, વીમા કંપનીના કામમાં, બેંકોના કામમાં આપે ધ્યાન રાખવું પડે. ઉતાવળમાં આવેશમાં આવી જઈને કોઈ કાર્ય કરવું નહીં

**કન્યા** (પ.ઠ.ણ)
આપના કાર્યમાં વ્યસ્ત રહેવાની સાથે સામાજિક વ્યવહારિક કામમાં પણ વ્યસ્ત રહેવું પડે. કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. સ્વાસ્થ્ય બાબત પર ધ્યાન આપવું જોઈશે. બાળકો અને સંતાનો સાથે પ્રેમથી કામ લેવું. આનંદ અને પારિવારિક મિલન થાય.

**તુલા** (ર.ત)
સપ્તાહ દરમ્યાન માનસિક પરિતાપ કે પછી ઉચાટના લીધે કામમાં મન લાગે નહીં - પરંતુ, એ સમય પૂરો થવામાં છે . તમારા, અગત્યના કામ અંગેની મિલન કે પછી ધંધાકીય મુલાકાત દરમ્યાન સાવધાની રાખવી.જેમ જેમ દિવસ પસાર થતો જાય આપના કાર્યમાં રાહત થતી જાય.

**વૃશ્ચિક** (ન.ય)
સરકારી કે પછી તમારા ખાતાકીય કામમાં, કોર્ટ કચેરીના કામમાં કોઈને કોઈ રૂકાવટ રહ્યા કરે. આપના ધાર્યા મુજબનું કામ ન થતાં ઉદ્વેગ રહે.આપના માટે માનસિક પરિતાપ અથવા ઉચાટનો સમય પૂરો થઈ રહ્યો છે . ખર્ચાઓ અને ઓછો નફો તમને પુનર્વિચાર કરવાની ફરજ પાડશે.

**ધન** (ભ.ધ.ફ)
વાણીની સંયમતા રાખીને શાંતિથી પોતાનું કામ કરવું. મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરવી. પરદેશના કામમાં રૂકાવટ જણાય.આપના કાર્યમાં આકસ્મિક સરળતા જણાય. પુત્ર- પૌત્રાદિકના પ્રશ્નમાં આપની ચિંતા પરેશાની ઓછી થાય. ધંધામાં આવક થાય.

**મકર** (ખ.જ)
તમારા કાર્યક્ષેત્રની બાબતે વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. મિત્રવર્ગ સગા સંબંધી વર્ગની ચિંતા જણાય. જમીન-મકાન-વાહનની લે-વેચમાં ઉતાવળ ન કરવી. દરમ્યાન આપ કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહો. આપના કાર્યને પૂર્ણ કરવા માટે દોડધામ શ્રમ જણાય. ક્ષણિક ચિંતા રહે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
યાત્રા-પ્રવાસ, મિલન-મુલાકાતમાં આપે સાવધાની રાખવી પડે. પરદેશના કાર્યમાં રૂકાવટ જણાય. ઉપરી વર્ગના ઠપકાનો ભોગ બનવું પડે તે માટે સાવધાની રાખવી. .આપના કાર્યમાં રૂકાવટ- વિલંબ જણાય, સીઝનલ ધંધામાં માલનો ભરાવો કરી રાખવો નહીં.

**મીન** (દ.ચ.ઝ)
વધુ પડતા આત્મવિશ્વાસમાં આવી જઇને ઉતાવળે કોઈ નિર્ણયો લેવા નહીં. આપે તન-મન-ધનથી અને વાહનથી સંભાળીને શાંતિથી સમય પસાર કરી લેવો. મિત્રવર્ગની ચિંતા જણાય. ધર્મકાર્યમાં અડચણ જણાય તો કુળદેવીનું સ્મરણ કરવું. આપના અગત્યના કામ અંગે બહાર જવાનું બને. અગત્યના કામકાજ અંગેની મિલન-મુલાકાતમાં આપે ઉતાવળ ન કરવી.

**સ્મૃતિવન મ્યુઝિયમ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે**

## 22 વર્ષ પહેલા કચ્છમાં આવેલા ગોઝારા ભૂકંપની યાદ તાજી કરાવતું સ્મૃતિવન સ્મારક

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ભૂજમાં કચ્છના 2001ના ભૂકંપના સ્મારક સ્મૃતિવનનું લોકાર્પણ કર્યું હતું તથા કચ્છ યુનિવર્સિટીના મેદાનમાં 4,400 કરોડથી વધુના વિકાસકાર્યોનું લૉન્ચિંગ કર્યું હતું. પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે એક તબક્કે ગુજરાતને બદનામ કરવા માટે તથા રાજ્યમાં રોકાણને અટકાવવા માટેના કાવતરાં થયાં હતા છતાં પણ ગુજરાતે વિકાસનો નવો માર્ગ કંડારી બતાવ્યો છે. તેમણે એમપણ કહ્યું કે હું એ સ્પષ્ટપણે જોઈ રહ્યો છું કે વર્ષ 2047 સુધીમાં ભારત વિકસિત દેશોની હરોળમાં આવી જશે.

નોંધનીય છે કે, જાપાનમાં ભૂકંપ પીડિતોની યાદમાં કોબે અર્થક્વેક મેમોરિયલ મ્યૂઝિયમ છે જેમાં ભૂકંપમાં બચી ગયેલા લોકોની વાર્તાઓ, અને જીવનયાપન, અને સ્થળાંતરને લગતી પ્રવૃત્તિઓ વિશે જણાવવામાં આવે છે. ભૂકંપ બાદ ઘટેલી પરિસ્થિતિઓનું વિગતવાર વર્ણન પણ કરવામાં આવ્યું છે. દક્ષિણ આફ્રિકામાં તુલબાગ અર્થક્વેક મ્યૂઝિયમ છે જેમાં સ્થાનિકો તેમના ભૂકંપ અંગેના અનુભવો વીડિયો અને પ્રદર્શન દ્વારા જણાવે છે. આ રીતે જ ભુજમાં પણ હવે સ્મૃતિવન સંગ્રહાલય ભૂકંપ અંગેનું વિશેષ મ્યૂઝિયમ ભુકંપગ્રસ્તો અને પરિસ્થિતિઓનું સંવેદના સ્મારક અને પ્રવાસીઓ અને મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. ૨૨ વર્ષ બાદ ભુકંપની હોનારત સામે કચ્છ એક અભૂતપૂર્વ સફર ખેડીને બેઠું થયું છે અને કચ્છનો ડંકો વિશ્વભરમાં વાગે છે. ભૂકંપમાં ભોગ બનેલા નાગરિકોની યાદમાં કચ્છ ખાતે સ્મૃતિવન મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

ભુજમાં રૂ. ૩૭૫ કરોડના ખર્ચે ભારતના સૌથી મોટા સ્મારક અને સંગ્રહાલય સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યુ છે. આ કુલ



૪૭૦ અને અત્યારે ૧૭૫ એકરમાં ભૂજિયા ડુંગરની તળેટી ખાતે બનાવવામાં આવ્યું છે. સ્મૃતિવન મેમોરીયલમાં વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં જીવ ગુમાવનાર ૧૨૯૩૨ સ્વજનોની સ્મૃતિઓના સંવેદનની કુલ ૧૦૨૦ નેમ પ્લેટો મુકવામાં આવી છે. તો તેમની યાદમાં ૩ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

**સુરતમાં વકીલ મેહુલ બોઘરા પર હુમલાનો મામલો**

## મેહુલ બોઘરાની ધરપકડ કરવા પર હાઈકોર્ટે મનાઈ હુકમ ફરમાવ્યો

ગુજરાત | વંદન

સુરતના વકીલ મેહુલ બોઘરા સામે નોધાયેલી એફઆઈર મામલે હાઈકોર્ટે મહત્વનો ચૂકાદો આપ્યો છે. મેહુલ બોઘરાની ધરપકડ કરવા પર હાઈકોર્ટે મનાઈ હુકમ ફરમાવ્યો છે. સુરતના યુવા એડવોકેટ મેહુલ બોઘરા સામે સરથાણા પોલીસ મથકમાં ખંડણી અને એટ્રોસિટીની દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં મેહુલ બોઘરાએ ગુજરાત હાઈકોર્ટમાં ફરિયાદ રદ કરવા માટેની પિટિશન દાખલ કરી હતી. આથી આ મામલે હાઈકોર્ટે નોંધ્યું છે કે, ‘મેહુલ પર થયેલી ફરિયાદ ખોટી છે. આ મામલે 13 સપ્ટેમ્બરે વધુ સુનાવણી હાથ ધરાશે.’

નોંધનીય છે કે, સરથાણા વિસ્તારમાં ગેરકાયદે રીતે વાહનચાલકો પાસે ઉઘરાણું કરનારા ટીઆરબી જવાનોનું સોશિયલ મીડિયા પર લાઈવ કરનારા સુરતના યુવા એડવોકેટ મેહુલ બોઘરા પર ટીઆરબીના સુપરવાઈઝર સાજન ભરવાડ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ એડવોકેટ મેહુલ બોઘરા સામે સરથાણા પોલીસ મથકમાં એટ્રોસિટી અને ખંડણીના ગુનાની ફરિયાદ દાખલ થઈ હતી. ત્યાર બાદ મેહુલ બોઘરાએ ગુજરાત હાઈકોર્ટમાં સીઆરપીસી 482 મુજબ ફરિયાદ રદ કરવાની એક પિટિશન દાખલ કરી હતી.

## શ્રી સરસ્વતી શિશુમંદિર વિભાપર દ્વારા વાલી સંમેલનનું ભવ્ય આયોજન કરાયું






ગુજરાત | વંદન

જામનગર ખાતે વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશ અને શ્રી સરસ્વતી વિદ્યા સેવા મંડળ સંચાલિત શ્રી સરસ્વતી શિશુમંદિર વિદ્યાલયના સંયુકત ઉપક્રમે વિભાપર ખાતે વાલી સંમેલન યોજાયું હતું.

આ વાલી સંમેલન દરમ્યાન નાગાલેન્ડ પ્રાંતના સંગઠન મંત્રી પંકજ સિંહાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમને 40 વર્ષના શિક્ષણના અનુભવો નાગાલેન્ડ પ્રાંતની વર્તમાન સ્થિતિ અને તેની વચ્ચે વિદ્યા ભારતીના કાર્ય સંદર્ભે માહિતગાર કર્યા હતા. તથા તેમને ગુજરાતના લોકોને નાગાલેન્ડ પ્રાંત આવવા અને તેમની શિક્ષણ વ્યવસ્થાથી પરિચિત થવા માટે આવાહન કર્યું. તો બીજી તરફ સ્કૂલના શિક્ષક ગણ દ્વારા સ્કૂલના પ્રાંગણને સુંદર શણગાર અને સ્કૂલના બાળકો દ્વારા ભવ્ય ગાન રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાલયના ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો, આચાર્યો, સંઘ, રાષ્ટ્રીય સેવિકા સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, ભારત વિકાસ પરિષદ, અખિલ ભારતીય વિધાર્થી પરિષદ તેમજ ગ્રાહક પંચાયતના કાર્યકર્તા તથા ગ્રામજનો તેમજ પત્રકારો જોડાયા હતા. તેમ વિદ્યાલયના પ્રચાર પ્રમુખ હેમાંશુભાઈ પરમાર દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું હતું તો નાગાલેન્ડથી ઉપસ્થિત પંકજ સિન્હાજી દ્વારા ત્યાંની પરિસ્થિતિ તેમજ લોકોના વિચારોની ગાથા સાથે વક્તવ્ય આપી શિક્ષણ માટેના કાર્યનો ચિતાર રજૂ કર્યો હતો.

**ડોક્ટરે હિંમત કરી પોલીસ ફરિયાદ કરતાં આરોપીઓ ઝબ્બે**

## ભાવનગરના તબીબ હનીટ્રેપમાં ફસાયા, પતાવટ માટે અમદાવાદની યુવતીએ માંગ્યા 2 કરોડ

ગુજરાત | વંદન

ભાવનગરના તબીબને અમદાવાદની યુવતીએ હની ટ્રેપમાં ફસાવી તેના મળતીયાઓ સાથે રહી દોઢ કરોડની ખંડણી માંગ્યાની બોરતળાવ પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી હતી જે સંદર્ભે બોરતળાવ પોલીસ એક મહિલા સહિત બેની ધરપકડ કરી હતી. સમગ્ર બનાવા અંગે ભાવનગરના એએસપી સફિન હસને જણાવ્યું હતું કે, 24 ઓગસ્ટના રોજ આ બનાવ સંદર્ભે પીડિત વ્યક્તિએ ફરિયાદ નોંધાવી હતી કે, એક અજાણી મહિલાએ વોટ્સએપથી મિત્રતા કેળવી હતી અને યેનકેન પ્રકારે લલચાવી- ફોસલાવી રૂમમાં બોલાવ્યો હતો. ઠંડા પીણામાં નશાકારક પદાર્થ ભેળવીને કઢંગી હાલતમાં વીડિયો બનાવી લીધો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વીડિયો ઉતારીને ફરિયાદીને બ્લેઇકમેઇલ કરવામાં આવતા હતા. જૂદા-જૂદા ઈસમો દ્વારા ફોનથી તેમજ વોટ્સએપથી સપંર્ક કરીને વીડિયો વાઈરલ કરી દેવાની ધમકી આપી બે કરોડ રૂપિયાની માગણી કરી હતી. જોકે ફરિયાદીએ આટલી મોટી રકમ ન હોવાનું કહેતા છેલ્લે દોઢ કરોડ આપવાની વાત કરી હતી. જેથી ફરિયાદીએ પોલીસનો સંપર્ક કરી સમગ્ર હકિકત જણાવી હતી.



આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ જુદી જુદી ટીમો બનાવી આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા સુચના આપવામાં આવી હતી. જેના આધારે આરોપીઓ પકડવા ત્વરીત કાર્યવાહી કરીને મહિલા આરોપી કાજલબેન રાજેશભાઇ વાછાણી રહે. નિકોલ અમદાવાદ, તથા વિજયભાઇ ભોપાભાઇ પરમાર રહે. નોંધણવદર તા.પાલીતાણા જી. ભાવનગર વાળાને ગણતરીની કલાકોમાં પકડી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામે સંડોવાયેલી મહિલા અગાઉ પણ આવા બ્લેકમેઈલના બનાવોમાં સંડોવાયેલી હતી. પકડાયેલા આરોપીઓના રીમાન્ડ મેળવીને આ ગુનાનો હેતુ તથા અન્ય આવા કેટલા કાંડ કરેલા છે, તેમજ આ ગુનમાં અન્ય કોણ કોણ આરોપીઓ સંડોવાયેલા છે. તેની વધુ તપાસ બાદ જ વધુ ભાવનગર જિલ્લાના સંકળાયેલા ત્રણ લોકોના નામ ખુલશે. તેમ એએસપી સફીન હસને જણાવ્યું હતું.

## શબ્દોની સંતાકૂકડી 25 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | 6 | | ■ | |
| 7 | 8 | ■ | | ■ | 9 | |
| ■ | 10 | 11 | ■ | 12 | | ■ |
| 13 | ■ | 14 | | | ■ | 15 |
| 16 | 17 | | ■ | 18 | 19 | |
| 20 | | ■ | 21 | | | |

**ઊભી ચાવી**

(1) ઈરાન દેશનું એક પ્રાચીન નામ [3]
(2) માદાનું વિરોધી [2]
(3) એક પક્ષી [2]
(4) તુલસી જેવો એક છોડ [3]
(6) ઘોડાને ભાવે [2]
(8) ગંજ, ઢગલો, ખડૂકલો [2]
(9) નાક વાટે વરાળ, ધૂણી વગેરે લેવાં એ [2]
(11) ધોબી [3]
(12) કેરોસીન [4]
(13) અંગોનું કે નસનું ખસી જવું [3]
(15) અગ્નિ [3]
(17) બીક, ભય [2]
(19) ક્ષેમકુશળ રહો, કુશળ રહો એવો ઉદ્ગાર [2]

**આડી ચાવી**

(1) હજમ કરવું, પચવું [3]
(3) રાજસ્થાનમાં આવેલો એક પહાડી અને ફળદ્રુપ પ્રદેશ [3]
(5) કૃતિ, સર્જન [3]
(7) વહાણ, મછવા, હોડી વગેરેમાં ગતિમાં હવાની અનુકૂળતા લેવા માટે કૂવાને આધારે બંધાતો ત્રિકોણાકાર વિશાળ વસ્ત્રપટ [2]
(9) સૂત્રોચ્ચાર [2]
(10) ઝેર, વિષ [2]
(12) તૃણ, ખડ [2]
(14) દાગીનો, ઘરેણું [3]
(16) રસ્તો [3]
(18) લખવાનું કાર્ય [3]
(20) હાથ [2]
(21) મકાનના માળ તૂટી પડતાં કે તોડી નાખતાં નીકળેલો ઈમારતી લાકડાં, રોડાં વગેરે નકામો ભંગાર [4]

**શબ્દોની સંતાકૂકડી-25 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-24નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 વા | ઘ | ■ | 2 ખા | ડો | ■ | 3 ય |
| ડ | ■ | 4 પા | સ | ■ | 5 દા | સ |
| ■ | 6 જા | ન | ■ | 7 કે | દ | ■ |
| 8 ગા | મ | ■ | 9 ફે | શ | ■ | 10 યુ |
| ઢ | ■ | 11 હા | મ | ■ | 12 વ્યં | ગ |
| ■ | 13 પ્યા | ર | ■ | 14 શં | કુ | ■ |
| 15 આ | દુ | ■ | 16 શા | ખ | ■ | 17 ખો |

## કોયડો નં. 27 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | | | | | | 9 |
| 7 | 3 | | 6 | | 8 | | | |
| 8 | | 5 | | | | | 6 | |
| | 6 | | | 7 | | | 4 | |
| | | | 2 | | | | | 6 |
| | | | | | 9 | | | |
| 6 | | | | | 3 | | | 4 |
| | 5 | | | 1 | | | | |
| 9 | | | | 5 | | | | 3 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-27નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 6 | 5 | 3 | 7 | 2 | 8 | 9 |
| 7 | 3 | 9 | 6 | 2 | 8 | 4 | 5 | 1 |
| 8 | 2 | 5 | 1 | 9 | 4 | 3 | 6 | 7 |
| 5 | 6 | 8 | 3 | 7 | 1 | 9 | 4 | 2 |
| 3 | 9 | 1 | 2 | 4 | 5 | 8 | 7 | 6 |
| 2 | 7 | 4 | 8 | 6 | 9 | 1 | 3 | 5 |
| 6 | 1 | 2 | 7 | 8 | 3 | 5 | 9 | 4 |
| 4 | 5 | 3 | 9 | 1 | 6 | 7 | 2 | 8 |
| 9 | 8 | 7 | 4 | 5 | 2 | 6 | 1 | 3 |

તેને વિવિધ કારણોસર, સાહિત્યની અત્યાર સુધીની કેટલીક મહાન કૃતિઓ તરીકે ગણવામાં આવે છે

# વિશ્વની એ નવલકથાઓ કે જે "સૌથી મહાન પુસ્તક" ગણાય છે..!

ગુજરાત | વંદન

સાહિત્યિક વિવેચકો, ઈતિહાસકારો, ઉત્સુક વાચકો અને સામાન્ય વાચકો પણ બધાના અલગ-અલગ મંતવ્યો હશે કે કઇ નવલકથા ખરેખર "સૌથી મહાન પુસ્તક" છે. શું તે સુંદર, મનમોહક અલંકારિક ભાષા સાથેની નવલકથા છે? અથવા એક તીક્ષ્ણ વાસ્તવિકતા સાથે? એક એવી નવલકથા કે જેની ખૂબ જ સામાજિક અસર થઈ હોય? અથવા એક કે જેણે વિશ્વને વધુ સૂક્ષ્મ રીતે અસર કરી છે? અહીં 12 નવલકથાઓની સૂચિ છે, જે વિવિધ કારણોસર, સાહિત્યની અત્યાર સુધીની કેટલીક મહાન કૃતિઓ તરીકે ગણવામાં આવી છે.

## અન્ના કારેનિના

વાર્તાઓના કોઈપણ ચાહક કે જેમાં વ્યભિચાર, જુગાર, લગ્નના કાવતરાં અને, રશિયન સામંતવાદ જેવા રસાળ વિષયોનો સમાવેશ થાય છે, તે તરત જ અન્ના કેરેનિનાને તેમની "શ્રેષ્ઠ નવલકથાઓ" સૂચિમાં ટોચ પર મૂકશે. અને ટાઈમ મેગેઝિન જેવા પ્રકાશનોએ નવલકથાને 1878માં તેની સંપૂર્ણતામાં પ્રકાશિત કરી ત્યારથી તે બરાબર તે જ રેન્કિંગ આપ્યું છે. રશિયન નવલકથાકાર લીઓ ટોલ્સટોય દ્વારા લખાયેલ, કાલ્પનિકનું આઠ-ભાગનું વિશાળ કાર્ય બે મુખ્ય પાત્રોની વાર્તા કહે છે: એક દુ:ખદ, નિરાશ ગૃહિણી, શિર્ષક અન્ના, જે તેના યુવાન પ્રેમી સાથે ભાગી જાય છે, અને કોન્સ્ટેન્ટિન લેવિન નામનો પ્રેમી જમીન માલિક, જે વિશ્વાસ અને ફિલસૂફીમાં સંઘર્ષ કરે છે. ટોલ્સટોય રશિયન સમાજમાં પ્રેમ, દર્દ અને કુટુંબ વિશેની વિચારશીલ ચર્ચાઓને તેમની વાસ્તવિક માનવતા માટે ગણવામાં આવતા પાત્રોની મોટી કાસ્ટ સાથે એકસાથે બનાવે છે. નવલકથા ખાસ કરીને સ્ત્રીઓને ક્રાંતિકારી ગણાવી હતી, જેમાં પૂર્વગ્રહો અને તે સમયની સામાજિક મુશ્કેલીઓને આબેહૂબ લાગણી સાથે દર્શાવવામાં આવી હતી.

## ટુ કિલ એ મોકિંગબર્ડ -એક મોકકીંગ પક્ષીને મારવું

હાર્પર લી , જે અત્યાર સુધીના સૌથી પ્રભાવશાળી લેખકોમાંના એક હોવાનું માનવામાં આવે છે, તેણે માત્ર એક જ નવલકથા પ્રકાશિત કરી (તેની વિવાદાસ્પદ સિક્વલ તેના મૃત્યુ પહેલા 2015માં પ્રકાશિત થઈ ત્યાં સુધી). લીની ટુ કિલ એ મોકિંગબર્ડ 1960 માં પ્રકાશિત થઇ હતી. અને તે સાહિત્યનું તાત્કાલિક ક્લાસિક બન્યું હતું. નવલકથા જીન લુઇસ ("સ્કાઉટ") ફિન્ચ નામની હોંશિયાર યુવતીની નિર્દોષ પહોળી આંખો દ્વારા દક્ષિણ અમેરિકનમાં જાતિવાદની તપાસ કરે છે. તેના પ્રતિકાત્મક પાત્રો, ખાસ કરીને સહાનુભૂતિશીલ અને ન્યાયી વકીલ અને પિતા એટિકસ ફિન્ચ, યુનાઈટેડ સ્ટેટ્સમાં રોલ મોડલ તરીકે સેવા આપતા હતા અને તે સમયે જ્યારે રંગભેદ અને જાતિ સંબંધિત તણાવ વધારે હતો ત્યારે તે પરિપ્રેક્ષ્યમાં પરિવર્તન આવ્યું હતું. "એક મોકકીંગ પક્ષીને મારવું" 1961માં ફિક્શન કેટેગરી માટે પુલિત્ઝર પુરસ્કાર મેળવ્યો અને 1962માં એકેડેમી પુરસ્કાર વિજેતા ફિલ્મ બનાવવામાં આવી, જેણે વાર્તા અને તેના પાત્રોને વધુ જીવંત બનાવ્યાં અને અમેરિકના સામાજિક ક્ષેત્ર પર ઉંડો પ્રભાવ આપ્યો

## ધ ગ્રેટ ગેટ્સબી

F. Scott Fitzgerald 's The Great Gatsby એફ. સ્કોટ ફિત્ઝગેરાલ્ડની ધ ગ્રેટ ગેટ્સબી એ વિદ્યાર્થીઓને વિવેચનાત્મક રીતે સાહિત્ય વાંચવાની કળાનો પરિચય કરાવવા માટેના એક મહાન ગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે. નવલકથા નિક કેરાવે નામના યુવાનના પરિપ્રેક્ષ્યમાં કહેવામાં આવી છે જે તાજેતરમાં ન્યુ યોર્ક સિટીમાં સ્થળાંતર થયો છે અને તેના રહસ્યમય મૂળ, જય ગેટ્સબી સાથે તેના વિચિત્ર ન્યૂ સમૃદ્ધ પાડોશી સાથે મિત્રતા કરે છે. ધ ગ્રેટ ગેટ્સબી યુનાઈટેડ સ્ટેટ્સના ઈતિહાસમાં 1920 ના જાઝ યુગમાં આંતરિક દ્દષ્ટિકોણ પ્રદાન કરે છે જ્યારે તે જ સમયે "અમેરિકન ડ્રીમ" ના વિચારની ટીકા કરવામાં આવતી હતી. કદાચ નવલકથાનું સૌથી પ્રસિદ્ધ પાસું તેની કવર આર્ટ છે - ઘાટા વાદળી રાત્રિના આકાશમાં એક વેધન ચહેરો અને સિટીસ્કેપમાંથી લાઈટ્સ પર પ્રક્ષેપિત કરવામાં આવે છે - એક છબી કે જે થોડી અલગ રૂપરેખામાં, ટેક્સ્ટની અંદર જ એક ચાવીરૂપ પ્રતિક તરીકે જોવા મળે છે.

## એકાંતના સો વર્ષ

કોલંબિયાના દિવંગત લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્ક્વેઝે 1967માં તેમની સૌથી પ્રસિદ્ધ કૃતિ, વન હંડ્રેડ યર્સ ઑફ સોલિટ્યુડ (એકાંતના સો વર્ષ) પ્રકાશિત કરી. આ નવલકથા બુએન્ડિયા પરિવારની સાત પેઢીઓની વાર્તા કહે છે અને તેમના નગર મેકોન્ડોની સ્થાપનાને અનુસરે છે જ્યાં સુધી તેનો વિનાશ ન થયો ત્યાં સુધી. પરિવારના વંશજોમાંથી. કાલ્પનિક સ્વરૂપમાં, નવલકથા સામાન્ય વસ્તુઓની અસાધારણ પ્રકૃતિ પર ભાર મૂકીને જાદુઈ વાસ્તવિકતાની શૈલીની શોધ કરે છે જ્યારે રહસ્યવાદી વસ્તુઓ સામાન્ય બતાવવામાં આવે છે. માર્ક્વેઝ ઈતિહાસ અને લેટિન અમેરિકન સંસ્કૃતિના સંબંધમાં દંતકથા અને લોકકથાના વ્યાપ અને શક્તિને પ્રકાશિત કરે છે. આ નવલકથાએ માર્ક્વેઝ માટે ઘણા પુરસ્કારો જીત્યા હતા, જે તેમના સમગ્ર કાર્ય માટે 1982માં સાહિત્ય માટેના નોબેલ પુરસ્કારના અંતિમ સન્માન તરફ દોરી જાય છે, જેમાંથી વન હન્ડ્રેડ ઈયર્સ ઑફ સોલિટ્યુડને ઘણી વખત તેમના સૌથી વિજયી તરીકે વખાણવામાં આવે છે.

## ભારત તરફનો માર્ગ

ઈએમ ફોર્સ્ટરે તેમની નવલકથા A Passage to India ( ભારત તરફનો માર્ગ) લખી હતી. તેમના પ્રારંભિક જીવન દરમિયાન ભારત દેશની અનેક યાત્રાઓ પછી આ નવલકથા લખી હતી.. આ પુસ્તક 1924 માં પ્રકાશિત થયું હતું અને અઝીઝ નામના મુસ્લિમ ભારતીય ડૉક્ટર અને અંગ્રેજી પ્રોફેસર, સિરિલ ફિલ્ડિંગ અને એડેલા ક્વેસ્ટેડ નામના મુલાકાતી અંગ્રેજી શાળાના શિક્ષક સાથેના તેમના સંબંધોને અનુસરે છે. જ્યારે અડીલા એમ માને છે કે તે એક કાલ્પનિક શહેર ચંદ્રપોરની નજીકની મરાબાર ગુફાઓની સફરમાં હતી ત્યારે અઝીઝે તેના પર હુમલો કર્યો હતો, (જ્યાં આખી વાર્તા સેટ છે), ત્યારે ભારતીય સમુદાય અને સંસ્થાનવાદી-કોલોનિયલ બ્રિટિશ સમુદાય વચ્ચે તણાવ વધે છે. અંગ્રેજી અને ભારતીય લોકો વચ્ચે મિત્રતા અને જોડાણની શક્યતા, તેમના સાંસ્કૃતિક તફાવતો અને શાહી તણાવ હોવા છતાં, તે સંઘર્ષમાં પરિવર્તિત થાય છે. નવલકથામાં કુદરતના રંગીન વર્ણનો, ભારતનું લેન્ડસ્કેપ અને લખાણમાં જે અલંકારિક શક્તિ આપવામાં આવી છે તે તેને સાહિત્યના મહાન કાર્ય તરીકે મજબૂત બનાવે છે.

## અદ્રશ્ય માણસ

એચજી વેલ્સની લગભગ સમાન નામની સાયન્સ-ફિક્શન નવલકથા સાથે આ નવલકથા ઘણી વખત વાચકોને ગૂંચવણમાં મૂકે છે (ફક્ત "The" બાદ કરીએ તો), રાલ્ફ એલિસનની અદ્રશ્ય મેન આફ્રિકન અમેરિકન પુરૂષ માટે ઓળખની અભિવ્યક્તિમાં ગ્રાઉન્ડબ્રેકિંગ નવલકથા છે. નવલકથાના વાર્તાકાર, એક માણસ કે જેનું નામ ક્યારેય લેવામાં આવતું નથી પરંતુ તે માને છે કે તે સામાજિક રીતે અન્ય લોકો માટે "અદ્દશ્ય" છે, દક્ષિણથી કૉલેજ અને પછી ન્યૂ યોર્ક સિટીમાં તેના ચાલની વાર્તા કહે છે. દરેક સ્થાને તેને અત્યંત પ્રતિકૂળતા અને ભેદભાવનો સામનો કરવો પડે છે, કામ, સંબંધો અને શંકાસ્પદ સામાજિક ચળવળોમાં પડવું અને બહાર પડવું તે એક માર્ગદર્શક અને અલૌકિક માનસિકતામાં છે. આ નવલકથા તેના અતિવાસ્તવ અને પ્રાયોગિક લેખનની શૈલી માટે જાણીતી છે જે આફ્રિકન અમેરિકન ઓળખ અને સંસ્કૃતિની આસપાસના પ્રતીકવાદની શોધ કરે છે. અદ્રશ્ય માણસ નવલકથાએ 1953 માં ફિક્શન માટે યુએસ નેશનલ બુક એવોર્ડ જીત્યો હતો. અમેરિકામાં અશ્વેતોની મનોદશાનું તેમાં વર્ણન છે..

## ડોન ક્વિક્સોટ

મિગુએલ ડી સર્વાંટિસની ડોન ક્વિક્સોટ , કદાચ સ્પેનિશ સાહિત્યની સૌથી પ્રભાવશાળી અને જાણીતી કૃતિ, સૌપ્રથમ 1615 માં સંપૂર્ણ રીતે પ્રકાશિત થઈ હતી. આ નવલકથા, જે ખૂબ જ નિયમિતપણે અત્યાર સુધીની શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિઓમાંની એક તરીકે ગણવામાં આવે છે, તે એક માણસની વાર્તા છે જે "ડોન ક્વિક્સોટ ડે લા મંચા" નામ લે છે અને રિવાજને પુનર્જીવિત કરવા અને પોતે હીરો બનવા માટે શૌર્ય વિશેની રોમેન્ટિક નવલકથાઓ પર વળગાડમાં બેસી જાય છે. ડોન ક્વિક્સોટનું પાત્ર એક મૂર્તિમંત અને કંઈક અંશે પ્રાચીન પાત્ર બની ગયું હતું, જેણે નવલકથાના પ્રકાશન પછીથી કલા, સંગીત અને સાહિત્યના ઘણા મોટા કાર્યોને પ્રભાવિત કર્યા હતા. નવલકથાનો ટેક્સ્ટ એટલો પ્રભાવશાળી રહ્યો છે કે એક શબ્દ, ક્વિક્સોટિક, ડોન ક્વિક્સોટ પાત્ર પર આધારિત, એવી વ્યક્તિનું વર્ણન કરવા માટે બનાવવામાં આવ્યું હતું જે, "ખાસ કરીને આદર્શોની શોધમાં મૂર્ખતાપૂર્વક અવ્યવહારુ છે; ઉચ્ચ રોમેન્ટિક વિચારો અથવા અતિશય શૌર્યપૂર્ણ ક્રિયા દ્વારા ચિહ્નિત થયેલ છે.

## પ્રિય


ટોની મોરિસનની 1987ની આધ્યાત્મિક અને ભૂતિયા નવલકથા પ્રિય સેથે નામના એક ભાગી ગયેલા ગુલામની વાર્તા કહે છે જે વર્ષ 1873માં સિનસિનાટી, ઓહિયોમાં ભાગી ગયો હતો. આ નવલકથા સ્વતંત્રતા મળ્યા પછી પણ ગુલામીના આઘાતની તપાસ કરે છે, જેમાં સેઠેના અપરાધને દર્શાવવામાં આવ્યો છે અને તેના પોતાના બાળકની હત્યા કર્યા પછી ભાવનાત્મક પીડા, જેને તેણે પ્રિય એવુ નામ આપ્યું હતું, તે પોતાના બાળકની એટલા માટે હત્યા કરે છે કેમ કે તે ઈચ્છતો નથી કે તેનું બાળક પણ તેની જેમ ગુલામનું જીવન જીવે....! પાત્રોના જીવનમાં એક આભાસી આકૃતિ દેખાય છે અને તે બાળકના નામથી જણાય છે, જે પરિવારની વેદના અને મુશ્કેલીઓને મૂર્ત બનાવે છે અને તેમની લાગણીઓ અને ભૂતકાળને ભૂલી ન શકાય એવુ બનાવે છે. ગુલામીની મનોવૈજ્ઞાનિક અસરો અને તેમના માનવીય આઘાતના ઘાને મલમ લગાવવા કુટુંબ અને સમુદાયના મહત્વને સંબોધવા માટે નવલકથાની પ્રશંસા કરવામાં આવી હતી. પ્રિય નવલકથાને 1988માં સાહિત્ય માટે પુલિત્ઝર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.


## જેન આયર


શાર્લોટ બ્રોન્ટની નવલકથા જેન આયર , કે જે બીજી નવલકથાઓની જેમ ઘણીવાર શાળામાં વાંચવા માટે ભલામણ કરવામાં આવતી હતી, તેશરૂઆતમાં 1847માં કુરર બેલના ઉપનામ હેઠળ પ્રકાશિત કરવામાં આવી હતી જેથી લેખક એક સ્ત્રી હતી. સદભાગ્યે, 1847 થી સાહિત્યમાં સ્ત્રીઓના સંદર્ભમાં ઘણું બદલાઈ ગયું છે, અને બ્રોન્ટાને હવે ઈતિહાસમાં સ્ત્રીઓ વિશેની સૌથી ગ્રાઉન્ડબ્રેકિંગ નવલકથાઓમાંની એક માટે તેને એક લાયક શ્રેય મળે છે. અને તે એવા સમયે જ્યારે લેખકે પોતાની સાચી ઓળખ, જેન આયરને છુપાવવાની ફરજ પડી હતી....! સ્ત્રીઓ માટે વ્યક્તિવાદની વાર્તા પ્રદાન કરી. નવલકથાનું એ જ નામનું પાત્ર અનાથ અને ગરીબમાંથી સફળ અને સ્વતંત્ર સ્ત્રીમાં ઉભરે છે. આ કાર્ય ગોથિક અને વિક્ટોરિયન સાહિત્ય બંનેની થીમ્સને જોડે છે.

## રંગ જાંબલી-ધ કલર પર્પલ

19મી સદી પહેલા એપિસ્ટોલરી નોવેલ (એક અથવા વધુ પાત્રો દ્વારા લખાયેલ પત્રોના રૂપમાં એક નવલકથા) સૌથી વધુ લોકપ્રિય હોવા છતાં, એલિસ વોકર તેના 1982ના પુલિત્ઝર પ્રાઈઝ- અને નેશનલ બુક એવોર્ડ વિજેતા નવલકથા ધ કલર પર્પલ સાથે શૈલીની ચેમ્પિયન બની હતી.. આ નવલકથા સિવિલ વોર પછીની સાઉથ અમેરિકામાં સ્થાયી થયેલી સેલી નામની એક યુવાન આફ્રિકન અમેરિકન છોકરીને પુખ્તાવસ્થામાં ભગવાન અને તેની બહેન નેટીને લખેલા પત્રોમાં અનુસરે છે. સેલી તેના પિતા અને આખરે તેના પતિ દ્વારા જાતીય શોષણનો સામનો કરે છે, તેણીની પોતાની પીડા અને વૃદ્ધિ તેમજ તેના મિત્રો અને પરિવારની વ્યથા દર્શાવે છે.. નવલકથા લૈંગિકવાદ, જાતિવાદ, લિંગ, જાતીય અભિગમ અને અપંગતાની થીમ્સને તેના વંચિત અને ક્ષતિગ્રસ્ત પાત્રોના જૂથ દ્વારા શોધે છે, જેઓ સમય જતાં, તેમના પોતાના જીવનને આકાર આપવા માટે વૃદ્ધિ પામે છે. વાર્તાને 1985 માં એકેડેમી એવોર્ડ-નોમિનેટેડ ફિલ્મમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, જેમાં વ્યાપક વિવેચકોની પ્રશંસા હોવા છતાં, તે માટે નામાંકિત કરાયેલા તમામ 11 પુરસ્કારોમાંથી નજરઅંદાજ કરવામાં આવી હતી.






























• અન્ના કારેનિના • ટુ કિલ એ મોકિંગબર્ડ • ધ ગ્રેટ ગેટ્સબી • એકાંતના સો વર્ષ • ભારત તરફનો માર્ગ • અદ્રશ્ય માણસ • ડોન ક્વિક્સોટ • પ્રિય • જેન આયર • ધ કલર પર્પલ

અનુસંધાન પેજ 4 પરથી...

### 10 હજાર વર્ષ...

જ્યોર્જ ચર્ચના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની એક ટીમે 2013માં લગભગ 30,000 વર્ષ પહેલાં લુપ્ત થઈ ગયેલી માનવ પ્રજાતિ 'નિએન્ડરથલ્સ'નું ક્લોનિંગ કરવાનું સૂચન કર્યું છે. ચર્ચ કહે છે કે તેમની ટીમ માત્ર 30 મિલિયન ડોલરમાં નિએન્ડરથલ્સને જીવંત કરવાનો ચમત્કાર કરી શકે છે..!

તમે ખોવાયેલા પ્રિયજનો અને લુપ્ત થયેલા જીવોને પાછા લાવો ત્યાં સુધી શા માટે રાહ જુઓ? શા માટે ગોરા શરીર, ગોળમટોળ શરીર, ઊંચા કદ અને અજોડ-બેજોડ બુદ્ધિ સાથે સેપિયન્સને-માનવીને ફરીથી ડિઝાઈન કરતા નથી? કેમ કે વિજ્ઞાનની મદદથી વધુ સારા માણસો બનાવવાનો વિચાર કાંઇ નવો નથી.

હકીકતમાં પ્લેટોના સમયમાં આવો વિચાર હતો. વધુ મહેનતુ અને ખેતરોમાં વધુ ઉત્પાદન આપી શકે એવા મજબૂત ગુલામો પેદા કરવા પસંદગીયુક્ત સંવર્ધન માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. વીસમી સદીની શરૂઆતમાં યુજેનિક્સ નામનું એક નવું વિજ્ઞાન વિકસાવવામાં આવ્યું હતું જેનો ઉદ્દેશ્ય માનવજાતની ભાવિ પેઢીઓને સુધારવા અને તેમનું જીવનધોરણ ઊંચું લાવવાના હેતુથી કરવામાં આવ્યું હતું. 1911 માં, ન્યુ યોર્ક (યુએસએ) માં યુજેનિક્સ રેકોર્ડ્સ ઑફિસ (ERO) બનાવવામાં આવી, જેનો હેતુ અયોગ્ય-કોઈ કામના ન હોય એવા લોકોને ઓળખવાનો હતો. આ કાર્યક્રમ હેઠળ 66,000 લોકોને કહેવાતા 'અનફિટ' (આમાં ગરીબો, સ્થળાંતર કરનારાઓ, લઘુમતીઓ અને સમાજના નબળા વર્ગોનો સમાવેશ થાય છે) નસબંધી કરવામાં આવી હતી જે 1915 સુધી ચાલુ રહી હતી..! 1930 ના દાયકામાં જર્મનીમાં તાનાશાહી હિટલરના ઉદય સાથે, નાઝીઓએ ઉત્ક્રાંતિ માનવતાવાદને પ્રોત્સાહન આપ્યું. ડાર્વિનના ઉત્ક્રાંતિના સિદ્ધાંતને સમર્થન આપતા, તેમણે દલીલ કરી હતી કે કુદરતી પસંદગીને અયોગ્યને ઉથલાવી દેવાની મંજૂરી આપવી જોઈએ અને માત્ર "ફિટ"ને જ ટકી રહેવા અને સંવર્ધનની મંજૂરી આપવી જોઈએ...! તેમનું માનવું હતું કે વધુ સારા, મજબૂત અને સક્ષમ લોકો દ્વારા નબળાઓને દૂર કરવામાં કંઈ ખોટું નથી... બીજા વિશ્વયુદ્ધ પછી, ઉદાર માનવતાવાદના બદલામાં યુજેનિક્સે તેની શક્તિ ગુમાવી દીધી અને તે ભૂલાઇ ગયું..

પણ કહેવાય છે કે યાદો ઓસરતી નથી અને આસાનીથી વિલીન પણ થતી નથી. મોલેક્યુલર બાયોલોજી અને જિનેટિક્સમાં પ્રગતિ સાથે, તે ધીમે ધીમે એક સ્થાપિત હકીકત બની ગયું છે કે ચોક્કસ જનીનો ખતરનાક આનુવંશિક રોગોના વાહક છે. કારણ કે તે શરીરમાં જનીનની સ્થિતિ છે જે ચોક્કસ રોગને આમંત્રણ આપે છે, વૈજ્ઞાનિકો લાંબા સમયથી માનવ જીનોમનો અભ્યાસ કરી રહ્યા છે. વૈજ્ઞાનિકોનો ઉદ્દેશ્ય જન્મ પહેલાં અથવા જન્મ સાથે જ બાળકમાં જનીન સંપાદન સાધનો દ્વારા આનુવંશિક રોગોને નિયંત્રિત કરતા જનીનોને ઓળખવા અને સુધારવાનો છે. આ દિશામાં એટલી બધી પ્રગતિ થઈ છે કે હવે આનુવંશિક ઈજનેરો ખામીયુક્ત જનીનોને સુધારવા માટે મોલેક્યુલર કાતરનો સરળતાથી ઉપયોગ કરી શકશે.

### ઓવરફ્લો...

જોયને બેઠો સુ. પાણી ઓસુ થાય તો જ માછલાં પકડાય. પસે જ પોલીસવાળા જાળ્ય નાખવા દે." તેણે ડરતા ડરતા સ્માઈલ આપતા કહ્યું.

મેં તેને સીધો જ મારા મનનો પ્રશ્ન પૂછી નાખ્યો.

" તું અમારા છોકરાઓ ન્હાતા તેને જોઈને કેમ હસતો હતો?"

" શાબ, સોકરાને નાતા જોય મને બવ રાજીપો થાતો'તો. મારી પાસ વરહની છોરી નનુડી ઘરે સે ઈને ય નાવા નો બવ સોખ સે."

કારણ જાણી હું પણ હવે નરમ પડ્યો. મને તેના વિશે ખોટી ધારણા બાંધવા માટે પસ્તાવો થયો.

મે તેને કહ્યું, " પણ તું તારી દીકરીને તારી સાથે અહી લેતો આવતો હો તો ! તું માછલી પકડેને તે બિચારી ન્હાવાનો શોખ પૂરો કરે એમાં ક્યાં કંઈ ખર્ચ લાગે છે !."

તેં ઘડીક કાઈ બોલ્યો નહિ. વાતાવરણને ખળખળાટનાં શોરથી ભરી દેતા ઓવરફ્લો થતા ડેમ તરફ જોઈ રહ્યો. પછી ઉપર આકાશ તરફ જોયું. પછી નીચે જોઈ બોલ્યો,

"શાબ, હું તણ દાડાથી પાણી બન થાવાની વાટે સુ, તણ દાડાથી હું મારા દંગે માછલી લીધા વિના જાવ સુ. સાક બવ મોંઘુ સે. એકલા રોટલાથી તો કેવુંક પેટ ભરાય? મારી નનુડી અડધી ભૂખી સુય જાય સે. જો એને આયા નાવા લાવું તો નાય નાયને ભૂખ બહું ઊઘડે. પશે મારે ઈને સુ ખવરાવવું શાબ ??"

તેની નજર નીચી જ હતી. તે પગના અંગૂઠાથી ભેખડના કાળમીંઢ પથ્થરને ખોતરવા મથી રહ્યો હતો. હવે તેણે મારી સામે જોયું. તેની આંખોની બંને બાજુની કરચલીઓ નદી થઈ ગઈ ને તેની આંખોનો ડેમ ઓવરફ્લો થઇ તે નદીમાં વહેવા લાગ્યો...

# સલાઈ હનુમાન મંદિરના મહંત અમરદાસ દેવલોક પામ્યા

ગુજરાત | વંદન

મધ્યપ્રદેશના મોરેનામાં સલાઈના હનુમાન મંદિરમાં 20 વર્ષ સુધી સેવા આપનાર મહંત અમરદાસ દેવલોક પામ્યા છે.



રવિવારે ઘાટી વિસ્તારની 12 પંચાયતોના ભક્તોએ અંતિમ દર્શન કર્યા હતા. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા . શનિવારે સાંજે સલાઈ હનુમાન મંદિરના મહંત અમરદાસના શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. મંદિરમાં હાજર ભક્તો નરેન્દ્ર પાલ સિંહ જાદૌન, ગંગા સિંહે શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે તેમને કારમાં સારવાર માટે ગ્વાલિયર લઈ જવાની વ્યવસ્થા કરી. મહંતને કારમાં બેસાડી લેવામાં આવ્યા હતા. પરંતુ મહંત અમરદાસે કાર રોકી અને જમીન પર બેસી ગયા. ત્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. જે બાદ તેને સ્થળ પર મુકવામાં આવ્યો હતો. જ્યાં 12 પંચાયતોમાં રહેતા હજારો અનુયાયીઓને તેમના મૃત્યુની જાણ કરવામાં આવી હતી. તેમના પાર્થિવ દેહના અંતિમ દર્શન બાદ રવિવારે મહંતની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. મુક્તિધામમાં મહંતના પુત્ર અશોકસિંહ જાદૌને અગ્નિદાહ આપી અંતિમ સંસ્કાર કર્યા હતા.

અનુસંધાન પેજ 1 પરથી...

### અટલ બ્રિજનો..

તમને મફતની ખોટી ટેવ પડે એમ અમે ઈચ્છતા નથી. કેમ કે અમે જાણીએ છીએ કે તમારી કને બહુ રૂપિયા છે... એટલે અટલ બ્રિજ પર હરવુ ફરવુ હોય તો પૈસા તો આપવા જ પડશે..ફુલોનો બગીચો જોવો હોય પણ પૈસા તો થશે જ..તમારાથી થાય તે કરી લો..સત્તામાં અમે જ છીએ... શું સમજ્યા...પૈસા પણ આપવા પડશે અને સાથે સાથે વોટ પણ.., નહીંતર પાકિસ્તાન તમને ખતમ કરવા તૈયાર જ છે...?!

### મમતા બની..

અન્ય એજન્સી સમન્સ આપીને બોલાવે તો તમારી સાથે તમારા બે વર્ષના માસૂમ બાળકને પણ સાથે લઈ જઈને કેન્દ્રને બતાવશો કે અમે પીછેહટ કરવા સર્જાયેલા નથી. અમારુ બે વર્ષનું બાળક પણ તમારો સામનો કરવા તૈયાર છે. એક તબક્કે મમતા દીદીએ કેન્દ્રને પડકારતા લલકાર્યું કે જો તમારામાં હિંમત હોય તો મારી ધરપકડ કરી જુઓ અને પછી જુઓ કે, બંગાળમાં શું થાય છે.

બંગાળ સરકારના બે મંત્રીઓ પાર્થ ચેટર્જી અને અનુબ્રત મંડલની કેન્દ્રીય એજન્સીએ ધરપકડ કરી છે. પાર્થને ત્યાંથી કરોડો કરોડો રૂપિયા મળી આવ્યા હતા આ અંગે અભિષેક બેનર્જીએ એવો દાવો કર્યો કે, ભારત બાંગ્લાદેશ સરહદે પશુ તસ્કરીના મામલે અનુબ્રત મંડલની ધરપકડ અયોગ્ય છે વાસ્તવમાં આ સરહદે પશુ તસ્કરી માટે બીએસએફ જવાબદાર છે અને બીએસએફ ગૃહમંત્રાલય હેઠળ હોવાથી ગૃહમંત્રી અમિત શાહે પશુ તસ્કરીને જવાબદારી પોતાના માથે લેવી જોઈએ એવા દાવો પણ કર્યો છે.

દરમિયાન રાજકીય સૂત્રો કહે છે કે, ભારતમાં આજ દિન સુધી કેન્દ્ર અને કોઈ એક રાજ્ય વચ્ચે વિધાનસભાની ચૂંટણીઓ પહેલા અને ચૂંટણીઓ બાદ આવી કડવાશ -ખટરાગ વૈયમનસ્ય તથા બદલાની રાજનીતિના દ્રશ્યો ક્યારે.ય પણ જોવા મળ્યા નથી. એમ મનાઈ છે કે, મમતા બેનર્જી ટૂંક સમયમાં કેન્દ્રીય એજન્સીઓ સામે પગલા ભરીને કેન્દ્ર સરકારની તેની સામે વળતા પ્રહાર માટે ઉશ્કેરવાનું પગલું ભરી શકે તેમ છે.

### અમેરિકન સેનાએ..

અને રાહત અને બચાવ કામગીરીમાં થાય છે. ચિનૂક હેલિકોપ્ટરનું ગ્રાઉન્ડિંગ યુએસ સૈનિકો માટે પરિવહન પડકારો પેદા કરી શકે છે. જોકે તે સસ્પેન્શન ઓર્ડર કેટલા સમય સુધી અમલમાં રહે છે તેના પર નિર્ભર છે.

### ગણપતિ બાપ્પા..

હાર્દિક શુભકામનાઓ આપતા તેમણે કહ્યું કે ભગવાન ગણેશના આશીર્વાદ હંમેશા આપણા બધા પર રહે. પીએમ મોદીએ કહ્યું કે આપણે હંમેશા ગણેશજીને વંદન કરીએ છીએ અને પૂજા કરીએ છીએ, જે વિઘ્નોનો નાશ કરે છે અને જેમનાથી કાર્ય સિદ્ધ થાય છે. શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે ગણેશજીના આશીર્વાદ હંમેશા આપણા બધા પર રહે. ગણેશ ચતુર્થીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ગણપતિ બાપ્પા મોર્યા

### 'આપ'ના 'ઓપરેશન..

થયા છે. દિલ્હીના તમામ સાતેય સાંસદો જનતાના સવાલોને સામે લાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, દિલ્હીમાં એક પછી એક કેટલાય કૌભાંડો સામે આવી રહ્યા છે. અરવિંદ કેજરીવાલની ગેંગ દિલ્હીની જનતાને સવાલોના જવાબ નથી આપી રહી. અમને એ વાતની ગેરેન્ટી જોઈએ કે, જે કૌભાંડ થયા છે, તે પૈસાને દિલ્હીના ખજાનામાં પાછા લાવવામાં આવે.

મનોજ તિવારીએ કહ્યું કે, અમે તમામ સાંસોદોએ હજારો કરોડોના દારુ કૌભાંડ પર સવાલ પુછ્યા તો, એલજી પર આરોપ લગાવી દીધા. મનીષ સિસોદીયા અને અરવિંદ કેજરીવાલે ખરીદવાનો આરોપ ભાજપ પર લગાવ્યો છે. અમે એલજીને પત્ર લખીને માગ કરી છે કે, પબ્લિક ડોમેનમાં લગાવામાં આવેલા સરકાર પાડવાના, ધારાસભ્યો ખરીદવાના, જેવા ગંભીર આરોપોની ફોરેન્સિક તપાસ કરવામાં આવે.

### પંજાબની 'આપ'..

તે સમયે કુલતાર સિંહ સંઘવાનની આગેવાનીમાં આમ આદમી પાર્ટીએ વિરોધમાં ધરણા કર્યા હતા. તે સમયે કુલતાર સિંહ સહિત કેટલાય લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ થઈ હતી.

આ વર્ષે માર્ચ મહિનામા કુલતાર સિંહ સંઘવાને પંજાબની 117 સભ્યોવાળી વિધાનસભામાં સ્પિકર તરીકે ચુંટવામાં આવ્યા હતા. કુલતાર સિંહના દાદા અને જ્ઞાન જૈલ સિંહ સગા ભાઈ છે. 1994માં જ્ઞાની જેલ સિંહના નિધન બાદ પરિવારમાંથી રાજકારણ પૌત્ર કુલતાર સિંહે આગળ વધાર્યું હતું. આમ આદમી પાર્ટીને રાજ્યમાં સત્તા સુધી પહોંચાડવામાં કુલતાર સિંહનો મોટો ફાળો છે.

કુલ્લુમાં નોંધાયો પ્રથમ કેસ

# લમ્પી બાદ હવે હિમાચલમાં ગ્લેન્ડર્સ બીમારીનો પગપેસારો


ગુજરાત | વંદન



હિમાચલ પ્રદેશમાં કોરોના, લમ્પી બીમારી બાદ હવે ગ્લૈંડર્સ બીમારીએ પગપેસારો કર્યો છે. પશુઓમાં લમ્પી ચામડીના રોગ બાદ હવે ઘોડાને થનારી ગ્લૈંડર્સ બીમારીનો કેસ નોંધાયો છે. હાલમાં, આ રોગનો કોઈ ઈલાજ નથી અને લક્ષણ વધવાના કારણે ઘોડાનું મોત થઈ જાય છે. રાજ્ય સરકારે મંગળવારે ઘોડાઓમાં ગ્રંથિ રોગના જોખમને ધ્યાનમાં રાખીને તેને શિડ્યુલ્ડ બીમારી તરીકે સૂચિત કરી છે. કુલ્લુમાં એક ઘોડાના બ્લડ સેમ્પલની તપાસ બાદ રોગના લક્ષણો સામે આવ્યા હતા. આ સેમ્પલ હિસારની લેબમાં મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સરકારે પશુઓમાં ચેપી રોગોને અટકાવવા અને નિયંત્રણ અધિનિયમ 2009ની વિભિન્ન ધારાઓમાં પશુપાલન વિભાગે પ્રદેશમાં ગ્લૈંડર્સ બીમારીને શિડ્યુલ્ડ બીમારી ઘોષિત કરી છે. કુલ્લુને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. માલ વહન કરતા ઘોડાઓમાં આ રોગ એક કે બે વર્ષમાં નોંધાય છે. રાજ્યના પશુપાલન વિભાગન નિર્દેશક ડો. પ્રદીપ શર્માએ રહ્યું કે, ગ્લેન્ડર્સ રોગથી ઘોડાના શરીર પર ગાંઠ બની જાય છે અને ત્યારબાદ ઘોડાનું મોત થઈ જાય છે. આ રોગનો હાલમાં કોઈ ઈલાજ નથી. આ રોગથી પીડિત ઘોડાને અધિનિયમમાં મારવાની છૂટ છે. ઘોડાના માલિકને 25 હજાર સુધીનું વળતર આપવાની જોગવાઈ છે.

# રિલાયન્સ જીઓ મેટ્રો સિટીમાં દિવાળી સુધીમાં 5-જી સ્પેક્ટ્રમની સુવિધા પૂરી પાડશે



■ **5-જી સ્પેક્ટ્રમ પ્રાપ્ત કરવા માટે રૂ. 2 લાખ કરોડનું રોકાણ કરશે**

ગુજરાત | વંદન

કંપનીની 45 મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતાં મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં મુંબઈ, કલક્તા, ચેન્નાઈ જેવા શહેરોમાં આ સુવિધા દિવાળી સુધીમાં શરૂ કરાશે. ત્યારબાદ ડિસેમ્બર આખર સુધીમાં દેશના તમામ સેન્ટરોમાં 5-જી સ્પેક્ટ્રમની સુવિધા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રાહકોને ઉપલબ્ધ થશે. 4 મેટ્રો સીટી મુંબઈ, દિલ્હી, કલક્તા, ચેન્નાઈમાં તેનો સમાવેશ થયેલો છે. મુંબઈમાં ઝડપથી જીઓ એકસપીરીયન્સ સેન્ટર શરૂ કરાશે. આ ઉપરાંત માઈક્રોસોફ્ટ મેટા અને ઈન્ટેલ સાથે જીઓ પાર્ટનરશીપ શરુ કરશે. તાજેતરમાં એવી જાહેરાત કરી છે વિશ્વવિખ્યાત ક્વાલકોમ સાથે પાર્ટનરશીપ કરવાની સાથે જાહેરાત કરી હતી. આ ઉપરાંત કંપની 5-જી ફોન જીઓના ગ્રાહકોને સસ્તા ભાવે ઉપલબ્ધ કરવા માટે ગુગલ સાથે કામગીરી ધરાઈ છે. આથી 2022 ના વર્ષમાં જીઓનો મીડીયા બિઝનેસમાં વૃદ્ધિદર સારો રહેશે.

રિલાયન્સ રિટેઈલના ક્ષેત્રે કંપનીએ ખુબ સારી પ્રગતિ કરી છે. અને વાર્ષિક 1.5 લાખ લોકો માટે નોકરીની તકો ઉભી કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો બિઝનેસ એપ્લોઈ બેઈઝ 3 લાખ સુધી પહોંચ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માર્ટ અત્યાર સુધીમાં ભારતનાં 260 શહેરોમાં પહોંચ્યું છે. જેની ગણતરી એશિયાના 10 ટોપ રીટેઈલરમાં ગણતરી થાય છે.

વધુમાં જણાવ્યું હતું કે રિ.જીઓનું સંચાલન આકાશ અંબાણી કરશે જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝરિટેઈલનું સંચાલન સુશ્રી ઈશા અંબાણી કરશે. જ્યારે અનંત અંબાણી ન્યુ એનર્જીના બિઝનેસની જવાબદારી સંભાળશે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બિઝનેસની માહિતી આપતાં સુશ્રી ઈશા અબાણીએ જણાવ્યું હતું કે દેશના 260 શહેરોમાં જીઓ માર્ટ પહોંચી ગયું છે અને ચાલુ વર્ષમાં એફએમસી બિઝનેસ પણ લોન્ચ કરવામાં આવશે.

એક પ્રશ્નના જવાબમાં આકાશ અંબાણીએ જણાવ્યું હતું કે રિલાયન્સ જીઓ 5-જી સ્પેક્ટ્રમ પ્રાપ્ત કરવા માટે રૂ. 2 લાખ કરોડનું રોકાણ કરી રહ્યું છે. અને 2022 ની દિવાળી સુધીમાં 5-જી રોલઆઉટ કરી શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી. તેમણે રિલાયન્સનું સંચાલન સંભાળતા તમામ સ્ટાફને આ કંપની દ્વારા 2 લાખ કરોડનું ટર્નઓવર હાંસલ કરવા માટે અભિનદન પાઠવ્યા હતાં. રિલાયન્સ બિઝનેસે દોઢ લાખ નોકરીઓ સર્જી છે.

## બજારોનાં અંતરંગ

### એરટેલમાં સીંગટેલ નવું રોકાણ 12900 કરોડનું ડેબ્ટ ફંડ્સમાં કરશે

ટેલિકોમ ક્ષેત્રની અગ્રણી કંપની ભારતીય ટેલિકોમ તેની ભાવિ યોજનાઓને ઝડપભેર આગળ ધપાવવા માટે નજીકના ભવિષ્યમાં ઝડપથી પ્રગતિ કરનાર છે. મળતી માહિતી મુજબ ઈન્ડિયન ટેલિકોમ ઓપરેટર ભારતીય એરટેલ દ્વારા 1.61 બિલિયન ડોલર (12,900 કરોડ) ના નાણાંકીય સાધનો સીંગટેલ નામની સંસ્થા પાસેથી દેવાના રૂપથી સંપાદન કરનાર છે. કારણ કે સીંગટેલ દ્વારા ભારતીય એરટેલના ઈક્વીટીમાં રોકાણ કરવાની દરખાસ્તને આવકારતી નથી. ભારતીય ટેલિકોમ એન્ટરપ્રાઈસીસના શ્રી મિત્તલ 50.56 ટકા અને સિગટેલ 49.74 ટકાની ઈક્વીટી ભારતીય ટેલિકોમ ના ધરાવે છે. આથી સીંગટેલ તેનું નવું રોકાણ ઈક્વીટી મુડીમાં કરવાના બદલે ડેબ્ટ ફંડનો રૂટ નક્કી કરનાર છે.

### એનડીટીવી અદાણીની ગતિવિધિમાં શેરો ટ્રાન્સફર કરવામાં વિલંબ થશે

અદાણી ગ્રુપ દ્વારા ન્યુ દિલ્હી ટેલિવિઝન નામની ઈલેક્ટ્રોનિક મિડીયાને હસ્તગત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. તે કંપનીનાં નામે કેટલાક શેરો ટ્રાન્સફર કરવા અંગે અશક્યતા દર્શાવી હતી. હકીકતમાં અદાણી ગ્રુપ બે દિવસનાં એનડી ટીવીનાં શેરો પોતાના ગ્રુપની કંપનીના નામે ટ્રાન્સફર કરાવી દેવાની દ્દઢ આશા ધરાવતા હતાં આ અંગે થયેલ વિક્ષેપને કારણે એટલે કે એનડી ટીવીના પ્રમોટર પ્રણવ રોય અને રાધિકા રોય ઉપર સિક્યોરીટીઝ માર્કેટમાં શેરોના સોદા કરવા ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમના ઉપર આ પ્રતિબંધ ચાલુ વર્ષના નવેમ્બર મહિનામાં ઉઠાવી લેવાશે તેવી શક્યતા છે. આના પરિણામ રુપે સેબી દ્વારા જરુરી મુજરી આપવાનું અને 99.5 ટકા નો હિસ્સો હાંસલ કરવાનું કાર્ય ખુબ દુષ્કર બન્યું છે.

### ટાટા ગ્રુપ પંજાબમાં 2600 કરોડના ખર્ચે સ્ટીલ પ્લાન્ટ સ્થાપશે

ભારતના અગ્રગણ્ય ઔદ્યોગિક ગૃહોમાં સ્થાન ધરાવતી ટાટા ગ્રુપની સ્ટીલ કંપનીએ રૂ. 2600 કરોડના ખર્ચે સ્ટીલના સ્કેપ ઉપર આધારિત સ્ટીલ પ્લાન્ટ સ્થાપવાની દરખાસ્ત પંજાબ સરકાર સમક્ષ રજુ કરી હતી. તેને સરકારની મહોર પ્રાપ્ત થઈ છે. આ પ્રોજેક્ટથી પંજાબ રાજ્યમાં નવી તકો સાંપડશે. પંજાબની સરકારે લુધિયાણાના પ્રોજેક્ટ માટે જમીન પણ ફાળવી છે. ટાટા ગ્રુપ તેની મુડી રોકાણથી પંજાબ રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વપુર્ણ પ્રગતિ હાંસલ કરવામાં ખૂબ મદદરુપ થશે.પંજાબ રાજ્યના મુખ્ય પ્રધાન ભગવંત માન સાથે ટાટા સ્ટીલ લિ. ના મેનેજીંગ ડાયરેક્ટર અને ગ્લોબલ સી.ઈ.ઓ. નરેન્દ્રન સાથે આ માટે મહત્વની વાટાઘાટો યોજાઈ હતી. પંજાબ રાજ્યમાં સૌથી મોટા મુડી રોકાણ લાવવાની દિશામાં ટાટા ગ્રુપ મહત્વનો ભાગ ભજવશે તેમ નરેન્દ્રને જણાવ્યું હતું.

### ટાટા કન્સ્ઝુયમર પ્રોડક્ટ દ્વારા ફાસ્ટ મુવીંગનું વેચાણનો રોડમેપ નક્કી

દેશના ટોચના ઔદ્યોગિક ગૃહોમાં જેની ગણના થાય છે તે ટાટા ગ્રુપની કંપનીઓ ભારતના અર્થતંત્રના વિકાસ માટે સારી તકો પુરી પાડે છે. એક માહિતી મુજબ ટાટા કન્સ્ઝુયમર પ્રોડક્ટ નામની કંપની જે હાલ ફુડ પ્રોડક્ટ, બિવરેજીસ અને ફાસ્ટ મુવીંગ કન્સ્ઝુયમર ગુડ્સનું વેચાણ કરે છે. તેમાં વૃદ્ધિ આણવા માટે મહત્વકાંક્ષી આયોજન કરાઈ રહ્યું છે.કંપનીના મેનેજીંગ ડાયરેક્ટ અને સીઈઓ સુનિલ ડિસોઝાના દર્શાવ્યા મુજબ કંપની વિવિધ ફુડ પ્રોડક્ટસના, બેવરેજીસની વિવિધ આઈટમોનું વેચાણ કરવાનું આયોજન કરાયું છે. કંપની હાલમાં ફુડ પ્રોડક્ટ, બિવરેજીસ અને ફાસ્ટ મુવીંગ કન્સ્ઝુયમર ગુડ્સ 75 ટકા જેટોલ હિસ્સો છે. કંપની તેના ગ્રુપની ટાટા ટી દ્વારા ઉત્પાદન કરાતી ટાટા ટીનું વેચાણ કરે છે.

## બજારમાં તેજીના શ્રીગણેશ | રોકાણકારો માટે દિવાળી પહેલા 'દિવાળી'

# ગણેશ ચતુર્થી પહેલા શેરબજારના રોકાણકારોની સંપત્તિમાં 5.68 લાખ કરોડ રૂપિયાનો થયો લાભ

■ **સેન્સેક્સમાં 3 ટકાનો ઉછાળો, BSE ઈન્ડેક્સ 1564 પોઈન્ટના વધારા સાથે બંધ જોવા મળ્યું**



ગુજરાત | વંદન

ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલા શેરબજારના રોકાણકારો પર બાપ્પાની કૃપા જોવા મળી હતી. મંગળવારના ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં આવેલી જબરદસ્ત તેજીને કારણે રોકાણકારોની સંપત્તિમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો. બીએસઈ સેન્સેક્સ 1,564 પોઈન્ટ્સ ઊછળી 59,537ની સપાટીએ જ્યારે નિફ્ટી 446 પોઈન્ટ્સ ઊછળી 17,759ની સપાટીએ બંધ રહ્યાં હતાં. લાર્જ-કેપ્સમાં ભારે લેવાલી પાછળ નિફ્ટીના તમામ કાઉન્ટર્સે ગ્રીન ઝોનમાં બંધ દર્શાવ્યું હતું. છેલ્લા અનેક મહિનાઓમાં પ્રથમવાર આમ જોવા મળ્યું હતું.

એક દિવસ અગાઉ, રોકાણકારો યુએસ ફેડ રિઝર્વના વડાના વ્યાજદરમાં મોટા વધારાના નિવેદન પર વેચવાલી કરી રહ્યા હતા. પરંતુ મંગળવારના ટ્રેડિંગ સેશનમાં માર્કેટમાં આવેલી તેજીને કારણે રોકાણકારોની સંપત્તિમાં જબરદસ્ત ઉછાળો આવ્યો હતો.

સોમવારે BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 274.56 લાખ કરોડ હતું. જે મંગળવારે બજારમાં ઉછાળાને કારણે રૂ. 5,68,305 કરોડના ઉછાળા સાથે રૂ. 280.25 લાખ કરોડે પહોંચી ગયો હતો. એટલે કે એક જ સત્રમાં શેરબજારના રોકાણકારોની સંપત્તિમાં રૂ. 5.68 લાખ કરોડનો વધારો જોવા મળ્યો હતો.

હકીકતમાં મંગળવારના ટ્રેડિંગ સેશનમાં BSE સેન્સેક્સમાં 3 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બંધ થતા પહેલા BSE ઈન્ડેક્સ 1564 પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. ચાલુ વર્ષમાં સેન્સેક્સમાં આ બીજો સૌથી મોટો ઉછાળો છે. બુધવારે ગણેશ ચતુર્થીના કારણે ભારતીય શેરબજારો બંધ રહેશે.

### એક્સપર્ટની નજરે...

**દિનેશ રાજપૂત**

યુએસ ફેડ દ્વારા વધારાના મોરચે આક્રમક રહેવાનો પુનરોચ્ચાર કરવામાં આવતા સોમવારે મોટા ઘટાડા પછી મંગળવારે બજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. એમ કહી શકાય કે મંગળવારે બજારમાં જોવા મળેલી તેજી અસાધારણ હતી. કોઈએ આ પ્રકારના બાઉન્સની અપેક્ષા નહોતી કરી. સોમવારે 20 વર્ષોની ટોચ પર પહોંચેલો ડોલર ઈન્ડેક્સ મંગળવારે કરેક્શન દર્શાવી રહો હતો. મંગળવારે કોમોડિટિઝમાં ચોતરફી વેચવાલી જોવા મળી હતી.માર્કેટમાં નીચલા સ્ત રથી સારો સુધાર જોવા મળી રહો છે, પણ છેલ્લા 2થી 3 દિવસથી ઈન્ટરનેશનલ માર્કેટના દબાવ કારણે ભારતીય શેયર બાજારમાં નિફ્ટી 18,060નો સ્ટ્રોંગ સપોર્ટ દર્શાવે છે. આ લેવલે નિફ્ટી ટચ કર્યા બાદ ઉપલા સ્તરથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. તો 18 હજારના સ્તરથી નિફ્ટીને જો વેચવામાં આવે તો નીચલા સ્તરે 15800 સુધીના ટાર્ગેટ આવતા 1થી 2 મહીનામાં જોવા મળી શકે છે, અને 18,250 સ્ટોપલોસથી વેચાણ કરવો જોઈએ, હાલ જે સેંસેક્સ 59600ની આસપાસ જોવા મળી રહ્યો છે તે ઉપરમાં 61000 અને નીચલા સ્તરે 55000 સુધીના ભાવ જોવા મળી શકે છે, એક્સપર્ટની નજરે માર્કેટમાં આ લેવલે વેચવાલીનો દોર જોવા મળી શકે છે.

# ટાટા મોટર્સ 375 મિલિયન પાઉન્ડની ટર્મ લોન હાંસલ કરશે

■ **2022 માં કંપની 11441 કરોડની ચોખ્ખી ખોટ થઈ**

ગુજરાત | વંદન

ટાટા ગ્રુપની વિખ્યાત ટાટા મોટર્સ દ્વારા સપ્ટેમ્બર ના ત્રિમાસિક સમયગાળામાં 90000 જેએલઅર કારનો જથ્થો વેચવાનું લક્ષ્યાંક નક્કી કરાયું હતું. કંપનીએ જો કે જુનના ત્રિમાસિક સમયગાળામાં તેની પાસેનો સ્ટોક 71815 નંગ કારોનો રહેવા પામ્યો હતો.

જે વિશિષ્ટ પ્રકારની પેસેન્જર કાર ઉત્પાદન કરે છે તે કંપની ટાટા મોટર્સ લિ. ની 100 ટકાની ભાગીદારીની કંપની છે. તેની નાણાંકીય જરુરીયાતને પહોંચી વળવા 375 મિલિયન (3550 કરોડ) ની રકમ બેંકરો પાસેથી સિડિકેટ સિસ્ટમથી પ્રાપ્ત કરવા માટે હાથ ધરાઈ રહી છે. ટાટા મોટર્સ લિ. સીંગાપુર સ્થિત 100 ટકા માલિકીની કંપની જગુઆર લેન્ડરોવર ઓટોમોટીવ અને અન્ય હોલ્ડીંગ કંપની ટાટા ડેવુ કોમર્શિયલ વ્હિકલ સહિતની અન્ય સબસીડરી કંપનીઓએ ગયા વર્ષના નાણાંકીય વરૂ,માં 425 મિલિયન ડોલર ઉભા કર્યા હતાં. પ્રાપ્ત થતાં આ નાણાંથી ટાટા મોટર્સની માલિકની કંપની પુરેપુરુ દેવું ચુકવી નહીં શકે. કંપનીને પુરેપુરુ દેવુ ચુકવવા માટે નાણાંકીય સાધનો 21 ફાઈનાન્સ કંપનીઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે. હકીકતમાં મુંબઈ સ્થિત આ કંપનીને રૂ. 60700 કરોડનું ચોખ્ખું દેવું છે. જેના એક્સટર્નલ ડેબ્ટની 34800 કરોડની થાય છે, તેનો સમાવેશ થાય છે. આ દેવાની રકમ નાણાંકીય વર્ષ 2021 માં 40900 કરોડની કિંમતના દેવા કરતાં વધુ છે. જો કે કંપનીના ચેરમેન શ્રી એન. ચન્દ્રશેખરન દ્વારા દર્શાવ્યા મુજબ 2024 ના વર્ષ સુધીમાં કંપની 0 ડેબ્ટ વાળી બનશે. અને તે નફો દર્શાવશે.

નાણાંકીય વર્ષ 2022 માં ટાટા મોટર્સ દ્વારા 1441 કરોડની ચોખ્ખી ખોટ કરાઈ છે. આ ખોટ માટેનું કારણભૂત પરિબળ બ્રિટિશ લક્ઝરી બ્રાન્ડની જગુઆર લેન્ડ રોવરના વેચાણની નબળી પરિસ્થિતિ જવાબદાર છે.

# રીયલ એસ્ટેટના બિઝનેસમાં દેશમાં લગભગ 2 ગણી વૃદ્ધિ



ગુજરાત | વંદન

પ્રતિકુળ સંજોગોની પરંપરા વચ્ચે પણ દેશમાં રીયલ એસ્ટેટના બિઝનેસમાં ભારતીય અર્થતંત્રએ તેની પ્રગતિનો ગ્રાફ ઉંચાઈ તરફ લઈ જવામાં સફળતા મેળવી છે. દેશમાં રહેઠાણ માટેના આવાસોની માંગ ગ્રામ્ય વિસ્તારનું શહેરી કરણ થવાથી તેમજ ગ્રામ્ય પ્રજામાં શિક્ષણથી વધુ શિક્ષિત થવાથી થયેલા શિક્ષિતોનો સમુહ સ્વાભાવિક પણે શહેરી અને અર્ધશહેરીમાં તકો મેળવવા પ્રયાસો કરી રહ્યા છે. આથી કોવિડ પૂર્વેની પરિસ્થિતિમાં આવાસોની માંગ ઝડપથી વધવા માંડી છે. 2022 ના અર્ધવાર્ષિક સમયગાળામાં વ્યાજબી કિંમતે ઉપલબ્ધ થતાં રહેઠાણોની સંખ્યાની પ્રમાણ કરતાં લક્ઝુરીયસ ગૃહોની વેચાણમાં સારી માંગ થવા પામી છે. એક માહિતી મુજબ અર્ધ વાર્ષિક સમયગાળામાં શહેરના મુખ્ય સમયગાળામં આવાસોની માંગની વૃદ્ધિથી તેના વેચાણમાં 1.5 કરોડથી વધુ કિંમતના આવાસોની માંગ વધી છે.

એક માહિતી મુજબ દેશના અગ્રગણય શહેરો જેમાં મુંબઈ મેટ્રો સીટી, દિલ્હી એનસીઆર, બેગ્લુરુ, પુણે અને કલકત્તા શહેરોમાં 2.61 લાખ આવાસોનું નોંધપાત્ર વેચાણ થવા પામ્યું છે. આની અસરુરુપે છેલ્લા છ મહિનામાં રહેઠાણ માટેના ગૃહો અને લક્ઝુરીયસ ગ્રુહોનો હિસ્સો 14 ટકા જેટલો રહેવા પામ્યો છે. સવિશેષ મુંબઈ મેટ્રો સીટીમાં લક્ઝુરીયસ ગ્રુહો વિક્રમ સપાટીએ પહોંચવા છતાં જ્યારે દિલ્હી એનસીઆર વિસ્તારમાં 4160 લક્ઝુરીયસ ગ્રુહો - ફ્લેટોનું વેચાણ થયુ છે. પરંતુ નોંધનીય બાબત એ છે કે લક્ઝુરીયસ ગ્રુહોની તુલનામાં મધ્યમ વર્ગનાને પોષાય તે માટે તેની કિંમત ઘટવા પામી છે. આ ઘટાડો 30 થી 31 ટકા જેટલો રહેવા માપામ્યો છે. ઔદ્યોગિક વિકાસની ગતિ વધવાની સાથે ઉત્પાદિત માલોના સ્ટોરેજ માટેના વેરહાઉસીસ તેમજ કાચા માલને પુરો પાડવા માટે પ્રાઈમ સીટીમાં જેની ગણના થાય છે તેવા મુંબઈ, બેંગ્લોર, કલક્તા, દિલ્હી જેવા એનઆરસી જેવા શહેરોમાં વેરહાઉસીસની માંગ 6 થી 8 ટકા થવા પામી છે.

એક અગ્રગણ્ય એજન્ટુનું માનવું છે કે 2022 ના વર્ષમાં અત્યાર સુધીમં 42 થી 44 મિલિયન સ્કે.ફુટની કુલ સાઈઝનાં વેરહાઉસીસનું લીઝીંગ થવા પામ્યું છે. આ ટ્રેન્ડ દર્શાવે છે કે દેશમાં ઔદ્યોગિક કાચા તેમજ ઉત્પાદિત માલોના ઉત્પાદનમાં વૃદ્ધિ થવાથી વેરહાઉસીસની માંગ વધી છે.

# ઘઉંના ઘટેલા ઉત્પાદન અને જંગી નિકાસથી આટાના ભાવો ઝડપથી વધ્યા

■ **ડરી જઈને સરકાર દ્વારા નિકાસ ઉપર પ્રતિબંધ તાત્કાલિક લાદવામાં આવ્યો**



ગુજરાત | વંદન

દેશમાં રવિ પાકની મોસમ દરમિયાન પ્રતિકુળ હવામાનને કારણે વિવિધ રાજ્યોમાં ઘઉં ઉત્પાદન ઘણી નીચી સપાટીએ રહેવા પામ્યું હતું. આ ઉપરાંત વિદેશી હુંડીયામણ કેન્દ્ર સરકારે ઘઉંની નિકાસ વૃદ્ધિથી સારી વિદેશી હુંડીયામણ સંખ્યાબંધ નિકાસકારોને ઘઉંની નિકાસ માટેની છૂટ આપી હતી. આની પરિસ્થિતિ ઘઉંના ભાવો તેમજ ઘઉં આધારિત પેદાશો ઉપર પડવા માંડી. જેના કારણે ઘઉંનો આટો (લોટ) મેંદો સોજી તેમજ રવાના ભાવમાં ઝડપી તેજી થતાં સામાન્ય વર્ગના વપરાશકારો માટે ઘર ખર્ચમાં અસામાન્ય વધારો થવા પમાયો. આ અંગેની માહિતી કેન્દ્ર સરકારનાં અન્નપુરવઠાના ખાતાને પહોંચતા તેની ગંભીરતા પારખીને ઘઉંની બનાવટ ઉપરના નિકાસ ઉપર અંકુશ મુકીને ભાવ નીચે લાવવાના પ્રયાસો કરાઈ રહ્યા છે.

25 મી ઓગસ્ટ 2022 ના રોજ કેન્દ્ર સરકારની કેબિનેટ દ્વારા ઘઉં અને તેના ઉપર આધારિત પ્રોડક્ટોની આધારિત પ્રતિબંધ લાદવાનો નિર્ણય લેવાયો હતો. આના અનુસંધાનમાં ડાયરેક્ટર ઓફ ફોરેન ટ્રેડ દ્વારા હોલ મીલ આટા વગેરે પ્રોડક્ટો ઉપર તાત્કાલિક અમલમાં આવે તે રીતે પ્રતિબંધ લાદવાંમા આવ્યા છે. હકીકતમાં કેન્દ્ર સરકાર દ્વારા 13 મી મે ના રોજ ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ પ્રોડક્ટોનો ભાવ વધારો સારો એવો થવાથી તાજેતરમાં આની ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ઘઉં આધારિત પેદાશોની નિકાસનો આંકડો 215 ટકા જેટલો વધી જવા પામ્યો છે અને તેની નિકાસ કિંમત 128 મિલિયન ડોલર જેટલી થવા જાય છે. આના પ્રત્યાઘાતો ઘર આંગણાનાં બજારો પર પડ્યાં અને ઘઉનાં લોટનો ભાવ 17 ટકા વધ્યો અને કિલો દિઠ 35.20 ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. હકીકતમાં ઘઉંની ઉત્પાદનની મોસમ દરમમિયાન પ્રતિકુળ સંજોગોમાં ઓછો પાક થયો અને તેની અસર રુપે 7 ટકા આગલા વર્ષની તુલનામાં ઓછું થઈને 106.84 મિલિયન ટનની સપાટીએ પહોંચ્યો હતો. ખાનગી વર્તુળો આ આંકડો 100 મિલિયન ટનની દર્શાવે છે.

# અંબાણી ગ્રુપ દિવાળી સુધીમાં ઠંડાપીણાના માર્કેટમાં કરશે ધમાકો, નવા અવતારમાં આવશે 'Campa'

ગુજરાત | વંદન

માર્કેટ કેપની દ્દષ્ટિએ દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ FMCG ક્ષેત્રે પોતાના કારોબારનો વિસ્તાર કરી રહી છે. તે અંતર્ગત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) કંપનીએ પ્યોર ડ્રિંક ગ્રુપ (Pure Drink Group) પાસેથી તેની 2 સોફ્ટ ડ્રિંક્સ બ્રાન્ડ કેમ્પા (Campa) અને સોસ્યો (Sosyo) ખરીદી લીધી છે.

આ ડીલ બાદ રિલાયન્સ બેવરેજીસ માર્કેટમાં પેપ્સી (Pepsi) અને કોકા-કોલા (Coca-Cola) જેવી પ્રમુખ બ્રાન્ડને ટક્કર આપશે. એક અંદાજ પ્રમાણે રિલાયન્સ ગ્રુપ ટૂંક સમયમાં જ કેમ્પા અને સોસ્યોને રી-લોન્ચ કરે તેવી શક્યતા છે.




ઉલ્લેખનીય છે કે, રિલાયન્સ રિટેઈલ વેન્ચર્સ લિમિટેડ (RRVL)ના ડિરેક્ટર ઈશા અંબાણીએ ગત 29 ઓગષ્ટના રોજ એક મહત્વની જાહેરાત કરી હતી. ઈશા અંબાણીએ RILની 45મી વાર્ષિક જનરલ મીટિંગ દરમિયાન કંપનીનું રિટેઈલ એકમ હવે FMCG બિઝનેસમાં પ્રવેશ કરશે તેવી જાહેરાત કરી હતી. આમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે સોફ્ટ ડ્રિંક સેગમેન્ટમાં ભારે મોટો દાવ લગાવ્યો છે અને દેશભરમાં દિવાળી સુધીમાં Campaને 3 ફ્લેવર્સમાં રી-લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. તે આઈકોનિક કેમ્પા કોલા વર્ઝન સિવાય લેમન અને ઓરેન્જ ફ્લેવરમાં આવશે. તેને રિલાયન્સ રિટેઈલ્સના પોતાના સ્ટોર્સ ઉપરાંત લોકલ દુકાનો દ્વારા વેચવામાં આવશે. એક અહેવાલ પ્રમાણે આ અધિગ્રહણ ડીલ 22 કરોડ રૂપિયામાં થઈ છે. કેમ્પા કોલા (Campa Cola)ને 1970માં પ્યોર ડ્રિંક્સ ગ્રુપે લોન્ચ કરી હતી. 1949માં કોકા-કોલાના લોન્ચિંગ અને ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી પણ તે ગ્રુપ પાસે જ હતી. બાદમાં 1977માં અમેરિકી બ્રાન્ડને કામચલાઉરૂપે બહાર કરી દેવાઈ હતી. ત્યાર બાદ પ્યોર ડ્રિંક્સ ગ્રુપે બ્રાન્ડ કેમ્પા કોલા લોન્ચ કરી હતી.

## પ્લાન્ટ | વિયેટનામમાં 15 ટીસીએફ રિઝર્વ અનકન્વેશ્નલ હાઈડ્રોકાર્બનની ક્ષમતા

# આર્સેલ મિત્તલ ગ્રુપનું એસ્સાર ગ્રુપ સાથે સમાધાન થતાં વિકાસની નવીન તકો ઉદભવશે




ગુજરાત | વંદન

જગવિખ્યાત આર્સેલ મિત્તલ નિપોન સ્ટીલ કંપની ભારતમાં એસ્સાર ગ્રુપ ની માલિકીના ત્રણ પોર્ટ (બંદરો) બે પાવર પ્લાન્ટો અને પાવર ટ્રાન્સમિશન લાઈન આ બધી અસ્કયામતો 2.4 બિલિયન ડોલર એટલે કે 19158 કરોડ ખરીદી લેશે. આ ઉપરાંત નિપોન સ્ટીલ કંપનીના સ્ટીલ મેઈકીંગ ઓપરેશન માટે કેપ્ટીવઝ પાવર પ્લાન્ટનું ખુબ મહત્વ છે. આ સાથે આ માટેનો સોદો એસ્સાર ગ્રુપના બેન્કર્સ સાથે કોર્ટના ઓર્ડર મુજબ કરવામાં આધિન રહેશે.

મળતી વિશેષ માહિતી મુજબ તાજેતરમાં એસ્સાર ગગ્રુપે એરસેલ મિત્તલ નિપોન સ્ટીલને રૂ. 19000 કરોડમાં હજીરા ખાતેના સ્ટીલ પ્લાન્ટની તમામ સુવિધાનું વેચાણ કર્યું છે. આ સૌથી મોટો સોદો ભારતીય કોર્પોરેટ જગતમાં થવા પામ્યો છે. આ ઉપરાંત સંયુક્ત સાહસ હેઠળ 4 મિલિયન મેટ્રીક ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતો એસએન.જી. ટર્મીનલ હજીરા ખાતે સંયુક્ત સાહસમાં ઉભુ કરવામાં આવશે.

એસ્સાર પોર્ટના ડાયરેક્ટર રિવંત રૂઈઆના જણાવ્યા મુજબ આ સોદાથી કંપનીને બહુલક્ષી વળતર તેના ઈન્વેસ્ટમેન્ટ માટે પ્રાપ્ત થશે. એસ્સાર પોર્ટ એન્ડ ટર્મીનલનું સ્ટેક હોલ્ડરની વેલ્યુમાં વૃદ્ધિ થવા પામશે અને કંપની નવા અદ્યતન કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અસ્કયામતોની બાબતમાં તેમજ વિદેશોમાં પ્લાન્ટો સ્થાપશે.

એસ્સાર ગ્રુપ એસેટ્સ મોનેટાઈઝેસન પ્રોગ્રામ હેઠળ આ સોદાથી તેની 15 મિલનય ડોલરનું (2 લાખ કરોડ) નું દેવું ભારતની બેંકોને પૂરેપૂરા પ્રમાણમાં ચુકવી શકશે.

એસ્સારની કુલ રેવન્યુ 15 મિલિયન (1.2 લાખ કરોડ) અને એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) 8 બિલિયન ડોલર (64,000 કરોડ) ના સ્વરુપમાં વિવિધ મિલ્કતોમાં રહેલી છે. આ મિલ્કતમાં 10 મિલિયન ટન વાર્ષિક ધોરણની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ યુ.કે. માં છે. 15 ટીસીએફ રિઝર્વ અનકન્વેશ્નલ હાઈડ્રોકાર્બનની ક્ષમતા વિયેટનામમાં છે અને 1200 મેગા વોટની ક્ષમતા ધરાવતો પાવર પ્લાન્ટ ભારતમાં આવેલો છે. આ ઉપરાંત 3 મિલિયન ટનની ક્ષમતા ધરાવતી સ્ટોરેજ ટર્મીનલ યુ.કે.માં અને 10 મિલિયન ટનની વાર્ષિક ધોરણે ભારતમાં ક્ષમતા ધરાવતો પ્લાન્ટ ધરાવે છે.

મેટલ એન્ડ માઈનીંગ ક્ષેત્રે આર્યર્ન ઓર અને પેલેટ્સ પ્રોજેક્ટ યુ.એસ.એ.માં ધરાવે છે. હકિકતમાં એસ્સાર ગ્રુપે સંગીન મુડી રોકાણ એનર્જી કોર સેક્ટરમાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેટલ એન્ડ માઈનીંગ અને ટેકનોલોજી ક્ષેત્રે અને સર્વિસ ક્ષેત્રે સંપાદન કરવાનો વ્યુહ નક્કી કર્યો છે. તેના પ્રવર્તમાન બિઝનેસમાંથી ઓપરેશનલ સ્ટેબીલીટી પુરી પાડશે અને નવી યોજનાથી ગ્રીન એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સેક્ટરમાં ક્લીન બિઝનેસ પણ પ્રાપ્ત કરશે.

# મારૂતિ સુઝુકી ગુજરાતમાં ઈલેક્ટ્રીક બેટરી પ્રોજેક્ટમાં 104.40 બિલિયનનું રોકાણ કરશે

ગુજરાત | વંદન

ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનાર જાપાનીઝ કંપની સુઝુકીનું ભારતમાં મારૂતિ સુઝુકીનું સંયુક્ત સાહસ ખુબ મહત્વ ધરાવે છે. મારૂતિ સુઝુકીનાં પેસેન્જર કારની ગ્રાહકો માટે મનસપંદ કાર, ગુણવત્તા અને ડિઝાઈન, ફ્યુઅલ એફિશિયન્સની દ્દષ્ટિએ મહત્વની પુરવાર થઈ છે. ગુજરાતમાં બહુચારી રોડ નજીક હંસલપુર ગામ ખાતે કંપની દ્વારા ઈલેક્ટ્રીક વ્હિકલ માટેની બેટરીના ઉત્પાદન માટેનો મહત્વપૂર્ણ પ્લાન્ટ સ્થાપવાની દિશામાં આગળ ધપી રહી છે. તાજેતરમાં નરેન્દ્ર મોદીની હાજરીમાં ના વયોવૃદ્ધ પ્રેસિડન્ટ મિ. તોસીહારા સુઝુકીની હાજરીમાં આ પ્લાન્ટનું ખાતમહૂર્ત થયું હતું. આ પ્રસંગે કંપનીના પ્રેસિડન્ટે એવીજાહેરાત કરી રહતી કે સમગ્ર ગ્લોબલ માર્કેટમાં ઉપયોગી થઈ શકે તે પ્રકારનું ગ્લોબલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ નામની કંપની સ્થાપવામાં આવશે. આમ કંપની ભારતમાં વધુને વધુ મુડી રોકાણ કરવાની નીતિને જાળવી રાખશે. કંપનીએ ઓટોમોબાઈલ ઉદ્યોગના વિકાસ માટે રૂ. 650 મિલિયન નું જંગી રોકાણ કર્યું છે. જેની અમેરિકન ડોલરમાં ગણતરી કરતાં 8.13 બિલિયન ડોલર જેટલી થવા જાય છે. કંપની દ્વારા ઓટોમોબાઈલ વ્હિકલના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 60% છે એટલે કે ભારતમાં 2.8 મિલિયન ઓટોમોબાઈલ કારનું ઉત્પાદન થાય છે.

કંપની હવે 104.40 બિલિયન રૂપિયાના ખર્ચે ભારતમાં ઈલેક્ટ્રીક વ્હિકલનું ઉત્પાદન કરશે. આ પ્રોજેક્ટ 2025 માં ઉત્પાદન શરુ કરશે. જેનું ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ કંપની ઈલેક્ટ્રીક વ્હિકલના બેટરીનં ઉત્પાદન એક વર્ષમાં શરુ કરશે. નવા ઈલેક્ટ્રીક વ્હિકલની વાર્ષિક ક્ષમતા 750000 કારની રહેશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મારૂતિ સુઝુકી હરિયાણા અને સુઝુકીની બેટરીના પ્લાન્ટ ગુજરાતમાં હંસલપુર ખાતે સ્થાપવાની ખાતમૂહૂર્ત વિધી કરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# દુનિયાના 5 જાદુઈ સ્થળો, જ્યાં થાય છે સમુદ્ર અને રણનું મિલન



## આફ્રિકા

સહારા રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. સહારા પશ્ચિમમાં એટલાન્ટિક મહાસાગર અને પૂર્વમાં લાલ સમુદ્રને ટચ થાય છે. આ સ્થળની આસપાસ કેટલાક નગરો પણ વસેલા છે. લાલ અને પીળા રંગમાં રંગાયેલા સુંદર નાના ઘરો આ સ્થળની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. એટલાન્ટિક મહાસાગર અને એટલાસ પર્વતો વચ્ચે આવેલા સેંકડો જૂના પથ્થરના સ્મારકો પણ છે.

## ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયન રણ ત્યાં હિંદ મહાસાગરને મળે છે. ઓસ્ટ્રેલિયન શહેર પર્થ તેના તટીય શહેરો માટે જાણીતું છે, જે ચૂનાના પત્થરોથી ઘેરાયેલા છે. અહીં પણ રણ અને સમુદ્રનું મિલન ખૂબ જ સુંદર લાગે છે. હિંદ મહાસાગરના ચમકતા વાદળી પાણીની સામેના ખડકો એકદમ અલગ લાગે છે. મહાસાગર દેશના કેટલાક બેસ્ટ કોરલ રીફ્સ માટે જાણીતું છે. સમગ્ર વિસ્તારને એક્સપ્લોર કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## ચિલી

અટાકામા રણ અહીં પ્રશાંત મહાસાગરને મળે છે. મહાસાગર અને રણ અહીં ઉત્તર ચિલીના એન્ટોફાગાસ્તા પ્રદેશમાં મળે છે. આ સ્થળ અનેક નાઈટ્રેટ માઈનિંગ ટાઉનોથી ઘેરાયેલું છે. કપલ્સ માટે ચિલીનો નજારો પણ ઘણો રોમેન્ટિક હોય છે. આ પ્રદેશમાં મુલાકાત લેવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક લોસ ફ્લેમેંકોસ નેશનલ રિઝર્વમાં ચંદ્રની ખીણ છે. અહીંની રાતો એકદમ જાદુઈ લાગે છે.

## એન્ટાર્કટિકા

ધ્રુવીય રણ મહાસાગરને મળે છે. આપણે સામાન્ય રીતે રણને ગરમ અને શુષ્ક શબ્દો સાથે જોડીએ છીએ, પરંતુ એન્ટાર્કટિકાના ધ્રુવીય રણ ખૂબ જ અલગ છે. દરેક જગ્યાએ તમને બરફ દેખાશે. રણની જગ્યાએ કેટલી ઠંડી હોય છે તે સાંભળીને તમને પણ નવાઈ લાગશે, પરંતુ આ સત્ય છે. એક બર્ફીલા રણ, એન્ટાર્કટિક ધ્રુવીય રણ સમગ્ર ખંડમાં વિસ્તરેલ છે. મેકમર્ડો ડ્રાયમાં, રણમાં બરફ પડતો નથી અને એન્ટાર્કટિકાના દરિયાકાંઠાના તેજસ્વી વાદળી પાણી સાથે ભળી જાય છે.

## આફ્રિકા

નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, નામિબ રણ એક ખૂબ જ સુંદર સ્થળ છે. આ સુંદરતા એ છે કે નામિબ રણ એટલાન્ટિક મહાસાગરને મળે છે. અહીં વસ્તી વધારે નથી, કારણ કે આ દરિયાકાંઠાના વિસ્તારમાં માત્ર થોડી વસાહતો રહે છે. આ પ્રદેશના કેટલાક મુખ્ય આકર્ષણોમાં ડોરોબ નેશનલ પાર્ક અને નામિબ-નૌક્લુફ્ટ નેશનલ પાર્કનો સમાવેશ થાય છે.

# માત્ર સ્વાસ્થ્ય જ નહી સ્કીન માટે પણ ઉપયોગી છે મધ, સ્કિનને ગ્લોઈંગ બનાવશે

મધનો ઉપયોગ કરીને તમે ન માત્ર કેટલીય બીમારીઓથી છૂટકારો મેળવી શકો છો પરંતુ આ સ્કિનને પણ સુંદર બનાવવાના કામમાં આવે છે. મધમાં કેટલાય પોષક તત્ત્વ મળી આવે છે, જે ડાઘ-ધબ્બા, ખીલ અને કરચલીઓ સાથે મુકાબલો કરવામાં મદદ કરે છે. તેને ચહેરા પર નિયમિત લગાવવાથી ચહેરાની ચમક વધે છે. આ સ્કિન પોર્સમાં જમા અશુદ્ધિઓને બહાર કાઢે છે. તમે તેને પોતાની સ્કિન કેર રૂટીનમાં સામેલ કરી શકો છો. થોડાક દિવસ સુધી તેનો ઉપયોગ કરવાથી તમને પોતાના ચહેરા પર સ્પષ્ટ ફરક જોવા મળશે. જાણો, ચહેરા પર તેનો ઉપયોગ કેવી રીતે કરવો?

પોતાના હાથમાં એક ચમચી મધ લો અને તેને આખા ચહેરા પર લગાઓ. 5-30 મિનિટ સુધી લગાવી રાખો. ત્યારબાદ ગરમ પાણીથી ધોઈ નાંખો. આ ઉપરાંત તમે ઈચ્છો તો 1 મોટી ચમચી છાશ, 1 ચમચી મધ અને 1 ઈંડાંની જરદી મિક્સ કરીને સ્કિન પર લગાઓ. 20 મિનિટ બાદ તેને ધોઈ નાંખો.

ચહેરા પર લગાવવામાં આવેલ મેકઅપને મધથી સાફ કરી શકાય છે. તેનો ઉપયોગ કરવા માટે મધ અને ઑલિવ ઑઈલ મિક્સ કરો અને ચહેરા પર લગાઓ. ત્યારબાદ તેને કોટનથી સાફ લૂછીને ગરમ પાણીથી ધોઈ નાંખો. તેને લગાવવાથી ચહેરા પરના બધા ખીલ દૂર થઈ જાય છે અને ચહેરા પર ચમક જળવાઈ રહે છે.



# સૂર્યોદય પહેલાં જાગવાથી અનેક બીમારીઓ દૂર થાય છે...



'રાત્રે વહેલા જે સૂઈ, વહેલા ઊઠે વીર, બળ, બુદ્ધિ ને ધન વધે, વળી સુખમાં રહે શરીર' આ કહેવત બહુ જૂની છે. જેનો મતલબ છે, રાતે વહેલા સૂઈ જઈને સવારે જલ્દી જાગવું શરીર માટે ફાયદાકારક છે. ઘરના વયો-વૃદ્ધ લોકો પણ સવારે વહેલા જાગવાની સલાહ આપે છે.

આજની ભાગદોડ વાળી જિંદગીમાં લોકોને રાતે જ સૂવાનો સમય મળે છે. તો ઘણા લોકો એવા પણ હોય છે કે, મોડી રાત સુધી કામ કરે છે, તેથી બ્રાહ્મમુહૂર્તમાં જાગવું આ લોકો માટે શક્ય નથી. આવી સ્થિતિમાં સવારે 6:30થી 7 વાગ્યાની વચ્ચે જાગવાનો પ્રયાસ કરવો જોઈએ. સૂર્યોદય પહેલાં જાગવું તમને ઊર્જા, હકારાત્મકતાથી ભરી દે છે. આ સમયે જાગવું મન અને શારીરિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તે કોઈપણ વ્યક્તિની જૈવિક ઘડિયાળને નિયંત્રિત કરે છે. સૂર્યોદય સાથે જાગવાથી પાચન, શોષણ અને આત્મસાત્ કરવામાં મદદ મળે છે. જીવનમાં શિસ્ત, શાંતિ, સુખ અને લાંબું આયુષ્ય મેળવવા માટે સવારે સૂર્ય સાથે કે તે પહેલાં જાગવું ખૂબ જ જરૂરી છે.જે લોકો સવારે વહેલા જાગે છે, તેઓ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખે છે. મોડી રાત સુધી જાગનારાઓની સરખામણીમાં તેઓ ડિપ્રેશનનો શિકાર બનતા નથી. સવારે જે લોકો વહેલા જાગે છે તે લોકોની કામની ઝડપ પણ વધારે હોય છે.

# દૂધમાં તજ મિક્સ કરીને પીવાના અઢળક ફાયદા!



આપણા ખોરાકમાં દૂધ હંમેશાથી સામેલ રહ્યું છે. આ આપણા આહારનો અભિન્ન ભાગ છે. ખીરથી લઈને માવા મીઠાઈ સુધી તમામ વસ્તુઓ દૂધ વગર શક્ય જ નથી. દૂધ પોષક તત્ત્વોનો ખજાનો છે. તેમાં પ્રોટીન, કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફૉસ્ફરસ ઉપરાંત વિટામિન-એ, ડી, કે અને ઈ પણ મળી આવે છે. સામાન્ય રીતે લોકો દૂધમાં થોડીક ખાંડ નાંખીને પીતા હોય છે. પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ મિક્સ કરવાથી તેની ગુણવત્તા અને ફાયદામાં વધારો થાય છે. જેમ કે, દૂધમાં હળદર મિક્સ કરીને પીવું, તે સીઝનલ બીમારીઓથી બચવામાં, માથાનો દુખાવો, શરદી વગેરે દૂર કરવા ઉપરાંત આપણી ઈમ્યૂનિટી વધારવામાં અસરકારક હોય છે.

વ્યસ્ત લાઈફસ્ટાઈલમાં આજકાલ તણાવ થવો સામાન્ય વાત છે. દૂધની સાથે તજ મિક્સ કરીને પીવાથી ડિપ્રેશન ઓછુ થાય છે. આ ઉપરાંત સંધિવા અને હાડકાંની અન્ય સમસ્યાઓ પણ તેના સેવનથી દૂર થઈ શકે છે.. ગરમ દૂધમાં તજ મિક્સ કરીને પીવું ફાયદાકારક સાબિત થશે.

દૂધમાં તજ મિક્સ કરીને પીવાના કેટલાય ફાયદા છે. આ પેટ સંબંધિત સમસ્યાઓમાં રાહત અપાવે છે. આ ગેસની સમસ્યાને તો દૂર કરે જ છે તેના સેવનથી તમારી પાચન ક્રિયા પણ સારી થઈ જશે. આ પાચનતંત્રને સુધારીને પોતાના પાચન સંબંધિત કેટલીય સમસ્યાઓથી બચાવે છે. ઘણા બધા લોકોને રાત્રે ઊંઘ ન આવવાની સમસ્યા રહે છે. એવા કેટલાય કારણ હોઈ શકે છે. ઊંઘ ન આવવાની સમસ્યામાં પણ દૂધ અને તજનો ફૉર્મ્યુલા કામ કરશે. રાત્રે સૂતા પહેલાં ગરમ દૂધમાં તજ મિક્સ કરીને પીવાથી સારી ઊંઘ આવે છે.

# ચહેરાને ચમકદાર, વાળને સીધા બનાવશે ભીંડો, કરો બસ આ એક નાનકડું કામ

ભીંડો. એક એવું શાક જે લગભગ દરેક ઘરમાં મળે છે અને નાનાથી લઈને મોટા સુધી સૌને પસંદ આવે છે. તે સ્વાદમાં સારી છે અને સ્વાસ્થ્ય માટે પણ. ભીંડો એન્ટિ ઓક્સિડન્ટ અને મિનરલ્સથી ભરપૂર હોય છે. સાથે તેમાં અનેક પોષક તત્વો હોય છે. તે ત્વચા અને વાળને પણ ફાયદો કરાવે છે. તો આજે અમે તેમન જણાવીશું ભીંડાના ફાયદા અને તેની સાથે કરવાનો ઉપયોગી ઉપાયો.

## ચહેરો બનાવશે ચમકદાર

ભીંડો ત્વચા માટે ખૂબ જ સારો છે. તે આપણી ત્વચાનું કોલેજન લેવલ વધારે છે, જે એન્ટી એજિંગનું કામ કરે છે. સાથે તે ચહેરાને ચમકદાર અને સોફ્ટ પણ બનાવે છે. આ માટે ચાર-પાંચ ભીંડા ધોઈને કાપી લો. તેને પાણીમાં ઉકાળી લો અને મિક્સરમાં પીસી લો. બાદમાં આ જેલને ચહેરા પર લગાવો અને હળવા હાથોથી મસાજ કરી 15-20 મિનિટ રહેવા દો. બાદમાં પાણીથી ધોઈ લો. આટલું કરવાથી તમારો ચહેરો ચમકવા લાગશે.

## વાળને કરશે સ્ટ્રેટ

ભીંડામાં એવા તત્વો મળે છે જે વાળને ખૂબ જ ફાયદો કરાવે છે. વાળને મજબૂતની સાથે સિલ્કી અને શાઈની પણ બનાવે છે. વાળ માટે ભીંડાનો ઉપયોગ કરવા માટે સૌથી પહેલા 8 થી 10 ભીંડા કાપી લો. તેને પાણીથી ધોઈલો અને મિક્સીમાં મુકીને પીસી લો. હવે તેને એક કપડામાં લઈ નીચોી લી. તેમાં કોર્ન ફ્લોર નાખી એક મિશ્રણ તૈયાર કરો. અને તેને ઘાટું થાય ત્યાં સુધી પકાવી લો. આ પેસ્ટને વાળમાં નાખો. 30 થી 50 મિનિટ સુધી તેને રાખો અને પછી વાળ ધોઈ લો. આવું નિયમતિ રીતે કરવાની વાળ સિલ્કી, શાઈની અને સ્ટ્રેઈટ થશે.



# તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે ડાયરેક્ટ ફ્રીજમાંથી ઠંડુ પાણી પીવાનું ટાળો



તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પૂરતા પ્રમાણમાં પાણી પીવું ખૂબ જ જરૂરી છે. પાણી પીવાથી અસંખ્ય ફાયદાઓ થાય છે. પાણી પાચનક્રિયાને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે, શરીરને હાઈડ્રેટેડ રાખે છે. આયુર્વેદમાં પણ જરૂરી પ્રમાણમાં પાણી પીવાના ફાયદાઓ જણાવવામાં આવ્યા છે. એટલું જ નહીં કઈ રીતે પાણી પીવું તેના નિયમો પણ જણાવ્યા છે.

પાણી પીવા અંગે આયુર્વેદના નિયમોથી મોટાભાગના લોકો અજાણ હોય છે. અયોગ્ય રીતે પાણી પીવાથી શરીરમાં ફાયદાની જગ્યાએ નુકસાન પણ થઈ શકે છે. પાણી પીવા માટે સમય, માત્રા અને પ્રમાણ ખૂબ જરૂરી છે.

હંમેશા બેસીને પાણી પીવાની આદત રાખો. એક સાથે વધુ પાણી પીવાની જગ્યાએ સિપ-બાય-સિપ પાણી પીવો. ગરમ પાણી અથવા રૂમ ટેમ્પરેચર પર રાખેલું પાણી પીવો. ઠંડુ પાણી તમારી પાચનશક્તિને નબળી કરી દેશે, જેથી ડાયરેક્ટ ફ્રીજમાંથી ઠંડુ પાણી પીવાનું ટાળો. પાણીનો સંગ્રહ કરવા માટે માટીના વાસણ, તાંબા અથવા સ્ટીલનો ઉપયોગ કરો. વહેતું પાણી ક્યારેય ન પીવો. હંમેશા સંગ્રહિત પાણી પીવો. સારા પાચન માટે, ઉકાળેલું પાણી પીવો. સવારે ઉઠીને સૌ પ્રથમ ગરમ પાણી પીવાની આદત કેળવો.

પાણી સ્વાસ્થ્ય માટે સારું છે તેમ માનીને તમારે જરૂર કરતાં વધુ પાણી પીવાની જરૂર નથી. આયુર્વેદ અનુસાર પાણીને પણ પચાવવું જરૂરી છે. વ્યક્તિદીઠ પાણીની જરૂરિયાત અલગ હોય છે. જો તમને કબજીયાત રહેતી હોય, મોઢું સુકાતું હોય, પેશાબ પીળાશ પડતો આવતો હોય અને પરસેવો ન વળતો હોય તો તમારે વધારે પાણી પીવાની જરૂરિયાત છે.

જમ્યાના 30 મિનિટ પછી અથવા તે પહેલાં પાણી પીવો. કુપોષિત વ્યક્તિ માટે ખોરાક પછી 30 મિનિટ અને વધુ વજનવાળા વ્યક્તિ માટે ભોજન પહેલાં 30 મિનિટ પાણી પીવું યોગ્ય છે. તેણીએ વધુમાં જણાવ્યું કે, ઉનાળા સિવાય તે દરેક સિઝનમાં જીરા સાથે ઉકાળેલું પાણી પી શકો છો.

# આ ગામની મહિલાઓના વાળ છે દુનિયામાં સૌથી લાંબા, જાણો શું છે તેની પાછળનું રહસ્ય

ચીનની મહિલાઓ તેમના વાળ માટે ખૂબ જ જાણીતી છે. રેશમ જેવા વાળ તેમની ઓળખ છે. ત્યારે આજે વાત કરીશું ચીનના એક પ્રાચીન ગામ હુઆંગ્લુઓની. જ્યાંની મહિલાઓના વાળ દોઢ થી બે મીટરથી પણ વધુ લાંબા છે. આ ગામને લોન્ગ હેર વિલેજના નામે પણ ઓળખવામાં આવે છે. આ માટે તેનું નામ ગિનિઝ બુક ઑફ રેકોર્ડમાં પણ નોંધાયેલુ છે. અહીના સ્થાનિક લોકોનું માનવું છે કે, મહિલાઓના વાળની લંબાઈ જેટલી હશે એટલો જ તેનો પરિવાર ભાગ્યશાળી રહેશે.



## જીવનમાં એક જ વાર કાપી શકે વાળ

આ ક્ષેત્રની એક ખાસ વિશેષતા છે કે અહીંની મહિલાઓ જીવનમાં માત્ર એક જ વાર વાળ કાપી શકે છે. 18માં જન્મદિવસે અહીંની મહિલાઓ વાળ કપાવી શકે છે. જેનો અર્થ એ થાય છે કે, છોકરી હવે લગ્ન માટે તૈયાર થઈ ગઈ છે. આ ગામની મહિલાઓ જ્યારે લગ્ન માટે જીવનસાથીની શોધ કરતી હોય છે ત્યારે પોતાના વાળને ઢાંકીને રાખે છે. છોકરીના કપાયેલા વાળને તેના દાદી સંભાળીને રાખે છે. લગ્ન બાદ તે વરરાજાને ભેટ આપવામાં આવે છે. કુંવારી છોકરીઓ પોતાના વાળ સૌથી પહેલા પતિને જ બતાવે છે.

## ગિનિઝ બુકમાં નોંધાયું છે નામ

તમને સાંભળીને આશ્ચર્ય થશે કે આ ગામનું નામ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ છે. સૌથી લાંબા વાળ ધરાવતા ગામનો દરજ્જો આ ગામને મળ્યો છે. ચીનના આ ગામને લોન્ગ હેર વિલેજ પણ કહેવામાં આવે છે. આ ગામનું નામ હુઆંગ્લુઓ છે. જે જિનશા નદીના કિનારે આવેલું છે. અહીં રેડ યાઓ લોકો રહે છે અને આ મહિલાઓ તેમના લાંબા, ઘટાદાર અને કાળા વાળ માટે જાણીતી છે.

## આ છે લાંબા વાળનું રહસ્ય

અહીંની મહિલાઓના લાંબા વાળનું રહસ્ય છે ચોખાનું પાણી. જેને તેઓ શેમ્પુની જેમ યુઝ કરે છે. સાથે તેઓ ત્યાંની નદીના પાણીથી વાળ ધુએ છે.આ ગામમાં દર વર્ષે 3 માર્ચે લોંગ હેર ફેસ્ટિવલ મનાવવામાં આવે છે. જેમાં મહિલાઓ ગાઈને અને ડાન્સ કરીને પોતાના વાળનું પ્રદર્શન કરે છે. જેને જોવા માટે ટૂરિસ્ટો ખાસ આવે છે.



# કોરોનાની વેક્સિન ન લેવા પર અડગ: ટેનિસ સ્ટાર યોકોવિચે યુએસ ઓપનમાંથી ખસી ગયો

ગુજરાત | વંદન

કોરોનાની વેક્સિન ન મૂકાવી હોવાથી યોકોવિચ યુએસ ઓપન ગુમાવશે. યુએસ ઓપનના ડ્રો યોજાય તે પહેલા જ યોકોવિચે ખસી જવાનો નિર્ણય લીધો હતો. કોરોનાની રસી ન મૂકાવી હોવાથી યોકોવિચને અમેરિકામાં પ્રવેશ મળ્યો નહતો. જેના કારણે ન્યૂ યોર્કમાં યોજાનારી સિઝનની આખરી ગ્રાન્ડ સ્લેમમાં તેને રમવા નહીં મળે. સર્બિયાના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર યોકોવિચે ચાલુ વર્ષે જ વિમ્બલ્ડન ટાઈટલ જીતવાની સાથે કારકિર્દીનું ૨૧મું ગ્રાન્ડ સ્લેમ જીત્યું હતુ. આમ છતાં તે સૌથી વધુ ૨૨ ગ્રાન્ડ સ્લેમ જીતવાના નડાલના રેકોર્ડ કરતાં એક ટાઈટલ પાછળ છે. યોકોવિચને નડાલના રેકોર્ડની બરોબરી કરવાની તક ૨૯મી ઓગસ્ટથી શરૂ થઈ રહેલી યુએસ ઓપનમાં હતી.

અમેરિકામાં કોઈ પણ વિદેશીને કોરોનાની વેક્સિન વિના પ્રવેશ મળતો નથી. અમેરિકાના સેન્ટર ફોર ડિસીસ કન્ટ્રોલ અને પ્રિવેન્શને અગાઉ જાહેરાત કરી હતી કે, તેઓ અમેરિકામાં પ્રવેશવા માટે ફરજીયાત વેક્સિનેશનના નિયમને હળવો કરશે. જોકે હજુ આ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નહતી. વધુમાં યોકોવિચને વિશિષ્ટ કિસ્સામાં છૂટછાટ આપવામાં આવી નહતી. યોકોવિચે છેલ્લે સુધી રાહ જોઈ હતી. જોકે અમેરિકાએ તેના કોરોના વેક્સિનેશનના નિયમમાં ફેરફાર ન કરતાં આખરે તેને યુએસ ઓપનમાં પ્રવેશ મળ્યો નહતો.

યુએસ ઓપનના ઓફિશિઅલ પોસ્ટરમાં પણ યોકોવિચની તસવીર નહતી. આ સાથે બધાને અપક્ષા હતી કે, યોકોવિચ યુએસ ઓપનમાં રમવાનો નથી. નોંધપાત્ર છે કે, ચાલુ વર્ષના પ્રારંભે યોકોવિચે વેક્સિન ન મૂકાવી હોવાથી તેને ઓસ્ટ્રેલિયામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ કારણે તે ઓસ્ટ્રેલિયન ઓપન રમી શક્યો નહતો. નડાલે ઓસ્ટ્રેલિયન ઓપન અને ત્યાર બાદ ફ્રેન્ચ ઓપન જીતીને સૌથી વધુ ૨૨ ગ્રાન્ડ સ્લેમનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.





# ICC મેચના રાઈટ્સ ડિઝની સ્ટારે ફરી 4 વર્ષ માટે આશરે 24 હજાર કરોડમાં જીત્યા

ગુજરાત | વંદન

આઈપીએલના પ્રસારણ અધિકારો માટે મેગા બિડ બાદ હવે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના મીડિયા અધિકારો માટે પણ જોરદાર બોલી લગાવવામાં આવી છે. આઈસીસી ટૂર્નામેન્ટના વર્તમાન પ્રસારણકર્તા ડિઝની સ્ટારે ફરી એકવાર સૌથી વધુ બોલી લગાવીને આ અધિકારો ખરીદ્યા છે. માહિતી અનુસાર, ડિઝની સ્ટારે ચાર વર્ષ માટે લગભગ 24 હજાર કરોડ રૂપિયામાં આ અધિકારો ખરીદ્યા છે. આઈસીસીના આ વર્તમાન અધિકારો 2024 થી 2027 સુધી ચાલુ રહેશે અને આ ચાર વર્ષમાં ભારતમાં તમામ ટુર્નામેન્ટનું પ્રસારણ કરશે.

સમાચાર એજન્સીના અહેવાલ અનુસાર, ડિઝની સ્ટાર આગામી ચાર વર્ષ સુધી ભારતમાં તમામ આઈસીસી મેચોનું પ્રસારણ કરશે. આમાં પુરૂષો અને મહિલા બંને આઈસીસી ટૂર્નામેન્ટના અધિકારોનો સમાવેશ થાય છે. ટીવી ઉપરાંત ડિઝની સ્ટાર દ્વારા આ બિડ હેઠળ ડિજિટલ રાઈટ્સ પણ ખરીદવામાં આવ્યા છે. એટલે કે હવે કંપની 2027ના અંત સુધી પુરૂષો અને મહિલાઓની તમામ આઈસીસી ટૂર્નામેન્ટનું પ્રસારણ કરશે.

આઈસીસી પ્રમુખ ગ્રેગ બાર્કલેએ કહ્યું, અમને આગામી ચાર વર્ષ સુધી આઈસીસી ક્રિકેટ મેચોનું પ્રસારણ કરવા માટે ડિઝની સ્ટાર સાથેની અમારી ભાગીદારી ચાલુ રાખવાનો આનંદ છે. તેણે ભૂતકાળમાં અમારા સભ્યો માટે ઉત્તમ પરિણામ આપ્યું છે અને અમારી મહત્વાકાંક્ષી વૃદ્ધિ યોજનાઓને સમર્થન આપશે.



### ફેડરરનો કમાણીમાં દબદબો યથાવત

# 719 કરોડ સાથે ટેનિસમાં સૌથી વધુ કમાણી કરવામાં નંબર વન

ગુજરાત | વંદન

છેલ્લા ૧૪ મહિનામાં એક પણ ટેનિસ મેચ ન રમવા છતાં ફેડરરે વર્ષે આશરે રૂપિયા ૭૧૯ કરોડની (અંદાજે ૯ કરોડ ડોલર) કમાણી કરીને ટેનિસ જગતમાં સૌથી વધુ કમાણી કરવામાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતુ. ફોર્બ્સ મેગેઝીનની યાદીમાં ફેડરરને ૧૭માં વર્ષે સૌથી વધુ કમાણી કરતાં ટેનિસ સ્ટાર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

૪૧ વર્ષનો ફેડરર ગત વર્ષે વિમ્બલ્ડન પછી એક પણ ટુર્નામેન્ટમાં રમ્યો નથી. તેણે ઘુંટણની ઈજા પર સર્જરી કરાવી હતી અને હવે તે પુનરાગમનની તૈયારી કરી રહ્યો છે. ફોર્બ્સે લખ્યું છે કે, ફેડરરની મોટાભાગની કમાણી જાહેરખબરો, વિવિધ કાર્યક્રમ-સમારંભમાં હાજર રહેવાની ફી અને અન્ય બિઝનેસમાંથી થઈ હતી. જાપાનની નાઓમી ઓસાકા આ યાદીમાં બીજા સ્થાને છે. ચાર ગ્રાન્ડ સ્લેમ જીતી ચૂકેલી ઓસાકાએ ગત વર્ષ દરમિયાન ૫.૬૨ કરોડ ડોલર (આશરે ૫૫૦ કરોડ રૂપિયા) કમાણી કરી હતી. નોંધપાત્ર છેકે, ઓસાકા પણ ૨૦૨૧ ઓસ્ટ્રેલિયન ઓપન પછી એક પણ મેજર ટુર્નામેન્ટ જીતી નથી. તેણે લેબ્રોન જેમ્સ સાથે મળીને નવી મીડિયા કંપની શરૂ કરી છે.

સેરેના વિલિયમ્સ ૩.૫૧ કરોડ ડોલર (૨૮૦ કરોડ રૂપિયા) ત્રીજા સ્થાને છે. જ્યારે નડાલ ૩.૧૪ કરોડ ડોલર (૨૫૧ કરોડ રૂપિયા) ચોથા અને યોકોવિચ ૨.૭૧ કરોડ ડોલર (૨૧૭ કરોડરૂપિયા) સાથે પાંચમા સ્થાને છે.

# એશિયા કપમાં અફઘાનિસ્તાનનું આક્રમક પ્રદર્શન, સુપર-4માં એન્ટ્રી



■ શ્રીલંકાને પછાડાયા બાદ બાંગ્લાદેશ સામે અફઘાનિસ્તાનનો શાનદાર વિજય

ગુજરાત | વંદન

એશિયા કપ 2022ના ત્રીજા મુકાબલામાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને 7 વિકેટે પરાજય આપ્યો છે. આ સાથે અફઘાનિસ્તાન સુપર-4 રાઉન્ડમાં પહોંચનારી પહેલી ટીમ બની ગઈ છે. બાંગ્લાદેશે પ્રથમ બેટિંગ કરતા 128 રનનો લક્ષ્ય આપ્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને માત્ર 3 વિકેટ ગુમાવી લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. ટીમ માટે ઈબ્રાહિમ ઝાદરાને અણનમ 42 રન બનાવ્યા હતા જ્યારે નજીબુલ્લાહ ઝાદરાને તોફાની બેટિંગ કરતા છ છગ્ગા સાથે 43 રન બનાવ્યા હતા. આ જીતની સાથે અફઘાનિસ્તાને ગ્રુપમાં સતત બીજી જીત નોંધાવતા સુપર ફોરમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. બાંગ્લાદેશે આપેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી અફઘાન ટીમ માટે હઝરતુલ્લાહ ઝઝઈ અને રહમાનુલ્લા ગુરબાઝ ઓપનિંગ કરવા આવ્યા હતા. આ દરમિયાન ઝઝઈએ 26 બોલનો સામનો કરતા 23 રન બનાવ્યા હતા. જ્યારે ગુરબાઝ 11 રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. કેપ્ટન મોહમ્મદ નબી માત્ર 8 રન બનાવી આઉટ થયો હતો.

અફઘાનિસ્તાન માટે ઈબ્રાહિમ ઝાદરાન અને નજીબુલ્લાહ ઝાદરાને શાનદાર પ્રદર્શન કર્યું. ઈબ્રાહિમે 41 બોલનો સામનો કરતા અણનમ 42 રન બનાવ્યા હતા. તેની ઈનિંગમાં ચાર બાઉન્ડ્રી સામેલ રહી હતી. જ્યારે નજીબુલ્લાહે માત્ર 17 બોલનો સામનો કરતા 6 છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી અણન 43 રન બનાવ્યા હતા.

આ પહેલા બાંગ્લાદેશની ટીમે 20 ઓવરમાં 7 વિકેટના નુકસાન પર 127 રન બનાવ્યા હતા. ટીમ માટે મોસાદિક હુસૈને 31 બોલમાં અણનમ 48 રન બનાવ્યા હતા. તેની ઈનિંગમાં ચાર ફોર અને એક સિક્સ સામેલ હતી.

### ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા સાથે કરી મુલાકાત

# ભારતની પૂર્વ સ્ટાર ક્રિકેટર નવી રાજકીય ઈનિંગ રમશે?



ગુજરાત | વંદન

ભારતીય મહિલા ક્રિકેટની 'સચિન' ગણાતી ભૂતપૂર્વ કેપ્ટન મિતાલી રાજે હૈદરાબાદમાં ભાજપ અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે મુલાકાત કરી હતી જેના પગલે મિતાલી રાજ ભાજપમાં જોડાશે તેવી અટકળોએ જોર પકડ્યું છે.

નોંધનીય છે કે, તેલંગાણામાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. એ પહેલાં ભાજપે જીતી શકે એવી સેલિબ્રિટીને લાવવાના પ્રયાસ શરૂ કરી દીધા છે. મિતાલીની લોકપ્રિયતા જોતાં એ જીતી શકે તેમ છે તેથી ભાજપમાં તેને ખેંચવાના પ્રયત્ન શરૂ થયા છે.

મિતાલીએ 1999માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તેણે પોતાની પ્રથમ મેચ આયર્લેન્ડ સામે રમી હતી. તેણે આ વર્ષે ન્યૂઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચમાં દક્ષિણ આફ્રિકા સામે તેની છેલ્લી મેચ રમી હતી. તેણીના શાનદાર પ્રદર્શનના કારણે તેણીને 2003 માં અર્જુન એવોર્ડ, 2017 માં વિઝડન લીડિંગ મહિલા ક્રિકેટર ઈન વર્લ્ડ એવોર્ડ, 2015 માં પદ્મ શ્રી અને 2021 માં ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેણે આ વર્ષે જૂનમાં

23 વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીને અલવિદા કહી દીધી. મિતાલીએ 23 વર્ષની કારકિર્દીમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. ODI ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર મહિલા ક્રિકેટર છે. તેની ODI કારકિર્દી સચિન તેંડુલકર કરતા લાંબી હતી. મિતાલી રાજ ભારત માટે વનડે અને ટી-20માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. છ વન-ડે વર્લ્ડ કપ રમનારી તે એકમાત્ર મહિલા ખેલાડી છે. તે ODI વર્લ્ડ કપમાં સૌથી વધુ 24 મેચોમાં કેપ્ટનશિપ કરનારી મહિલા ખેલાડી છે. તેણે તે જ વર્ષે ઓસ્ટ્રેલિયાની બેલિન્ડા ક્લાર્ક (23 મેચ)ને પાછળ છોડી દીધી હતી. 2017 મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં તેણે સતત 7 અડધી સદી ફટકારી હતી. આવું કરનાર તે પ્રથમ મહિલા ક્રિકેટર છે.

# પાક.ને ધૂળ ચટાડનાર હાર્દિક પંડ્યાની બ્રાન્ડ વેલ્યૂમાં પણ રાતોરાત ઉછાળો

ગુજરાત | વંદન

એશિયા કપ ટી 20માં પાકિસ્તાન સામેની



મેચના હીરો રહેલા હાર્દિક પંડ્યા રાતોરાત કરોડો લોકોનો ફેવરિટ બની ગયો છે. જેનો ફાયદો હવે હાર્દિકને એડવર્ટાઈઝમેન્ટના મેદાનમાં મળી રહ્યો છે. હાર્દિકને સાઈન કરવા માટે ઘણી મોટી બ્રાન્ડસ રાતોરાત તૈયાર થઈ ગઈ છે. નોંધનીય છે કે હાર્દિક પંડ્યા પાકિસ્તાન સામે ત્રણ વિકેટ ખેરવી હતી શાનદાર બેટિંગ કરીને વિજય છગ્ગો ફટકારીને ભવ્ય જીત અપાવી હતી. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે હાર્દિકના બ્રાન્ડ મેનેજર તરીકે કામ કરતી એજન્સીનુ કહેવુ છે કે, હાર્દિકને હવે બ્રાન્ડ પ્રમોટ કરવા માટે બે કરોડ રૂપિયા પ્રતિ દિવસના હિસાબે પેમેન્ટ થઈ રહ્યુ છે. દરેક બ્રાન્ડની એડ શુટ કરવા માટે બે દિવસનો સમય લાગે છે અને એ હિસાબે હાર્દિકને દરેક બ્રાન્ડ પાસેથી 4 કરોડ રૂપિયા મળી રહ્યા છે.

# ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર કોલિન ડી ગ્રાન્ડહોમે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહ્યું અલવિદા

ગુજરાત | વંદન

ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર કોલિન ડી



ગ્રાન્ડહોમે બુધવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. ડી ગ્રાન્ડહોમે આ અઠવાડિયે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ સાથે તેના નિર્ણયની ચર્ચા કરી હતી જેણે તેને તેના કેન્દ્રીય કરારમાંથી મુક્ત કરવા સંમતિ આપી હતી. ઝિમ્બાબ્વેમાં જન્મેલા ડી ગ્રાન્ડહોમે કહ્યું કે તેમની ઈજા અને ત્રણેય ફોર્મેટમાં વધેલી સ્પર્ધા આ નિર્ણય પાછળના કારણો છે. ડી ગ્રાન્ડહોમે અહીં ન્યુઝીલેન્ડ ક્રિકેટ દ્વારા જારી નિવેદનમાં જણાવ્યું હતું કે, "હું સ્વીકારું છું કે હું હવે યુવાન રહીશ નહીં અને ખાસ કરીને ઈજાઓને કારણે પ્રેક્ટિસ કરવી મુશ્કેલ બની રહી છે." ડી ગ્રાન્ડહોમે કહ્યું, "હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને 2012માં ડેબ્યૂ કર્યા બાદ ન્યૂઝીલેન્ડ તરફથી રમવાની તક મળી.

### ઓલ્પિક મ્યુઝિમમાં નીરજ ચોપરાએ સપ્રેમ ભેટ આપી

# ગોલ્ડન બોય નીરજે ગોલ્ડ મેડલ જીતાવી આપનાર ભાલો આપ્યો દાનમાં

ગુજરાત | વંદન



ઓલિમ્પિક ચેમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયનશીપના સિલ્વર મેડલિસ્ટ ભારતના નિરજ ચોપડાએ ડાયમંડ લીગ ઈવેન્ટમાં પહેલી વખત નંબર વન મેળવતો થ્રો ભાલાફેંકમાં કર્યો હતો. ૮૯.૦૯ મીટરના થ્રો સાથે તે ટોપ પર તો રહ્યો જ હતો પણ આ સાથે આવતા મહિને સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયામાં ઝુરિચમાં યોજાનાર સુપર ડાયમંડ લીગમાં તેણે પ્રવેશ પણ મેળવ્યો છે. તેણે જેવો દેખાવ કર્યો છે તે જોતા તેને સુપર ડાયમંડ લીગમાં ચેમ્પિયન બનવાની તક છે. સુપર ડાયમંડ લીગમાં ડાયમંડ લીગ સીરીઝમાં નંબર વન રહેલા ભાલા ફેંક એથ્લીટ ઉતરતા હોય છે. ૮૯.૦૯ મીટરનો નિરજનો થ્રો તેની કારકિર્દીનો ત્રીજા નંબરનો શ્રેષ્ઠ થ્રો છે. બીજી બાજુ ભારતીય સ્ટાર નીરજ ચોપરાએ કેટલીય સિદ્ધિ પોતાના નામે કરી. ટોક્યો ઓલમ્પિકમાં ગોલ્ડ, વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ સહિત ઘણી જગ્યાએ ઈતિહાસ રચ્યો. નીરજ ચોપરાએ ગયા વર્ષે ટોક્યો ઓલ્મ્પિકમાં જે ભાલાથી ગોલ્ડ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તેમણે તે ભાલાને ઓલમ્પિક મ્યુઝિયમને દાનમાં આપ્યો છે.

નીરજ ચોપરા ગયા વર્ષે ટોક્યોમાં ટ્રેક અને ફીલ્ડ સ્પર્ધામાં ગોલ્ડ જીતનાર ભારતના પહેલા એથલીટ બન્યા હતા. ભારતીય સ્ટારએ મ્યુઝિયમને પોતાનો સૌથી અમૂલ્ય ભાલો દાનમાં આપી દીધો. હવે તેમણે પોતાની સૌથી કિંમતી વસ્તુ પોતાનાથી દૂર કરી દીધી છે. તેમણે પોતાની સૌથી ખાસ વસ્તુ દાનમાં આપી દીધી છે.

વર્ષમાં ચાર ડાયમંડ લીગમાં ભાલા ફેંકનો ઈવેન્ટ હોય છે જેના પોઈન્ટના આધારે ટોચના છ ખેલાડીઓ સુપર ડાયમંડ લીગમાં પ્રવેશ મેળવતા હોય છે. આ વર્ષે નિરજે ચારમાંથી બેમાં ભાગ લીધો હતો અને તેણે કુલ ૧૫ પોઈન્ટ સાથે ચોથા ક્રમે પ્રવેશ મેળવ્યો છે. હવે છ ટોચના ક્રમના સ્પર્ધકો વચ્ચે સુપર ડાયમંડ લીગ યોજાશે.

નિરજ ચોપડા ઈજાને લીધે બર્મિંગહામમાં યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ નહોતો લઈ શક્યો. હવે ઝુરિચમાં ૭- ૮ સપ્ટેમ્બરમાં સુપર ડાયમંડ લીગ યોજાનાર હોઈ નિરજે કહ્યું હતું કે, મારી પસે તૈયારી કરવા માટે અઠવાડિયાનો સમય માંડ છે. પાંચ ઈવેન્ટમાંથી ત્રણમાં તેનો થ્રો ૮૯ મીટર ઉપર રહ્યો હોઈ તેને આત્મવિશ્વાસ છે કે તે ૯૦ પ્લસ પર તેનો આંક લઈ જઈ શકશે.

# યુએસ ઓપન 2022: સેરેના વિલિયમ્સ હીરા જડિત બૂટ પહેરીને મેદાનમાં ઉતરતા આકર્ષણનું કેન્દ્ર




ગુજરાત | વંદન

યુએસ ઓપનમાં આ વર્ષે ભલે અમુક દિગ્ગજ ખેલાડી ભાગ લઈ રહ્યા હોય પરંતુ તમામની નજર સેરેના વિલિયમ્સ પર ટકેલી છે. ટેનિસને અલવિદા કહેવા જઈ રહેલા સેરેનાએ યુએસ ઓપનમાં પહેલા તબક્કાની મેચ જીતી લીધી છે. સેરેનાએ મોંટેનીગ્રોની 80મી રેન્કિંગ વાળી દાંકા કોવિનિચને 6-3, 6-3થી હરાવ્યા. જોકે મેચમાં સેરેનાની રમત કરતા વધારે તેમના ડ્રેસની ચર્ચા થઈ. સેરેના ખાસ લુકમાં કોર્ટ પર પહોંચી હતી. આ લુકની તમામ બાબત ખાસ હતી.

સેરેનાએ બ્લેક કલરનો બોડીકોન ડ્રેસ પહેર્યો હતો. જેની પર સ્ટાર જેવા સ્ટોન લાગેલા હતા. તેમના સ્કર્ટ ઉપર 6 લેયર છે જે તેમના છ યુએસ ઓપન ખિતાબને દર્શાવે છે. સેરેના જ્યારે કોર્ટ પર આવ્યા ત્યારે ડ્રેસની ઉપર એક જેકેટ પહેરેલુ હતુ તે પણ ડ્રેસના જ ડિઝાઈનનુ હતુ.

સેરેનાના બૂટ પણ ખૂબ ખાસ હતા. તેમના બૂટ પર એક જગ્યાએ તેમના નામના શરૂઆતી અક્ષર S અને W લખેલુ હતુ. ફૂટ પર નાના-નાના ડાયમંડથી 'મમ્મા', 'ક્વિન' લખેલુ હતુ. સેરેના વિલિયમ્સે જ્યારે 1999માં 17 વર્ષની ઉંમરે પહેલુ યુએસ ઓપન ગ્રેન્ડસ્લેમ જીત્યુ હતુ ત્યારે વાળમાં સફેદ મોતી પહેર્યા હતા અને હવે 40 વર્ષની ઉંમરે તે પોતાની છેલ્લી ટુર્નામેન્ટ રમી રહી છે તો તેમની દિકરી ઓલંપિયાએ માતાની જેમ જ હેર સ્ટાઈલ કરી છે.

### હસ્તક્ષેપ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એસોસિએશન ફુટબૉલ(FIFA)આપી રાહત

# ભારતીય ફુટબોલ ફેડરેશન પરથી પ્રતિબંધ હટ્યો, ભારતમાં જ યોજાશે અંડર-17 મહિલા વર્લ્ડકપ




ગુજરાત | વંદન

ભારતીય ફુટબોલ પર આવેલું સંકટ સમાપ્ત થઈ ગયું છે. ફીફાએ ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન (AIFF) પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવી દીધો છે. આ સાથે ભારતને ફરી અન્ડર-17 મહિલા વિશ્વકપ 2022ની યજમાની સોંપી દીધી છે. ફુટબોલને સર્વોચ્ચ સંસ્થા ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ એસોસિએશન ફુટબૉલ(ફીફા)એ આ માહિતી આપી છે.

ફીફાએ એઆઈએફએફમાં ત્રીજા પક્ષના હસ્તક્ષેપના કારણે પ્રતિબંધ લગાવ્યો હતો. પરંતુ એઆઈએફએફમાં સંચાલનમાં થઈ રહેલા ફેરફારના કારણે આ પ્રતિબંધ હટાવી દીધો. હવે ઓક્ટોબરમાં યોજાનારા અંડર-17 મહિલા વર્લ્ડકપની હોસ્ટિંગનો ભારતનો અધિકાર પણ યથાવત રહેશે.

આ પહેલા એઆઈએફએફ પર પ્રતિબંધ લગાવ્યા બાદ ફીફાએ નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે, ત્રીજા પક્ષના વધુ પડતા હસ્તક્ષેપના કારણે અખિલ ભારતીય ફુટબૉલ મહાસંઘને પ્રતિબંધિત કરવાનો નિર્ણય લેવાયો હતો. ફીફાએ એમ પણ કહ્યું હતું કે, આ પ્રતિબંધ ત્યારે હટાવવામાં આવશે જ્યારે એક સાથે કામ કરવાનું શરૂ કરીશું. આ સમગ્ર મામલે ફરિયાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગઈ હતી.

કોર્ટમાં મે 2022માં સમગ્ર બોર્ડે હટાવી દેવાયું અને એક નવા બંધારણ માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ પહેલા કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં સત્તાધિશોની સમિતિના કાર્યકાળને સમાપ્ત કરવાનો આગ્રહ કર્યો અને આદેશ આપ્યા કે અખિલ ભારતીય ફુટબૉલ મહાસંઘના દરરોજના સંચાલનની દેખભાળ કાર્યવાહક મહાસચિવના નેતૃત્વમાં એઆઈએફએફ તંત્ર દ્વારા કરવામાં આવશે.


સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# મુકેશ અંબાણીના પુત્ર અનંતે દુબઈમાં સૌથી મોંઘુ અધધ... ₹640 કરોડનું લક્ઝુરિયસ ઘર ખરીદ્યું

■ દુબઈમાં બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાનનો પાડોશી બનશે

ગુજરાત | વંદન

મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે દુબઈમાં 80 મિલિયન ડોલર (રૂ. 640 કરોડ) નું ઘર ખરીદ્યું છે જે દુબઈમાં અત્યાર સુધીનું સૌથી મોંઘું ઘર છે. અહેવાલ અનુસાર, આ ઘર મુકેશ અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીના નામે ખરીદવામાં આવ્યુ છે. જે સમુદ્ર કિનારે દ્વીપસમૂહના ઉત્તર ભાગમાં આવેલું છે. આ ઘરમાં 10 બેડરૂમ, 1 સ્પા, ઈન્ડોર અને આઉટડોર પૂલ, પ્રાઈવેટ થિયેટર, જિમ સહિત ઘણી લક્ઝરી સુવિધાઓ છે. હકીકતમાં દુબઈ વિશ્વભરના ધનિક લોકો માટે અતિ સમૃદ્ધ જીવનશૈલી માટે પસંદગી તરીકે ઉભરી આવ્યું છે. ત્યાંની સરકાર વિદેશીઓને ઘર ખરીદવા સહિત અન્ય કામોમાં પણ ઘણી છૂટ આપી રહી છે. આ સાથે દુબઈ સરકાર લાંબા ગાળાના ગોલ્ડન વિઝા આપી રહી છે જે અન્ય



દેશોના લોકોને અહીં રહેવા માટે પ્રોત્સાહિત કરી રહી છે.

હવે અંબાણી પરિવાર બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાન અને બ્રિટિશ ફૂટબોલર ડેવિડ બેકહામના નવા પડોશી બનશે. બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાન અને બ્રિટિશ ફૂટબોલર ડેવિડ બેકહામે પોતાની પત્ની વિક્ટોરિયા સાથે અહીં ઘર ખરીદ્યું છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર અનંત અંબાણી 93.3 અબજ ડોલરની સંપત્તિના ત્રણ વારસદારોમાંથી એક છે. વિશ્વના 11મા સૌથી ધનિક વ્યક્તિ 65 વર્ષના મુકેશ અંબાણી ધીમે ધીમે તેમના બિઝનેસની બાગડોર તેમના બાળકોને સોંપી રહ્યા છે. રિપોર્ટ અનુસાર અંબાણી પરિવાર વિદેશમાં પોતાની રિયલ એસ્ટેટનો વિસ્તાર કરી રહ્યો છે. ત્રણેય ભાઈ-બહેનો તેમના બીજા ઘર માટે પશ્ચિમી દેશો તરફ આગળ વધી રહ્યા છે.



આત્મનિર્ભર ભારત

# 780 સંરક્ષણ ઉત્પાદનોની આયાત પર સરકારનો પ્રતિબંધ

ગુજરાત | વંદન

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એવા 780 ભાગો અને એસેસરીઝની નવી યાદીને મંજૂરી આપી છે જે આયાત પર પ્રતિબંધ પછી માત્ર સ્થાનિક ઉદ્યોગો પાસેથી જ ખરીદવામાં આવશે. આ ત્રીજી સકારાત્મક સ્વદેશીકરણ યાદી છે, જેમાં વિવિધ લશ્કરી વિભાગો દ્વારા ઉપયોગમાં લેવાતા ભાગો, સાધનો અને શસ્ત્રોનો સમાવેશ થાય છે અને તેનો હેતુ સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા કરવામાં આવતી આયાતમાં ઘટાડો લાવવા માટે છે.

સંરક્ષણ મંત્રાલયે આ ભાગોની આયાત રોકવા માટે ડિસેમ્બર 2023 થી ડિસેમ્બર 2028 સુધીની સમયમર્યાદા નક્કી કરી છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સિંહે 780 વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લાઈન રિપ્લેસમેન્ટ યુનિટ્સ (LRUs),સબસિસ્ટમ્સ અથવા ચોક્કસ સમયરેખા સાથેના ભાગોની ત્રીજી યાદીને મંજૂરી આપી છે, જે પછી તે ફક્ત સ્થાનિક ઉદ્યોગો પાસેથી જ ખરીદવામાં આવશે.

આ પહેલા ડિસેમ્બર 2021 અને માર્ચ 2022માં સમાન બે યાદી જાહેર કરવામાં આવી છે. મંત્રાલયે કહ્યું કે, આ વસ્તુઓને વિવિધ માધ્યમો દ્વારા સ્વદેશી બનાવટ (ઉત્પાદન) શ્રેણી હેઠળ બનાવવામાં આવશે. મેક કેટેગરીનો હેતુ સંરક્ષણ ક્ષેત્રના ઉત્પાદનમાં ભારતીય ઉદ્યોગોની ભાગીદારી વધારીને આત્મનિર્ભર બનવાનો છે. આમાં ઉપકરણોની ડિઝાઈન, વિકાસ અને વિકાસનો સમાવેશ થાય છે નિવેદનમાં જણાવાયું છે.

ભારતીય અર્થવ્યવસ્થાના 'અચ્છે દિન'

# 2022-23માં 13.5% થયો GDP ગ્રોથ, જાણો આઠ સેક્ટરના હાલ

ગુજરાત | વંદન

કોરોનામાં ખાડે ગયેલી ભારતીય અર્થવ્યવસ્થા હવે ધીરે ધીરે તેની પૂર્વવત સ્થિતિ ધારણ કરી રહી છે જે સરકાર માટે સારો સંકેત છે. નાણાકીય વર્ષ 2022-23ના પ્રથમ ત્રિમાસિક ગાળા એપ્રિલથી જૂનમાં ભારતીય અર્થવ્યવસ્થા 13.5 ટકાના દરે વિકાસ પામી હતી જ્યારે 2022-23ના જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક ગાળામાં જીડીપી 4.1 ટકા હતો જે એપ્રિલથી જૂનમાં વધીને 13.5 ટકો થયો આ રીતે જીડીપીમાં 9 ટકાનો ઉછાળો નોંધાયો હતો.

2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી 20.1 ટકા હતી. કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટામાં આવું જણાવાયું હતું. કોરોના મહામારીના કારણે છેલ્લા બે નાણાકીય વર્ષ 2020-21 અને 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં લોકડાઉનની અસર થઈ હતી પરંતુ ચાલુ વર્ષમાં ઈકોનોમીમાં તેજીનો સંકેત જોવા



મળ્યો છે. એનએસઓ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ નાણાકીય વર્ષ 2022-23ના પહેલા ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ રેટ 4.8 ટકા હતો, જ્યારે 2021-22ના પહેલા ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ રેટ 49 ટકા રહ્યો હતો. કૃષિ ક્ષેત્રે 2.2 ટકાનો વધારો થયો છે, જે 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 4.5 ટકા હતો. કન્સ્ટ્રક્શન સેક્ટરનો ગ્રોથ રેટ 16.8 ટકા રહ્યો છે, જ્યારે 2021-22ના પહેલા ક્વાર્ટરમાં તે 71.3 ટકા હતો. એ જ રીતે વેપાર, હોટેલ, પરિવહન, સંચાર અને પ્રસારણ સાથે સંબંધિત સેવાઓનો વૃદ્ધિ દર 25.7 ટકા રહ્યો છે, જે 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 34.3 ટકા હતો. ફાઈનાન્શિયલ, રિયલ એસ્ટેટ અને પ્રોફેશનલ સર્વિસમાં 9.2 ટકાનો વધારો થયો છે, જે ગયા વર્ષના પહેલા ક્વાર્ટરમાં 2.3 ટકા હતો.

જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ પાર્ટીને મોટો આંચકો

# આઝાદ બાદ ધડાધડ કોંગ્રેસના 64 નેતાઓએ આપ્યા રાજીનામાં

ગુજરાત | વંદન

કોંગ્રેસની મુશ્કેલીઓ ઘટવાનું નામ નથી લેતી. જમ્મુ કાશ્મીરમાંથી પાર્ટીના 64 લોકોએ રાજીનામા આપી દીધા છે. જેમાં પૂર્વ ડેપ્યુટી સીએમ પણ સામેલ છે. રાજીનામા આપ્યા બાદ રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા તારા ચંદે કહ્યું કે, કોંગ્રેસ હાઈકમાન્ડ કોઈનું સાંભળતી નથી. જે લોકો સુધી વાત પહોંચાડતા હતા, તે પાર્ટી પ્રોજેક્ટ કરી શકતા નથી. આ જ કારણ છે કે, આજે અમે પાર્ટી છોડી રહ્યા છીએ અને હવે ગુલામ નબી આઝાદ સાથે રહીશું.

તારા ચંદ ઉપરાંત પૂર્વ મંત્રી ચૌધરી ધારુરામ, અબ્દુલ મઝીદ વાની, મનોહર લાલ શર્મા, પૂર્વ ધારાસભ્ય બલવાન સિંહ સહિત અન્ય કેટલાય મોટા નેતા અને કાર્યકર્તાઓએ પણ પાર્ટી છોડી દીધી છે. આ અગાઉ જમ્મુ કાશ્મીર વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ ગુલામ હૈદર મલિક સહિત કોંગ્રેસના ચાર નેતાઓ તથા પાર્ટીના 12 મુખ્ય કાર્યકર્તાઓને પણ કોંગ્રેસ છોડવાની જાહેરાત કરી છે.

# કેજરીવાલના હાથમાં આવ્યું LGનું રૂપિયા 1400 કરોડનું કથિત કૌભાંડ

ગુજરાત | વંદન

દિલ્હીમાં ભ્રષ્ટાચારના આરોપોને લઈને આમ આદમી પાર્ટી અને ભાજપ એકબીજા પર નિશાન સાધી રહ્યા છે. દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દુર્ગેશ પાઠકે દિલ્હીના એલજી વીકે સક્સેના સામે ૧૪૦૦ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો. એ પછી વિધાનસભામાં હોબાળો થયો હતો. આપના ધારાસભ્યોએ એલજી સામે સીબીઆઈ-ઈડીની તપાસની માગણી કરી હતી. જ્યારે, ભાજપના ધારાસભ્યોએ ભ્રષ્ટાચાર માટે મંત્રીઓ મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનને બરતરફ કરવાની માંગ કરી હતી જેના પગલે દિલ્હીના રાજકારણમાં ભારે ધમાસાણ ચાલી રહ્યું છે ભાજપે વળતો પ્રહાર કરતા કહ્યું કે, કેજરીવાલ જૂઠ્ઠો છે.


આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દુર્ગેશ પાઠકે ધારાસભામાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના સામે સનસનીખેજ આરોપ મૂકતા કહ્યું હતું કે વીકે સક્સેના જ્યારે ખાદી ગ્રામોદ્યોગના પ્રમુખ હતા ત્યારે ૧૪૦૦ કરોડનો ભ્રષ્ટાચાર આચર્યો હતો. નોટબંધી વખતે વીકે સક્સેનાએ કાળું નાણું સફેદ કર્યું હતું. એ વખતે આપના ધારાસભ્યોએ વિધાનસભામાં બેનર બતાવીને પ્રદર્શનો કર્યા હતા.

# NCRBના નવા રેકોર્ડ પ્રમાણે વર્ષ 2021માં પ્રતિ 10 લાખ લોકોમાંથી 120 લોકોએ આત્મહત્યા કરી

## દેશમાં 2021માં સૌથી વધુ લોકોએ કરી આત્મહત્યા, વેપારીઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા વધારે

ગુજરાત | વંદન

દેશમાં આત્મહત્યાના કારણે થયેલા મોતને લઈને જે આંકડા સામે આવ્યા છે તે ખૂબ ચોંકાવનારા છે. એનસીઆરબીના નવા રેકોર્ડ પ્રમાણે વર્ષ 2021માં પ્રતિ 10 લાખ લોકોમાંથી 120 લોકોએ આત્મહત્યા કરી છે જે છેલ્લા વર્ષની તુલનામાં 6.1% વધારે છે. મોતના આ કેસ છેલ્લા તમામ વર્ષોમાં સૌથી વધુ છે. આ મામલોમાં સૌથી ઝડપી વધારો વિદ્યાર્થીઓ અને વેપારીઓમાં જોવા મળ્યો છે. જોકે, આ વધારો 2020ના



સંસ્કરણમાં પણ જોવા મળ્યો હતો. આ નિષ્કર્ષ ભારતમાં થયેલા મૃત્યુ અને આત્મહત્યાઓ તથા ભારતમાં અપરાધના 2021ના રિપોર્ટ પરથી મળ્યો છે. બંનેને કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ એનસીઆરબી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

**સૌથી વધુ આત્મહત્યા |** ડેટા દ્વારા જાણકારી મળે છે કે, 2021માં આત્મહત્યાના કુલ 1,64033 લોકોના જીવ ગયા છે જો કે, 2020ની તુલનામાં 7.2% વધુ છે. બીજી તરફ વર્ષ 2020માં 1,53052 લોકોના જીવ ગયા હતા. વર્ષ 2019માં આ આંકડો લગભગ 1,39000 હતો. આ ઉપરાંત 10 લાખ જનસંખ્યા પર 120 મૃત્યુ થયા છે. 2021 માં 1967 માં આત્મહત્યા મૃત્યુનો સૌથી વધુ દર જોવા મળ્યો હતો જેના માટે આ ડેટા ઉપલબ્ધ છે. દેશમાં આત્મહત્યાનો બીજો સૌથી વધુ દર 2010માં નોંધાયો હતો. જ્યારે 10 લાખની વસ્તી દીઠ 113 મૃત્યુ થયા હતા.

હરિયાણી ભાજપની ખૂબસૂરત મહિલા નેતાનો આવ્યો કરૂણ અંજામ

# હાઈફાઈ-ચમકદમક-ડ્રગ્સ- ફ્રોડ અને અંતે મોત

ગુજરાત | વંદન

મૂળ હરિયાણાની ફેમસ ટિકટોક સ્ટાર અને ભાજપની નેતા સોનાલી ફોગાટનું ગોવામાં સંદિગ્ધ અવસ્થામાં મોત થયું હતું. શરુઆતમાં તેને હાર્ટ અટેક આવ્યો હોવાની વાતો વહેતી કરાઈ હતી. જોકે, તેના પરિવારજનોએ તેનું મર્ડર કરાયું હોવાનો આક્ષેપ કર્યો હતો. વળી, તેના પીએમ રિપોર્ટમાં પણ સોનાલીના શરીર પર ઈજાના ઘણા નિશાન મળ્યા હતા. ટિકટોક સ્ટાર અને ખૂબસૂરત ભાજપ નેતા સોનાલી હાઈફાઈ સ્ટાઈલથી જિંદગી જીવી રહી હતી જેનો કરૂણ અંજામ આવ્યો છે. સોનાલી ફોગાટના પીએ સુધીર સાંગવાને જ

### ડ્રગ્સ લીધા બાદ સોનાલીની તબિયત લથડી હતી

ગોવા પોલીસના આઈજી ઓમવીર સિંહે જણાવ્યું કે સોનાલી ફોગાટને બળજબરીથી ડ્રગ્સ પીવડાવવામાં આવ્યું હતું, ત્યારબાદ તેની તબિયત લથડી હતી. આરોપી તેને ટોયલેટમાં લઈ ગયો હતો, 2 કલાક સુધી તેણે શું કર્યું? આ બાબતે આરોપીએ જવાબ આપ્યો નથી, અમે તમામ સીસીટીવી ફૂટેજ જોયા છે અને બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

વિશ્વાવાસ ઘાત કર્યો છે.

સુધીર સાંગવાન અને સુખવિન્દર સહિત 4ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને કર્લીસ ક્લબના બાથરૂમમાંથી ડ્રગ્સ પણ મળી આવ્યું હતું. ગોવાના આઈજી ઓમવીર બિશ્નોઈએ આ વાતની પુષ્ટિ કરી છે. કોર્ટે સુખવિન્દર સિંહ અને સુધીર સાંગવાનને 10 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં સુધીર અને સુખવિન્દરે કબૂલાત કરી છે કે તેઓએ 22 ઓગસ્ટની રાત્રે સોનાલીને બળજબરીપુર્વક ડ્રગ્સ આપ્યું હતુ. સોનાલીને પ્રવાહીમાં ભેળવીને કેમિકલ આપવામાં આવ્યું હતું. જ્યારે ડ્રગ્સના ઓવરડોઝના કારણે સોનાલીની તબિયત લથડી હતી, ત્યારે બંને તેને વોશરૂમમાં લઈ ગયા હતા. બંને બે કલાક સોનાલી સાથે વૉશરૂમમાં જ બેઠાં હતાં.



એલન મસ્ક અને જેફ બેજોસ પછી 11 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે ત્રીજા ક્રમના સૌથી ધનિક

# અદાણીની અવિરત આગેકૂચ : વિશ્વના ત્રીજા સૌથી અમીર ગૌતમ અદાણી બન્યા

ગુજરાત | વંદન

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ભારતના તેમજ એશિયાના સૌથી મોટા અમીર વ્યક્તિ છે. થોડા વર્ષો પહેલા ભલે દુનિયાના ઘણા લોકો તેમનું નામ જાણતા ન હોય, પરંતુ હવે આખી દુનિયા તેમને ઓળખે છે. હવે ગૌતમ અદાણીએ નેટવર્થના મામલે નવો રેકોર્ડ બનાવ્યો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર ગૌતમ અદાણી હવે વિશ્વના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. મહત્વનું છે કે, અદાણી આવું કરનાર પ્રથમ એશિયન બિઝનેસમેન છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર,



અદાણીએ હવે લૂઈસ વિટનના સીઈઓ અને ચેરમેન બર્નાર્ડ આર્નોલ્ટને પાછળ છોડી દીધા છે. ઈન્ડેક્સ અનુસાર, અદાણીની નેટવર્થ હાલમાં વધીને $137.4 બિલિયન થઈ ગઈ છે. હવે અદાણી ગ્રુપના ચેરમેનથી આગળ માત્ર ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ જ આગળ છે. મસ્કની નેટવર્થ હાલમાં $251 બિલિયન છે, જ્યારે બેઝોસ હાલમાં $153 બિલિયનની નેટવર્થ ધરાવે છે જ્યારે 91.9 અબજ ડોલર (7.34 લાખ કરોડ રૂપિયા)ની સંપત્તિ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણી 11મા સ્થાને છે.

ગૌતમ અદાણી છેલ્લા કેટલાય સમયથી અનેક બિઝનેસ સામ્રાજ્ય ફેલાવી રહ્યા છે ત્યારે અદાણી ગ્રુપને NDTVમાં 29.18% હિસ્સો ખરીદવાનો પણ મોકો મળ્યો હતો. એ ઉપરાંત જૂથે ન્યૂઝ ચેનલમાં વધુ 26 ટકા હિસ્સાની ખરીદી માટે ઓપન ઓફર પણ લોન્ચ કરી છે.

કૌન કહેતા હૈ કોંગ્રેસ કે સિનિયર મોસ્ટ નેતા નહીં ફૂટ સકતે..?

# આઝાદ: બિક સકતા હું..ખરીદાર મિલ ગયા..,બિક ગયા..!

ગુજરાત | વંદન

કૌન કહેતા હૈ આસમાં મેં સુરાખ નહીં હોતા, એક પત્થર તો તબિયત તો ઉછાલો યારો... આને જરા આમ કહીએ-કૌન કહેતા હૈ કોંગ્રેસ કે સિનિયર મોસ્ટ નેતા નહીં ફૂટતે..એક લાલચ કી જાલ તો બિછાઓ યારો...!

યસ, તેને લાલચ કી જાલ જ કહી શકાય. અલબત લાલચ શું આપી એ તો લાલચ આપનાર જાણે પણ ગુલામનબી આઝાદના કેસમાં કોંગ્રેસે તેમને ઘણુ આપ્યું છતાં આઝાદ કોંગ્રેસમાંથી નિકળ્યો અને નિકળતા નિકળતાં પોતાની અસલિયત પણ કોંગ્રેસવાળાને બતાવી ગયો કે જિસ થાલી મેં મૈ ખાતા હું ..ઉસી મેં મૈં છેદ કરતા હું...!

કોંગ્રેસે તેમને શું આપ્યું એ તો આઝાદ અને કોંગ્રેસના નેતાઓ જ જાણે પણ કોંગ્રેસમાંથી સિનિયરમોસ્ટ નેતાની વિકેટ પાડીને જેમણે પણ આ કામ કર્યું તેને સલામ કરવી જોઈએ. કેમ કે જાળ ફેંકનાર બરાબર જાણી ગયા છે કે ગુજરાતમાં અને કેન્દ્રીય સ્તરે કોંગ્રેસમાં રહેલા નેતાઓને શું જોઈએ છે... અને એ ટુકડો ફેંકો એટલે પૂંછડી પટપટાવતા પટપટાવતા...તેમની તરફ આવશે અને આવે એટલે ગળામાં પટ્ટો નાંખી દો...!

ગુજરાતમાં જેમના ગળામાં આવા પટ્ટા પડ્યા છે તેમાં એક હાર્દિક પટેલનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસમાં કાર્યકારી પ્રદેશ પ્રમુખ અને જે પાર્ટીમાં ગયા ત્યાં પેજપ્રમુખ...પેજ પ્રમુખ એટલે મતદાર યાદીના એક પેજમાં જેટલા મતદારોના નામો હોય એના પ્રમુખ. અને એક પેજમાં કેટલા નામો હોય...? હાર્દિકને ખબર. કુંવરજી બાવળિયા હવે બાવળના ઝાડ ગણે છે...જવાહર ચાવડા હવે નવરા પડીને ચા-વડા...ચા-વડા... ચા-વડા...બોલે છે અને પેલા નંદાને શોધી રહ્યો છે..જે બીજાની ચા પીને ફૂટપાથ પર બેઠા બેઠા



### બાવળિયા હવે બાવળના ઝાડ ગણી રહ્યાં હશે, બિચ્ચારા.., અલ્પેશ ઠાકોર દારૂનો અડ્ડો શોધી રહ્યો છે..

એમ કહેતો હતો કે ઓલી.. સામેની બેંકમાંથી કાંઈ લોન-વોન જોઈતી હોય તો કહેજે અપાવી દઈશ...! અલ્પેશ ઠાકોર દારૂનો અડ્ડો શોધી રહ્યો છે...ધવલ ઝાલા...પોતાનો શૈક્ષણિક ધંધો-કારોબાર સંભાળીને નિરાંતે બેઠો છે... બીજા જે જે તાજેતરમાં જોડાયા એ બધા ટિકિટની આશામાં રાહ જોઈ રહ્યાં છે..!

યુધ્ધ અને રાજકારણમાં બધુ જ માફ. આઝાદને શું ખાતરી આપી અથવા કેજરીવાલની ભાષામાં કહીએ તો ગેરંટી આપી એ તો આપનાર જાણે પણ કોંગ્રેસમાં ભલભલા ફૂટી રહ્યાં છે. આતશબાજીના ફટાકડાં ફૂટે તેમ કોંગ્રેસમાં તડતડીયા ફૂટી રહ્યાં છે. ગુજરાતના લોકોને એમ લાગતુ હતું કે માત્ર ગુજરાતમાં માત્ર રાજીવ ગાંધી ભવનવાળા જ ફૂટે છે પણ કાશ્મીરી આઝાદે પૂરવાર કર્યું કે, નહીં આપ કા માનના ગલત હૈ..10, અકબર રોડ મેં ભી ફૂટતે હૈ...ઔર મેરે બાદ દુસરે ભી જા શકતે હૈ...યાનિ કી ફૂટ શકતે હૈ....!કોઈ તો છે કે જે કોંગ્રેસની પોલ ભાળી ગયો છે અને એ પોલ-બખોલમાંથી અંદર જઈને વાડામાંથી એક એક બકરૂ ગુપચુપ..ગુપચુપ..ઉપાડી લાવે છે અને હજુ ઘણાં બકરાં એક પછી એક ઉપાડી લાવશે તેમાં કોઈ શક નથી.. ગુજરાતમાં પણ ક્રોસ વોટીંગ કરનારા પંજાધારી 6 ધારાસભ્યો ગમે ત્યારે સામેના પક્ષમાં જોવા મળી શકે છે.... જ્યારે ચૂંટણી નજીક આવતી જશે તેમ તેમ તેમના એક એક ડગ કોબા તરફ જતાં દેખાશે...

કોંગ્રેસ હાઈકમાન્ડ એમ કહીને સામાવાળા પક્ષનો આભાર માનતા હશે કે આભાર...તમે જબરૂ શોધી કાઢ્યું કે અમારામાં કોણ ગદ્દાર છે... કોણ અસંતુષ્ટ છે...કોણ સત્તાજીવી છે...કોણ વિશ્વાસઘાતી છે..! અને હજુ એવા કોઈ હોય તો એની યાદી અમને આપો એટલે અમે વાજતે ગાજતે તમારે ત્યાં પહોંચાડીએ....!

ગુલામનબી આઝાદ નવી પાર્ટી બનાવીને બીજી પાર્ટીના સહારે જમ્મુ-કાશ્મિરના મુખ્યમંત્રી બનશે કે કેમ...એ તો તેમની જન્મકુંડળી કહેશે પણ આઝાદે પૂરવાર કર્યું છે કે ના મેરા કોઈ ઈમાન હૈ...ના મેરા કોઈ ધર્મ હૈ..મુઝે ભી ખરીદા જા સકતા હૈ...ખરીદાર મિલ ગયા... બિક ગયા...

# માલદીવમાં વેકેશન એન્જોય કરી રહી છે ટીવીની 'નાગિન', તસવીરો વાયરલ



ટીવી કલાકાર હાલમાં ખુબ ચર્ચિત એક્ટ્રેસ બની ચૂકી છે. સુરભિ જ્યોતિએ સોશ્યલ મીડિયા પર પોતાની તસવીરોથી ધમાલ મચાવી છે. જેના પર ફેન્સ દિવાના થયા છે. સુરભિ જ્યોતિ 'કુબૂલ હૈ'માં જોયા ફારૂકીની ભૂમિકા ભજવીને ઘરે ઘરે પૉપ્યૂલર થઇ ગઇ છે. આજકાલ સુરભિ જ્યોતિ માલદીવમાં વેકેશન એન્જૉય કરી રહી છે, ત્યાંથી તેને પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરી છે, અને ફેન્સના દિલ ધડકાવી દીધા છે. જેમાં તે કમાલની લાગી રહી છે. સુરભિ જ્યોતિએ પિન્ક કલરની શૉર્ટની સાથે બ્લૂ કાર્ડિગન પહેરેલુ છે, સાથે ગૉગલ્સથી પોતાનો લૂક પુરો કર્યો છે.

તસવીરોમાં સુરભિ જ્યોતિ દરિયા કિનારે તડકામાં ઉભી રહેલી દેખાઇ રહી છે. સુરભિ જ્યોતિના આ કિલર લૂકને ફેન્સ ખુબ પસંદ કરી રહ્યાં છે અને જોરદાર લાઇક્સ અને કૉમેન્ટ કરી રહ્યાં છે.


# એફડી પરથી જપ્તી ઉઠાવો, એ મારી મહેનતની કમાણી છે: જેક્લિન



બોલીવૂડ અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડિઝે પોતાની એફડી પરથી જપ્તી ઉઠાવી લેવાની માગણી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ કરી છે. જેક્લિને ઈડીને જણાવ્યું છે કે આ એફડી તેની મહેનતની કમાણીની છે અને તેને સુકેશ કેસ સાથે કોઈ લેવા દેવા નથી. ભેજાબાજ સુકેશ ચન્દ્રશેખરે તિહાર જેલમાંથી બેઠા બેઠા ખંડણીનું રેકેટ ચલાવ્યું હતું અને ૨૦૦ કરોડથી વધુની ખંડણી એકત્ર કરી હતી. તેણે આ રકમમાંથી જેક્લિનને કરોડો રુપિયાની ભેટસોગાદો આપી હતી. જેક્લિને સુકેશને મની લોન્ડરિંગમાં મદદ કરી હોવાનો આરોપ ઈડીએ મુક્યો છે અને આ કેસની ચાર્જશીટમાં જેક્લિનને આરોપી તરીકે પણ દર્શાવી છે.

ઈડી દ્વારા જેક્લિનને સુકેશે આપેલી સાત કરોડની ભેટસોગાદો સહિતની અસ્ક્યમાતો પણ જપ્ત કરવામાં આવી ચુકી છે. તેમાં કેટલાંક એફડી એકાઉન્ટસનો પણ સમાવેશ થાય છે.

# ગુજરાતી ક્રિકેટરે એક્ટિંગમાં હાથ અજમાવ્યો : કોબ્રા ફિલ્મથી ઈરફાન પઠાણનું ડેબ્યૂ




ભારતીય ટીમની ભૂતપૂર્વ ક્રિકેટર ઈરફાન પઠાણની તામિલ ફિલ્મ કોબ્રા ટૂંક સમયમાં રિલીઝ થશે. ઈરફાને આ ફિલ્મનું ટ્રેલર શેર કરતાં તેને ક્રિકેટ અને બોલીવૂડની કેટલીય હસ્તીઓએ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યાં હતાં. આ ફિલ્મમાં ઈરફાન તુર્કીમાં ફરજ બજાવતા ઈન્ટરપોલ એજન્ટના રોલમાં હોવાનું કહેવાય છે.

આ ફિલ્મ મૂળ ૨૦૨૦માં રિલીઝ કરવાનો પ્લાન હતો. પરંતુ કોરોનાને કારણે તે અટકી પડી હતી. ફિલ્મમાં સાઉથ ઈન્ડિયાના કલાકારોએ ભૂમિકા ભજવી છે. ફિલ્મમાં એ. આર. રહેમાનનું સંગીત છે. તમિલ ઉપરાંત ,મલયાલમ અને તેલુગુ તથા કન્નડમાં પણ તે રજૂ થવાની છે.

જોકે, ભૂતકાળમાં કોઈ ક્રિકેટરને એક્ટિંગમાં સફળતા મળી નથી. સૈયદ કિરમાણી, સંદિપ પાટિલ, અજય જાડેજા તથા વિનોદ કાંબલી એક અથવા બીજા તબક્કે એક્ટિંગમાં હાથ અજમાવી ચૂક્યા છે. પાકિસ્તાની ક્રિકેટર મોહસીન ખાને પણ બોલીવૂડની કેટલીક ફિલ્મોમાં કામ કર્યું હતું.

# પોનીયિન સેલ્વનમાં ઐશ્વર્યાનો ફોટો થયો વાયરલ, શાહી લુકમાં જોવા મળી ઐશ



અભિનેત્રી ઐશ્વર્યા રાય તેની ફિલ્મ પોનીયિન સેલ્વનને લઈને ચર્ચામાં છે. ફિલ્મનું ધમાકેદાર ટીઝર પણ રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મનું ટીઝર જોયા બાદ દર્શકોની ઉત્સુકતા વધી ગઈ છે. ચાહકો હવે આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે ઐશ્વર્યા રાય બચ્ચનની ફિલ્મ પોનીયિન સેલવાન વાલેના લૂકના વખાણ અને ચર્ચા થઈ રહી છે. હાલમાં જ આ ફિલ્મના સેટ પરથી ઐશ્વર્યા રાય બચ્ચનની એક તસવીર સામે આવી છે. ઐશ્વર્યા રાય બચ્ચનની આ તસવીર પણ ઈન્ટરનેટ પર ખૂબ વાયરલ થઈ રહી છે. આમાં ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી છે. વાયરલ તસવીરમાં ઐશ્વર્યા રાય બચ્ચન લાલ સાડી પહેરીને ક્રૂ મેમ્બર સાથે ખુશીથી પોઝ આપતી જોઈ શકાય છે. તેમના નામના ફેન પેજ પર આ તસવીર સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. ફેન્સને ઐશ્વર્યાનો ફોટો ખૂબ જ પસંદ આવી રહ્યો છે.

# 'લાઇગર'માં ખરાબ એક્ટિંગના કારણે ટ્રોલ થઇ અનન્યા, નારાજ નેટિઝન્સે કહ્યું- કાસ્ટ કરવાનું બંધ કરો...



વિજય દેવેરાકોંડા અને અનન્યા પાંડેની ફિલ્મ લાઈગર 25 ઓગસ્ટે રિલીઝ થઈ છે. પરંતુ જે રીતે લોકો આ ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા તે ફિલ્મ તેમની અપેક્ષાઓ પર ખરી ઉતરી નથી. ફિલ્મ દર્શકોને કંઈ ખાસ પસંદ નથી આવી રહી, વિવેચકો પણ નેગેટિવ રિવ્યુ આપી રહ્યા છે. જો કે દર્શકો વિજય દેવરાકોંડાના અભિનયની પ્રશંસા કરી રહ્યા છે, પરંતુ અનન્યા પાંડેની નબળી એક્ટિંગને કારણે ખૂબ ટ્રોલ થઈ રહી છે. અનન્યાની એક્ટિંગથી નારાજ નેટીઝન્સે તેને ફિલ્મોમાં કાસ્ટ કરવાનું બંધ કરવાનું પણ કહ્યું હતું. અનન્યા પાંડે ફિલ્મ રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે. યૂઝર્સ એક્ટ્રેસને ખરાબ રીતે ટ્રોલ કરી રહ્યા છે. એક ટ્વિટર યુઝરે લખ્યું કે લાઈગર એક ખરાબ ફિલ્મ છે, તેમાં કોઈ શંકા નથી પણ હું અનન્યા પાંડેની ફિલ્મમાં ખરાબ એક્ટિંગને સહન કરી શક્યો નહીં. યુઝરે ત્યાં સુધી લખ્યું કે અનન્યા પાંડેને તેલુગુ ફિલ્મોમાં કાસ્ટ કરવાનું બંધ કરો.

# ઘરઆંગણે સુપર ફ્લોપ 'લાલસિંહ ચઢ્ઢા'એ વિદેશોમાં કરી 60 કરોડની કમાણી



ભારતમાં આમીર ખાનની બહુ ગાજેલી લાલ સિંહ ચઢ્ઢા ફિલ્મ સુપર ફ્લોપ પૂરવાર થઈ છે. જોકે જે ફિલ્મને ભારતમાં લોકોએ નકારી કાઢી છે તે ફિલ્મ વિદેશમાં સારી એવી કમાણી કરી રહી છે. લાલ સિંહ ચઢ્ઢાએ ભારતમાં 13 દિવસમાં માત્ર 57 કરોડ રૂપિયાની કમાણી કરી છે તો વિદેશોમાં આ ફિલ્મ રિલિઝ થયાના એક સપ્તાહમાં 60 કરોડ રૂપિયા કમાઈ ચુકી છે.

વિદેશી થીયેટરોમાં કમાણીની બાબતમાં લાલ સિંહ ચઢ્ઢાએ ભુલ ભુલૈયા-2, કાશ્મીર ફાઈલ્સ અને ગંગુબાઈ કાઠીયાવાડી જેવી હીટ ફિલ્મોને પાછળ પાડી દીધી છે.લાલ સિંહ ચઢ્ઢાની વિદેશી બોક્સ ઓફિસ પરની કમાણી 7.5 મિલિયન ડોલર થઈ છે. જ્યારે ગંગુબાઈએ વિદેશોમાં 7.47 મિલિયન ડોલર, ભુલ ભુલૈયાએ 5.88 મિલિયન ડોલર અને કાશ્મીર ફાઈલ્સે 5.7 મિલિયન ડોલરની કમાણી કરી હતી.

જોકે આમીરની ફિલ્મ વિદેશમાં આરઆરઆરના કલેક્શનની નજીક પણ ફરકી શકી નથી. ઘરઆંગણે આમીરની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફસડાઈ પડી છે. 23 ઓગસ્ટે આ ફિલ્મનુ કલેક્શન ઘટીને માત્ર 65 લાખ રૂપિયા થયુ હતુ.

# કંગનાની ઈમરજન્સીમાં મિલિંદ સોમન માણેકશાની ભૂમિકામાં દેખાશે

એક્ટર અને મોડલ મિલિંદ સોમન ફિલ્મ ઈમરજન્સીમાં ફિલ્ડ માર્શલ સેમ માણેકશોની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ફિલ્મને કંગના રનૌત ડિરેક્ટ કરી રહી છે. ગુરુવારે ફિલ્મ નિર્માતાઓએ આ વિશે માહિતી આપી હતી. આ ફિલ્મ ઈમરજન્સી પર આધારિત છે. કંગના રનૌત આ ફિલ્મનું નિર્દેશન કરવાની સાથે ઈન્દિરા ગાંધીનું પાત્ર પણ ભજવી રહી છે. તમને જણાવી દઈએ કે કંગના રનૌતે ફિલ્મની સ્ક્રિપ્ટ પણ લખી છે. ફિલ્મોમાંથી ઘણી સ્ટારકાસ્ટના નવા લુક્સ પણ સામે આવ્યા છે. તમને જણાવી દઈએ કે સેમ માણેકશા 1971ના યુદ્ધમાં ફિલ્ડ માર્શલ હતા. અને આ ફિલ્મમાં મિલિંદ સોમનના પાત્ર વિશે અભિનેત્રી કંગના રનૌતે કહ્યું કે, સેમ માણેકશા સ્પષ્ટ વિઝનના માણસ હતા અને આ ફિલ્મમાં તેમનો રોલ ખૂબ જ સારો હતો. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે ગાંધી અને સેમ માણેકશા જેવા બે મજબૂત ઈચ્છા ધરાવતા લોકોએ સાથે મળીને પાકિસ્તાન સામે યુદ્ધ લડ્યું હતું. આ ફિલ્મ ભારતના રાજકીય ઈતિહાસની એક મહત્વપૂર્ણ ઘટના પર આધારિત છે.




# કિસી કા ભાઈ કિસી કી જાન: સલમાન ખાને ત્રીજીવાર ફિલ્મનું બદલ્યું નામ

અગાઉ ભાઈજાન પછી કભી ઈદ કભી દિવાલી, બાદમાં ફરી ભાઈજાન અને હવે નવું નામ આપ્યું સલમાને તેની નવી ફિલ્મ માટે કિસી કા ભાઈ કિસી કી જાન એવું નવું ટાઈટલ જાહેર કર્યું છે. આ ફિલ્મનું ટાઈટલ ત્રીજી વખત બદલવામાં આવ્યું છે. આ ફિલ્મ શરુઆતમાં ભાઈજાન નામે બનવાની હતી. ત્યારે નડિયાદવાલા પ્રોડક્શન હાઉસના નેજા હેઠળ તેનું નિર્માણ થવાનું હતું. બાદમાં સલમાન ખુદ આ ફિલ્મના સહ નિર્માતા તરીકે જોડાયો હતો અને તેણે ટાઈટલ બદલીને કભી ઈદ કભી દિવાલી એમ સૂચવ્યું હતું. જોકે, હજુ થોડા સમય પહેલાં ફરી આ ફિલ્મનું ટાઈટલ બદલીને ભાઈજાન કરવામાં આવ્યું હતું. એ વખતે કેટલાક લોકોએ સલમાનને અભિપ્રાય આપ્યો તો કે ભાઈજાન નામ રાખવાથી તે એક ચોકક્સ સમુદાયના લોકો માટેની ફિલ્મ હોવાની છાપ ઊભી થશે. એ પછી સલમાને કિસી કા ભાઈ, કિસી કી જાન એવું ટાઈટલ નક્કી કર્યાનું માનવામાં આવે છે. સલમાને પોતાને અભિનેતા તરીકે ૩૪ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે આ ફિલ્મનો લૂક જાહેર કર્યો હતો.



# ઓટીટીએ અમને ખોળે લઈ લીધાં, તેથી અમારું કામ તો ચાલતું જ રહે છે : મનોજ બાજપાયી

મનોજ બાજપાયી હંમેશાં ચીલો ચાતરીને બનાવાતી ફિલ્મોમાં કામ કરવા જાણીતા છે. તેમણે આ ઈન્ડસ્ટ્રીમાં માત્ર કીર્તિ-કલદાર માટે ક્યારેય કામ નથી કર્યું. તેથી જ તે મુખ્ય ધારાની મસાલા ફિલ્મોમાં તેઓ ભાગ્યે જ જોવા મળ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી હિન્દી ફિલ્મો બોક્સ ઑફિસ પર ઊંધા માથે પટકાઈ રહી છે, પરંતુ મનોજને તેની જરાય ચિંતા નથી. તેઓ કહે છે, 'ઓટીટીએ અમને ખોળે લઈ લીધાં છે. તેથી અમારું કામ તો ચાલતું જ રહે છે. બાકી હું મોટા પડદાના મોહમાંથી ક્યારનો બહાર આવી ગયો છું. તેથી જ હું ઈન્ડિપેન્ડન્ટ સિનેમા તરફ વળી ગયો છું. બાકી જ્યાં સુધી મોટા પડદે ફિલ્મો ન ચાલવાની વાત છે તો મને કહેવા દો કે આ સમસ્યા હંગામી છે. આપણે પરિવર્તનકાળમાંથી પસાર થઈ રહ્યા છીએ. આ સ્થિતિ કાયમ નથી રહેવાની. બાકી આપણા ટોચના કલાકારો દશકાઓથી દર્શકોનો પ્રેમ પામતા આવ્યા છે. તેથી તેમની સામે શંકાની સોય ચીંધવાનો કોઈ અર્થ નથી.'



### વિધાનસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે ગુજરાત વંદન દ્વારા 'ગુજરાત ચૂંટણીઓ-2022' સીરીઝ દ્વારા સમીક્ષા

# અમરાઈવાડીમાં પ્રજાકીય કામોને લઇને સામસામે દાવા-પ્રતિદાવા

## હું અસલી જનનાયક, પ્રજાકીય કામો મારો જીવનમંત્ર અનેક કામો કર્યા લોકો ખુશ છે: જગદીશ પટેલ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડધમ સંભળાઇ રહ્યાં છે.. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જંગ કદાચ ઈતિહાસમાં સૌથી વધુ રસપ્રદ રહે તેમ છે..દરેક વખતે ચૂંટણીમાં મુખ્ય પ્રતિસ્પર્ધીઓ તરીકે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામતો હોય છે, પરંતુ આ વખતે આમ આદમી પાર્ટીની એન્ટ્રી થઇ છે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ખુદ ગુજરાતની ઉપરાઉપરી મુલાકાતે આવી પ્રજાલક્ષી નવી નવી ગેરંટીઓ આપી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસે દાવો કર્યો છે કે, ગુજરાતમાં 27 વર્ષના ભાજપ શાસનમાં વિકાસના કાર્યો થયા નથી, માત્ર વાતો જ કરી છે.

પ્રજામાં એક વર્ગ પણ એવું માની રહી છે, દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારી માટે સત્તાવાળાઓ જવાબદાર છે. તો એક વર્ગ એવું માને છે કે ભાજપના શાસનમાં વિકાસના કાર્યો થયા છે. સામસામે દાવાઓ-પ્રતિદાવાઓનો દૌર ધારાસભ્ય સુધી પહોંચ્યો છે. ધારાસભ્યો ચૂંટણીઓના સંદર્ભમાં શું વિચારે છે અને કેવી તૈયારીઓ ચાલે છે એ ગુજરાત ચૂંટણીઓ-2022 સિરીઝમાં અમરાઈવાડીના ભાજપના ધારાસભ્ય જગદીશ પટેલની મુલાકાતમાં વિવિધ મુદ્દે પ્રજાકીય કામગીરી વિશે કરેલા દાવાઓ અને તેમની સામે ચૂંટણીમાં હારેલા કોંગ્રેસના ઉમેદવારના પ્રતિદાવાઓનો સવિસ્તાર અહેવાલ ગુજરાત વંદન દ્વારા આપવામાં આવ્યો છે.અસલી જનનાયક એ છે જે લોકોની સમસ્યાઓ સામે લડીને સુવિધા આપે. આજના યુગમાં રોટી, કપડા અને મકાનના નારા ઉંચા છે, આવા સમયે વિવિધ પ્રાથમિક સુવિધાઓથી વંચિત લોકોને સુવિધા આપવી એ પણ એટલું જ મુશ્કેલ કામ છે પણ અશક્ય નથી. આ મુશ્કેલ કાર્યને પોતાનો જીવનમંત્ર બનાવનાર ધારાસભ્યનું નામ છે જગદીશ પટેલ. અમરાઇવાડી બેઠક પર 2019માં પેટા ચૂંટણીમાં 5 હજાર મતોથી જીતેલા જગદીશ પટેલે ગુજરાત વંદન અખબારના સંવાદદાતા સાથેની મુલાકાતમાં કહ્યું કે તેઓ છેલ્લા ત્રણ વર્ષથી તેઓ આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છે. ધારાસભ્ય તરીકે તેમની સરકાર તરફથી મળતી સમગ્ર ગ્રાન્ટ વિસ્તાર માટે ખર્ચી નાખી છે. જેમાં અમરાઈવાડીમાં 40 થી 50 વર્ષ જૂની ઝૂંપડપટ્ટીઓ અને અહીં એવી કોઈ સોસાયટી કે શેરી નહી હોય કે જ્યાં તેમની ગ્રાન્ટમાંથી કે રોડ-બ્લૉક ન બન્યા હોય.

તેમનો દાવો છે કે ધારાસભ્યને મતવિસ્તારમાં પ્રજાકીય કામો માટે વર્ષમાં મળતી 1.50 કરોડની ગ્રાન્ટ તેમણે વિસ્તારના વિકાસ માટે ખર્ચી છે. એટલું જ નહીં, આ પહેલો કિસ્સો હશે જેમાં અન્ય ધારાસભ્યોએ પણ અમરાઈવાડી વિસ્તારના વિકાસ માટે ગ્રાન્ટ આપી છે. તેમના કામોની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, ભાઈપુરા વોર્ડમાં પાણીની સમસ્યા હતી, અહીં પાણીની ટાંકી, ઈન્દ્રપુરીમાં પાણીની ટાંકી, ઘોડાસરમાં પુસ્તકાલય, વરિષ્ઠ નાગરિકો માટે બગીચો અને ભાઈપુરામાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યાં છે.

તેમણે કહ્યું કે એમપી ફંડમાંથી એમના વિસ્તારમાં પ્રથમ સરકારી સ્માર્ટ સ્કૂલ બનાવી છે. આ શાળામાં વિધાર્થીઓના પ્રવેશ ફુલ થઈ ગયા છે અને 260 ખાનગી વિદ્યાર્થીઓના પ્રવેશ બાકી છે. આ શાળામાં બાળકોને સ્માર્ટ બનાવવા દરેક પ્રવૃત્તિ કરવામાં આવે છે. ઈસરોની જેમ શાળામાં પણ વિશેષ વિજ્ઞાન કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. અહીં બાળકોને વિજ્ઞાન વિશે શીખવવામાં આવે છે.

અમરાઈવાડી વિસ્તારમાં અહીં 40 થી 50 વર્ષ જૂની ઝૂંપડપટ્ટી છે. અહીં કુલ અપગ્રેડ છે. અહીં ગટરની સંપૂર્ણ નવી લાઇન નાખવામાં આવી છે. અહીંયા એક પણ સોસાયટી કે એકપણ શેરી નથી કે જ્યાં રોડ, બ્લોક અને સ્ટ્રીટ લાઈટ ના થાંભલા ન હોય.

### કોરોનામાં આખી ગ્રાન્ટ એલજી હોસ્પીટલને આપી



કોરોનાની ભયાનક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે કોરોના દરમિયાન તેમની ટીમ 24 કલાક લોકોની મદદ કરવામાં લાગી હતી. તેમની ટીમના 150 થી 200 લોકો 24 કલાક લોકોની મદદ કરીને જીવ બચાવ્યાં છે.કોરોનાકાળમાં તેમણે ગરીબોને રાશન કીટ આપી. અન્ય પ્રાંતના લોકોને 16 બસો દ્વારા તેમના ગામ-વતનમાં સુરક્ષિત મોકલવામાં આવ્યા હતા. આટલું જ નહીં, તેમણે એલજી હોસ્પિટલને તેની સંપૂર્ણ એક વર્ષની ગ્રાન્ટ આપી હતી. અમરાઈવાડી વિસ્તારમાં મોટા ભાગની વસ્તી પરપ્રાંતિય લોકોની છે તે સંદર્ભે તેમણે કહ્યું કે જો ઉત્તર ભારતીયો ગુજરાતમાં ન આવ્યા હોત તો ગુજરાતનો વિકાસ થયો ન હોત. લગભગ તમામ નાની મોટા ફેકટરીઓ, એકમોમાં મહેનતનું કામ પરપ્રાંતના ખડતલ શ્રમિકો કરી રહ્યાં છે. જો પરપ્રાંતના લોકો ગુજરાતમાંથી જતાં રહે તો અમદાવાદ તો ઠીક પણ આખા ગુજરાતમાં ફેક્ટરીઓ ઠપ્પ થઇ જાય.

## ધારાસભ્ય મારી સાથે આવે હું બતાવુ કે કેટલા કામો થયા, ભાજપના દાવા સાવ ખોખલા:ધામભાઇ પટેલ



ગુજરાત | વંદન

અમરાઈવાડી વિધાનસભામાં ભાજપ વિરૂદ્ધ પેટા ચૂંટણીમાં પરાજીત પામેલા કોંગ્રેસના ઉમેદવાર ધર્મેન્દ્ર પટેલ કે જેઓ ધામભાઈ પટેલના હુલામણાં નામે ઓળખાય છે તેમને 43129 મતો મળ્યા હતા જ્યારે જગદીશ પટેલને 48657 મતો મળ્યા હતા. તેથી એમ કહી શકાય કે ધામભાઈ પાંચ હજારના મતે હાર્યા હતા. ભાજપના ધારાસભ્યના પ્રજાકીય કામોના દાવા અંગે ગુજરાત વંદને ધામભાઈને પૂછતાં તેમણે દાવો કર્યો કે અમરાઈવાડી વિધાનસભામાં એક પણ રસ્તો, ડ્રેનેજ લાઇન તેમજ પાણીની લાઈન યોગ્ય નથી. ગુજરાત સરકારે જાહેર કરેલી 'નલ સે જલ' યોજના લાગુ કરી છે, પરંતુ અમરાઈવાડી વિસ્તારમાં અનેક એવા ઘરો છે કે જેમણે પૂરતુ પાણી પણ નથી મળતું. એટલું જ નહીં ગટરનું પ્રદૂષિત પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જાય છે, જેનાથી લોકોના સ્વાસ્થ્ય જોખમાય છે. ચોમાસામાં રોડ, રસ્તાઓ તો દુર લોકોના ઘરોમાં ત્રણ-ત્રણ ફૂટ પાણી ભરાઇ જાય છે...! લોકો આવા કપરા સમયમાં કોર્પોરેટર અને ધારાસભ્યો પાસે મદદ માંગે છે, પણ કોઇ તેમણે મળવા આવતું નથી, કે ન તો મદદ પૂરી પાડતા હોય છે.

ધામભાઈ કહે છે કે, અમે 27 વર્ષથી સત્તામાં નથી, છતાં ઘરે-ઘરે જઇને લોકોની મદદ કરતા હોઇએ છીએ. ભાજપા સરકારે સૌનો સાથ સૌનો વિકાસના નામે પોતાનો જ વિકાસ કર્યો જ્યારે અમરાઈવાડીની અને ગુજરાતની પ્રજા તો ઠેરની ઠેર છે. ભાજપ અને જગદીશભાઈ દ્વારા માત્રને માત્ર હવાઇ વાતો અને દાવા છે.. ખોખરામાં અનુપમ બ્રિજ બનાવવામાં ખાસ્સા પાંચ વર્ષથી વધુનો સમય લાગી ગયો, જેના કારણે જનતા પરેશાન થઇ હતી. એટલું જ નહીં હાટકેશ્વર બ્રિજ પાંચ વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હતો, જેમાં હાલમાં મસમોટા ગાબડાઓ પડી રહ્યા છે અને આ ગાબડા ભાજપના ભ્રષ્ટાચારનો પુરાવો છે. ધામભાઈએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે અનુપમ બ્રિજ બનાવવા માટે ઘણો સંઘર્ષ કર્યો હતો, ત્યારબાદ જ આ બ્રિજ બનાવવામાં આવ્યો છે. ભાજપની સરકાર છતાં તેમના ધારાસભ્ય દ્વારા પાંચ-પાંચ વર્ષ વીતી ગયા તો ય પુલ બનાવવાની તસ્દી લીધી નહોતી. સ્માર્ટ સ્કૂલના દાવા અંગે તેમણે પડકાર ફેંકતા કહ્યું કે જો જગદીશ પટેલે સ્માર્ટ સ્કૂલ બનાવી છે તો હું ધારાસભ્યને ચેલેન્જ કરું છું કે પ્રજાને એ સ્માર્ટ સ્કૂલ બતાવો... અમે તેની મુલાકાત લેવા જઈશું.

ધામભાઈએ ભાજપના ધારાસભ્ય સામે ગંભીર આરોપ લગાવ્ય કે, કોરોનાના સમયગાળા દરમિયાન ધારાસભ્યએ પર પરપ્રાંતિયોને વતન મોકલવા માટે 300થી 400 રૂપિયા ઉઘરાવ્યા હતા. ધારાસભ્યએ આ પૈસા લીધા અને તેમની પાર્ટીને આપ્યા. એકપણ પરપ્રાંતિય કોરોનાકાળમાં અહીંથી પૈસા આપ્યા વિના પોતાના વતન તેમના ઘરે ગયા નથી. આ પૈસા ભાજપના એજન્ટો લઈ ગયા હતા.

ભાજપના ધારાસભ્યનું કહેવું છે કે આખી ગ્રાન્ટ ખર્ચાઈ ગઈ છે તો અમરાઈવાડીમાં પ્રજાકીય કામોનો વિકાસ કેમ દેખાતો નથી..? ધારાસભ્યો બજેટના નામે પ્રજાના ટેક્સના પૈસા લઈ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. ધમાભાઈએ હુંકાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાત વંદન અખબાર દ્વારા હું ભાજપના ધારાસભ્ય જગદીશ પટેલને ચેલેન્જ કરું છું કે, મારી કારમાં બેસીને બે દિવસ મતવિસ્તારની મુલાકાત લો, પછી મને જણાવો કે તેમણે મતવિસ્તાર માટે શું કર્યું...?

### અરવિંદ ચૌહાણે પણ જગદીશ પટેલને પડકાર્યા...



જગદીશ પટેલે દાવો કર્યો છે કે વિકાસના તમામ કામો કર્યા છે, તમામ ગ્રાન્ટ પ્રજાના વિકાસલક્ષી કાર્યોમાં વાપરી છે. જો કે તેમના આ દાવા અમરાઈવાડીના પૂર્વ કોર્પોરેટર અને કોગ્રેસના પ્રદેશના પૂર્વ મહામંત્રી અરવિંદભાઈ ચૌહાણએ ફગાવી દીધા છે. તેમણે કહ્યું છે કે વિકાસના કામો થયા નથી. પાણીની ટાંકી પહેલેથી બનેલી છે, તેમજ રસ્તાઓ પહેલાની જે સ્થિતિમાં હતા તેમ જ છે. પૂર્વ કોર્પોરેટરે દાવો કર્યો છે કે, ખોખરા બ્રિજનું કામ પાંચ વર્ષમાં પણ થઈ શક્યું નથી. આ પુલ પૂર્વથી પશ્ચિમ તરફ જવા માટે મહત્વપૂર્ણ છે. ગુજરાતમાં અને દેશમાં સરકાર તેમની છે અને તેઓ ધારાસભ્ય હોવા છતાં આ કામ કરાવી શકતા નથી. ધારાસભ્ય બન્યા પછી તેમના વિસ્તારમાં એવું કોઈ કામ થયું નથી જે લોકોને દેખાય. જે અગાઉ થયેલા કામોને વિકાસના નામે ગણાવી રહ્યા છે. હાટકેશ્વરથી ખોખરા સુધીના પુલની હાલત અત્યંત ખરાબ છે, ત્યાં ખાડાઓ જોવા મળે છે. ભાઈપુરા, અંબિકામાં રસ્તાઓના કામ થયા નથી. ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. સ્માર્ટ શાળાની વાત કરતા પૂર્વ કોર્પોરેટર અરવિંદભાઈએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય જગદીશ પટેલના નેતૃત્વમાં અમરાઈવાડીમાં એક પણ શાળા બનાવવામાં આવી નથી, જૂની શાળાને રંગરોગાન કરીને રંગીન કરવામાં આવી છે, સ્માર્ટ નહીં..અને તેને માત્ર સ્માર્ટ સ્કૂલનું નામ આપવામાં આવ્યું છે.

### ધારાસભ્યની કામગીરી અંગે શું કહે છે સ્થાનિકો...

અમરાઈવાડી વિસ્તારના નવનીત ચાર રસ્તાથી પારસમણી ચાર રસ્તા સુધીનો રોડ બિસ્માર હાલતમાં છે. તાજેતરમાં થયેલા વરસાદને કારણે રસ્તો બેસી ગયો છે. જેથી રાહદારીઓને સાવચેતી રાખી અવરજવર કરવા ચેતવણીવારૂ બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે. સ્થાનિક હર્ષદભાઈએ જણાવ્યું છે, તંત્ર કે કોઈ નેતા આ તરફ ડોકિયુ પણ કરતા નથી, રસ્તાઓની હાલત એટલી ખરાબ છે કે આવતા જતાં વાહનચાલકો હાલાકીનો સામનો કરવો પડે છે. સ્થાનિક રાજુભાઈ પટેલે જમાવ્યું હતું કે, અઠવાડિયા પહેલા સમારકામ કરાયેલા પારસમણી રોડ ફરી બેસી ગયો છે. બીજી તરફ, સ્થાનિક નિસારભાઈએ પોતાની વેદના ઠાલવતા જણાવ્યું હતું કે, પારસમણી ખાતે રોજ ગટરો ઉભરાય છે. ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળે છે, જેનાથી રોગચાળાની ભીતિ સેવાઇ રહી છે. નોંધનિય છે કે, અમરાઈવાડી વિસ્તારમાં આવેલા છત્રપતિ શિવાજી બ્રિજ ઉપર અવાર નવાર ગાબડાઓ પડતાં હોય છે, ત્યારે ફરીવાર ગાબડાઓ પડતાં બે મહિના માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવતા ટ્રાફિકની સમસ્યાઓ વિકટ બનતી જઇ રહી છે. એટલું જ નહીં, રખડતા પશુઓનો પણ ત્રાસ અમરાઈવાડી વિસ્તારમાં જોવા મળે છે. મેટ્રોબ્રિજ નીચે રખડતાં પશુઓનો અડીંગો જોવા મળે છે.










---

#### કેન્દ્ર સરકારે ગુજરાતના ગરબાને યુનેસ્કોની યાદીમાં સામેલ કરવા માટે નામાંકન કર્યું

## ગૌરવ વધશે! : ગુજરાતના ગરબાને મળશે વૈશ્વિક ઓળખ..



ગુજરાત | વંદન

ગુજરાતનું નામ લેવામાં આવે તો એક ચિત્ર ઉભું થાય અને તે છે ગરબા રમતા ગુજરાતીઓનું. ગુજરાતમાં નવરાત્રિના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. અને ગુજરાતીઓ માટે તો કહેવાય છે કે તેમને ગરબા કરવા માટે નવરાત્રિની પણ રાહ જોવાની જરૂર નથી હોતી. લગ્ન હોય, જન્મદિવસ હોય, મેચ જીત્યા હોય કે પછી કોઈ પણ તહેવાર હોય, ગુજરાતીઓની ઉજવણી ગરબા વગર અધૂરી છે. ગુજરાતના આ જ ગરબાને હવે વૈશ્વિક ઓળખ મળવા જઈ રહી છે. યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં ગુજરાતના ગરબાને સ્થાન મળી શકે છે. ઉલ્લેખનીય છે કે એક વર્ષ પહેલા જ કલકત્તાની દૂર્ગા પૂજાને આ યાદીમાં સ્થાન મળ્યુ હતું. હવે ભારત સરકારે ગુજરાતના ગરબાને યાદીમાં સામેલ કરવા માટે નામાંકન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે યુનેસ્કોની યાદીમાં ભારતના અનેક સ્મારકોને સ્થાન મળ્યું છે. અમદાવાદ શહેરને પણ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખવામાં આવે છે. ભારત તહેવારો, મેળાઓ અને સંસ્કૃતિઓનો દેશ છે. આ સંસ્કૃતિ ભારતની આગવી ઓળખ છે. આ સંસ્કૃતિની ચર્ચા દુનિયાભરમાં થાય છે. ભારતના માત્ર સ્થાપત્યો જ નહીં, 14 અમૂર્ત વારસાને પણ UNESCOની યાદીમાં સ્થાન મળ્યું છે. યુનેસ્કોના અમૂર્ત સાંસ્કિત વારસાના સેક્રેટરી ટીમ કર્ટિસ જણાવે છે કે, આ નામાંકનને આગામી વર્ષ માટે ધ્યાનમાં લેવામાં આવશે. વર્ષ 2023માં ટીમ દ્વારા આ નામાંકનનું પરીક્ષણ કરવામાં આવશે અને ફાઈલ્સ જોવામાં આવશે. 2023ના અંત સુધીમાં કમિટી દ્વારા નિર્ણય સંભળાવવામાં આવશે.

## NCRB રિપોર્ટમાં મોટો ખુલાસો, ગુજરાતમાં પોલીસ કસ્ટડીમાં સૌથી વધુ મોત

ગુજરાત | વંદન

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના 2021ના અહેવાલ મુજબ, ગુજરાતમાં સતત બીજા વર્ષે સમગ્ર ભારતમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કસ્ટોડિયલ મૃત્યુની સૌથી વધુ સંખ્યા નોંધાઈ છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ ગુજરાતમાં પોલીસ કસ્ટડીમાં થયેલા મૃત્યુની સંખ્યામાં એક વર્ષમાં 53 ટકાનો વધારો નોંધાયો છે. NCRB 2020 (NCRB 2020 રિપોર્ટ) ડેટા અનુસાર, આવા 15 કેસ નોંધાયા હતા. ભારતની વાત કરીએ તો 2020માં 76ની સરખામણીમાં 2021માં કુલ 88 મૃત્યુ થયા છે. ગુજરાત પછી મહારાષ્ટ્રનો નંબર આવે છે, જ્યાં 2021માં 21 કસ્ટોડિયલ મૃત્યુ થયા હતા.

### ગુજરાતમાં પોલીસ કસ્ટડીમાં 23 મોત થયા છે

ગુજરાતમાં, 23 મૃત્યુમાંથી, 22 પોલીસ કસ્ટડી અથવા લોક-અપમાં મૃત્યુ પામ્યા હતા જ્યારે તેઓ રિમાન્ડમાં ન હતા, જ્યારે એકનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું હતું. પોલીસ કસ્ટડીમાં મૃત્યુના કારણોમાં આત્મહત્યા દ્વારા નવ મૃત્યુનો સમાવેશ થાય છે, બીમારીથી પીડાતા અન્ય નવ લોકો બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા હતા, પોલીસ કસ્ટડીમાં ઘાયલ થયેલા પોલીસ દ્વારા શારીરિક હુમલાને કારણે બે મૃત્યુ પામ્યા હતા... અને કસ્ટડીમાંથી એક ભાગી જવાનો પ્રયાસ કરતી વખતે કથિત રીતે મૃત્યુ પામ્યા હતા.

### 2020 માટે NCRB ડેટા શું કહે છે?

નોંધપાત્ર રીતે, નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો 2021 ના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે 2020 માં આવી કોઈ ધરપકડ કરવામાં આવી ન હતી તેની સરખામણીમાં ગુજરાતમાં 12 પોલીસકર્મીઓની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, 2020 માં પોલીસ દ્વારા શારીરિક હુમલાને કારણે પોલીસ કસ્ટડી દરમિયાન ઈજાઓ થવાથી કોઈનું મૃત્યુ થયું નથી.

## ભાજપના ગુંડાઓએ હુમલો કરાવી અમને ડરાવવાનો પ્રયાસ કર્યો: ઈટાલિયાનો દાવો

■ 'આપ' પ્રદેશના પ્રમુખે વીડિયો સંદેશામાં ભાજપના આગેવાનોને અપમાનિત કર્યા



ગુજરાત | વંદન

સુરતમાં આપ પાર્ટીના પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા પર થયેલા જીવલેણ હુમલાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આપ પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ વાયરલ કરેલ એક વીડિયો સંદેશામાં સોરઠિયા પર ભાજપના ગુંડા તત્વોએ લોહિયાણ હુમલો કર્યાના દાવો કર્યો છે. દિલ્હીથી આપના નેતા અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ટ્વિટ કરીને સોરઠિયા પરના હુમલાને વખોડી કાઢી તેની તટસ્થ તપાસની માંગણી કરી છે.

દરમિયાનમાં ગોપાલ ઈટાલિયાએ વાયરલ કરેલા વીડિયો સંદેશામાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી સામે બેફામ આક્ષેપો કરીને તેમના માટે માજી બુટલેગર અને ડ્રગ્સ સંઘવી એવા ઉચ્ચારણો કરીને વીડિયોમાં વારવાંર 'ભાજપના ગુંડાઓ... ભાજપના લુખ્ખાઓ.. ભાજપના અસામાજિક તત્વો...' જેવા શબ્દો વારંવાર ઉચ્ચારીને પાટીલ અને હર્ષ સંઘવીને અપમાનિત કરવાનો પ્રયાસ કર્યો છે.તેમણે આ વીડિયો સંદેશામાં ભાજપ પર વધુ પ્રહારો કરતા એમ પણ કહ્યું કે, સત્તા આજે છે કાલે નથી. સત્તામાં તમે છકી ગયા છો અને સોરઠિયા પરના હુમલાનો બદલો લેવામાં આવશે. 27 વર્ષ સત્તામાં રહ્યા છત્તા ભાજપને હવે આપ પાર્ટીનો ભય લાગી રહ્યો છે એટલે અમારી પાર્ટીના આગેવાનો પર હિંસક હુમલાઓ થઈ રહ્યા છે. દરમિયાન ભાજપે ઈટાલિયાના વીડિયો સંદેશાની ભારે આલોચના કરી છે.

